

JAGATNI PRAJAONE

PURANI A. B.

અર્પણ પત્રિકા.

પુસ્તક હિંદના મહાત્મા

મોહનદાસ કરમચંદ ગાંધીને

એમની સંમતિથી

અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

અંબાલાલ પુરાણી.



સંપાદકના બે બોલ.

કપડવંજ પ્રજામંડળ ગ્રંથમાળાના પહેલા અંક તરીકે મહાત્મા ગાંધીજીના 'પંજાબના પત્રો' એ નામનું પુસ્તક આપવામાં આપવામાં આવ્યું હતું. પ્રજામંડળનું સર્વ કાર્ય માત્ર સાર્વજનિક કાર્ય તરીકેજ કરવામાં આવે છે. પંજાબના પત્રો છપાવવાનું ખર્ચ મારા મિત્ર રા૦ કેશવલાલ છોટાલાલ [illegible]દાસે આપ્યું હતું, તેના વેચાણમાંથી જે કંઈ [illegible] તેનો ઉપયોગ બીજું કોઈ ઉપયોગી પુસ્તક છપાવવામાં કરવાનો છે.

આ પુસ્તક છપાવવાનું રા૦ મંગળદાસ હરકી-[illegible]સે એ સ્વીકાર્યું છે તેથી કપડવંજના કોઈ ગ્રહસ્થને પૈસા માટે વિનંતિ કરી નથી. પ્રજામંડળ પોતાને જરૂર પુરતી નકલો લેશે. પુસ્તક ઉપર મંડળનો કોઈ જાતનો હક નથી રહેતો એ કહેવાની જરૂર નથી રહેતી.

હરિલાલ મ. દેસાઈ

મંત્રી, પ્રજામંડળ

કપડવંજ.

ઉપોદઘાત.

જગતમાં જુદા જુદા લોકો વસે છે તે બધા નો ચેતન હોય છે. દરેક લોકગણને તેનું પોતાનું વ્યકિતત્વ પણ છે. ફ્રેન્ચ અને જર્મન લોકનો મુલક એક બીજાની લગોલગ આવી રહ્યો છે, અને તે બે લોકસમૂહ વચ્ચે બીજું સામ્યપણું પણ ઘણું છે, તે છતાં એ બન્ને વચ્ચે એવા ભેદ આવી રહેલા છે કે જે ભેદોને આપણે તદન નજીવા ગણીને દુર મુકી શકીએ તેમ નથી.

જનસમૂહ—લોકગણ સજીવ છે એમ મેં ઉપર જણાવ્યું પણ "પ્રજાઓ" સજીવ હોતી નથી. પ્રજા એટલે સત્તાનો સંચો. પ્રજાત્વનાં નિશાનો આખા દુનિયામાં બધે એક સરખાંજ માલુમ પડી આવે છે. કેટલીકવાર પ્રજાઓમાં પણ ભેદ આપણને દેખાય છે, પણ તે ભેદ સંચાની શક્તિમાં જેવો ભેદ હોય છે તેવોજ હોય છે. એક સંચો ૫૦૦ હોર્સ પાવરવાળો હોય અને બીજો સંચો પચાસ હોર્સ પાવરનો હોય પણ સંચાતો બન્નેજ છે. દૈવયોગે પ્રજાના સખ્ત બંધારણમાં રહી ગયલી કોઈ ફાટ કે ચીરામાંથી મનુષ્યત્વ ડોકાઈ ઉઠે છે, ત્યારે લોકગણના જીવનનો આવિર્ભાવ થાય છે અને સજીવ લોકસમૂહને સંતોષ થાય છે,–પણ પ્રજાત્વના સંચાને એ વાત જરા રૂચતી નથી. જ્યાં જ્યાં મનુષ્યોનું મનુષ્યત્વ પ્રજા રૂપી યંત્રે પૂરેપૂરૂં લૂંટી લીધું હોય છે, ત્યાં ત્યાં મનુષ્યોને પ્રજાત્વ સિવાય બીજું કાંઇ પણ જણાશે નહિ. આખી દુનિયામાં પ્રજાકીય સંચાની વ્યવસ્થા

અને જનસમાજના જીવન વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે. એ ઝઘડો મધ્ય એશિયામાં માણસ અને કુદરત વચ્ચેના ઝઘડા જેવો છે. મધ્ય એશિયામાં માણસ ખેડાણ જમીનનો વિસ્તાર વધારવા મથતો, અને રણની રેતી તે જમીનપર વાવાઝોડાથી આવીને બધું રણ બનાવી દેતી. છેવટે, રેતીના ધસારાથી પરાજીત થઇ માણસે ત્યાં રહેવું બંધ કરી દીધું. જે જે પ્રજામાં ઉચ્ચ આદર્શો, અને પવિત્ર ભાવનાઓની અગત્ય ઓછી માનવામાં આવે છે, તે તે લોકમાં પ્રજાકીય બંધારણનું યંત્ર ઘણુંજ વ્યવસ્થિત ચાલે છે અને થોડા વખત માટે તો તે યંત્ર પોતેજ જીવવા માટે લાયક છે, એમ અભિમાન સાથે જગતને જાહેર કરે છે.

પણ જ્યારે પ્રજાત્વ જીવે છે ત્યારે લોકગણનો આત્મા તદન બેભાન હોય છે. જ્યાં જ્યાં પ્રજાત્વ જણાય છે ત્યાં ત્યાં એક સરખા પ્રકારની વસ્તુ સ્થિતિ આપણને જણાઇ આવે છે. આજકાલનાં મોટાં મોટાં શહેરોમાં આપણને પ્રજાત્વનું બાહ્ય દિગ્દર્શન થાય છે, તે બધાં શહેરો આખી દુનિયામાં સેન્ફ્રાન્સીસ્કોથી માંડીને લંડન સુધી અને લંડનથી જાપાનના ટોકીયો સુધી બધા જાણે એકજ પ્રકારનાં! તે શહેરો દ્વારા આપણે પ્રજાનું મુખ નહિ પણ તેના ઉપર ચઢાવેલો છુપો વેશ જોઇએ છીએ.

લોકસમૂહ તો વ્યક્તિની પેઠે સજીવ હોય છે. અને તેથી તેને નવીન વસ્તુઓ ઉત્પન્ન કર્યા વગર ચાલતું નથી. લોકસમૂહની એ નવીન, ઉત્પાદક શક્તિ તેના સાહિત્ય, કલા તત્વજ્ઞાન, સામાજીક બંધારણ, અને રૂઢિ વગેરેમાં આપણને જણાઇ આવે છે. આ બધા વિભાગો દરેક જનસમૂહમાં એક

બીજાથી તદ્દન વિભિન્ન હોય છે, પણ તેઓ વિરોધી હોતાં નથી. એક ઉજાણીમાં જુદી જુદી વાનીઓ પીરસવામાં આવે તેનાથી ઉજાણીના આનંદમાં વૃદ્ધિ થાય, તે પ્રમાણે તેમનું સમજવું.

પણ પ્રજાઓ નવું કાંઇજ ઉત્પન્ન કરતી નથી. તેઓ ભેગા કરે છે અને નાશ કરે છે. આપણે પેદાશ વધારવાની ગોઠવણ કરવાની જરૂર છે. વિનાશ કરવાનાં સાધનો પણ તૈયાર રાખવાની જરૂર હું સ્વીકારૂં છું. પણ જ્યારે લોભ અને કામના સાથે તેનો મેળાપ થાય છે ત્યારે માણસનું મનુષ્યત્વ તેઓ નાશ કરે છે–બધા જીવનને બેસુરૂં બનાવી મુકે છે અને મનુષ્ય જાતિનો ઇતિહાસ વાવાઝોડાની ઝડપે વિનાશકારક પરિણામ તરફ ઘસડાઈ જાય છે.

માણસોમાં મનુષ્યત્વ વધારે હોય છે ત્યાં આપણે જોઇશું કે માણસ પોતાના અંતરના આદર્શોથી પોતાનું જીવન નિયંત્રિત કરે છે, પણ જ્યાં આગળ શુષ્ક બંધારણ અથવા યાંત્રિક સંચો થઇ પડે છે ત્યાં જીવન પોતાનો વિકાસ કરી શકતું નથી. પ્રજાનાં શુષ્ક બંધારણ–નિયંત્રણથી કાંઇ પણ નવી વસ્તુ અસ્તિત્વમાં આવતી નથી, માત્ર તેનાથી જથ્થો વધે છે–એક સ્થળે ઘણો જમાવ થાય છે. એટલે પ્રજામાં જે કાંઇ બાંધકામ કરવામાં આવે છે તે બધુ બહારથીજ હોય છે. તેને અને આપણા અંતરને કાંઇ પણ સંબંધ હોતો નથી. એ મકાનમાં આપણે ઇંટ ઉપર ઇંટ મુકી સીમેન્ટથી આપણા વિજ્ઞાનના નિયમ પ્રમાણે તેમને સાંધીએ છીએ ખરા, પણ તેનો પાયો માણસના સ્વભાવમાં રહેલો છે. તે સ્વભાવના ઉપર એવો ભાર તમે હમેશા મેલો

કર્યાં જાઓ તે હમેશને માટે માણસનો સ્વભાવ સહન કરી શકતો નથી. છેવટ તદ્દન નજીવા કારણથી તમારી પ્રજાત્વની ઇમારત જરાક હાલી ઉઠે છે, આપણી બાંધેલી ઇમારત ઝુકે છે અને તેમાં ફાટો પડી જાય છે. અને એકવાર તે પડવા માંડે છે એટલે પછી તેને કેમ કરીને પડતાં અટકાવવી તે પણ આપણને નથી આવડતું. પડતાં પડતાં બધો વખત આપણને તે પતન અકારણ–નિરર્થક લાગે છે અને આપણે ગમે તેવાં ડાહ્યાં ડાહ્યાં વચનોથી તેને અટકાવવાનો પ્રયત્ન કરીએ તોપણ તે બાજી આપણા હાથમાંથી જતી રહેલી જણાય છે! નૈતિક ગુરૂત્વાકર્ષણ બધાં વજનોને સમતોલ કરવા માટે વસ્તુસ્થિતિને એટલે સુધી બદલી નાંખે છે.

માણસ જ્યારથી સમાજમાં રહેવા લાગ્યો ત્યારથી આપણને માલૂમ છે કે તેનો આદર્શ નિઃસ્વાર્થતા છે. પણ પ્રજાત્વ આવ્યું, એટલે પ્રજાનો આદર્શ તો સ્વાર્થ થઈ રહે છે. તેથીજ વ્યકિતમાં જ્યારે સ્વાર્થ જણાય છે ત્યારે તેનો તિરસ્કાર કરવામાં આવે છે, પરંતુ પ્રજામાં જ્યારે તે જણાય છે ત્યારે તેની સ્તુતિ કરવામાં આવે છે! આમ કરવાથી નીતિના વિચારો ગુંચવણમાં પડી જાય છે અને વ્યકિતનો ધર્મ અને પ્રજાનો ધર્મ જુદા પડે છે. આવા નૈતિક ગુંચવાડાને લીધે જ આપણને કેટલાક એવી દલીલ કરતા જણાય છે કે ખ્રીસ્તિ પ્રજાઓ અત્યારે જગતમાં જાહોજલાલી ભોગવે છે, માટે ખ્રીસ્તિ ધર્મ સૌથી ઉત્તમ હોવો જોઇએ! ખ્રીસ્તિ પ્રજાઓ અત્યારે જગતના મોટા ભાગ ઉપર રાજ્ય કરે છે તેથી ખ્રીસ્તિ ધર્મ સાચો છે! એ પ્રમાણે તો આપણે ચોરનો ધર્મ પણ સાચો ગણીને ચોરી કરીને ભેગી કરેલી દોલત

તેના ધર્મના બચાવમાં રજુ કરી શકાએ. પ્રજાઓ હજારો મનુષ્યોના ગળાં રેંસી નાંખ્યા પછી પોતાના દેવળોમાં જઇ ત્યાં પ્રભુનો ઉપકાર માને છે. ઠગ લોકો પણ પોતાના કાર્યમાં સફળતા મેળવવા માટે દેવીની પ્રાર્થના કરતા હતા તે વાત આપણે ભૂલી જઇએ છીએ. ઠગ લોકો શા માટે વધારે હલકા ગણાવા જોઇએ? ઠગ લોકોની માતા કોણ હતી?—ઠગ જાતિની મારી નાંખવાની ખૂની વૃત્તિનેજ દેવીનું સ્વરૂપ આપ્યું હતું,—પણ તે આખી ઠગ જાતિની વૃત્તિને દેવીનું રૂપ આપવામાં આવ્યું હતું. જે પ્રમાણે ઠગ લોકોની જાત પોતાની નીચ વૃત્તિની પૂજા કરતી હતી તેજ પ્રમાણે આજ કાલ પ્રજાકીય સ્વાર્થ, દ્વેષ, મિથ્યા ભિમાન, અને લોભના દેવતાઓને પણ દેવળમાં ઇશ્વરની જોડે પૂજવામાં આવે છે.

નીતિના મહાન્ આદર્શોમાં આપણને ગમે તેટલી શ્રદ્ધા હોય તોપણ આપણે કબુલ કરવું તો જોઇએ કે માણસમાં ઘણાં પાપો અને ઘણી અનિષ્ટ વૃત્તિઓ રહેલી તો છેજ અને આપણે આત્મસંયમ તથા નીતિના નિયમો શીખવીએ છીએ તો પણ તે કેટલાક હલકા કાર્યોમાં બહાર આવ્યા શિવાય પણ રહેતી નથી. પણ જયાં જયાં તેવા કામો હોય છે ત્યાં ત્યાં તેમને માથે કાળી ટીલી તો સદાને માટે લાગેલી રહે છે. તેવી વૃત્તિથી માણસને કદાચ સફળતા પણ મળે પરંતુ તેના રાક્ષસીપણામાં તે વધારો કરે છે.

માણસ જાતના ઇતિહાસમાં કેટલાક માણસો દુઃખ સહન કરવાના અને કેટલાક બીજાઓને દુઃખ દેવાના પણ ખરા—માણસ જાત પાપને તદન જીતી તો શકે નહિ શકે.

પણ પાપને જીતવાની ક્રિયા તો નિરંતર ચાલ્યાજ કરશે.—જે પ્રમાણે દીવાની જયોત બળવાની ક્રિયા પણ સતત ચાલ્યાજ કરે છે તે પ્રમાણે પાપનો વિજય હમેશા ચાલ્યાજ કરશે.

જગતમાં જેટલી ઉત્પત્તિ થાય છે તે શેની છે? સંપૂર્ણતાનો સનાતન આદર્શ અને તેનો જીવનમાં થતો અપૂર્ણ સાક્ષાત્કાર એ બે વચ્ચે મેળ મેળવવાની ક્રિયાને આપણે ઉત્પત્તિ કહીએ છીએ. આપણી અપૂર્ણતા વધવાની સાથેજ આપણામાં પૂર્ણતાનો આદર્શ પણ એટલો આગળ વધે તો પછી જીવનનો નાશ થવાનો ભય રહેતો નથી.

પ્રાચીન સમયમાં જયારે કોઇ પ્રજા તોફાન કરતી અને બીજી પ્રજાઓના હકકો પર હૂમલો કરતી ત્યારે કોઇ વાર તેને વિજય મળતો અને કેટલીક વાર પરાજય પણ મળતો. પણ તેનાથી વિશેષ કાંઈ પણ પરિણામ આવતું નહિ. પણ અત્યારે પ્રજાકીય જીવનનો આદર્શ આખા દુનિયામાં બધે સર્વમાન્ય થઇ પડયો છે,—અને તે આખા જગતમાં પ્રજાકીય સ્વાર્થ મોટો હોય છે માટે પ્રજાકીય સ્વાર્થને જાળવવો એ માણસોની ફરજ છે એમ સિદ્ધ કરવા જ્યારે મથે છે, ત્યારે તો મનુષ્ય જાતિના જીવનના મૂળનો તે ઉચ્છેદ કરે છે એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી. અજાણ્યે પણ નીતિના કાયદાઓ નકામા છે એવીજ ભાવના તેનાથી પોષાય છે, કારણ કે જુદી જુદી યુકિત પ્રયુકિતથી તેમને એમજ શીખવવામાં આવે છે કે "જન સમુહ" કરતાં–"લોકગણ" કરતાં-"પ્રજા" વધારે ઉપયોગી છે, છતાં પણ લોકોમાં જે નીતિના નિયમો કેવળ સનાતન મનાતા આવ્યા હોય તે બધા નિયમોનો પ્રજા ભંગ કરી શકે છે.

દાક્તરો હમેશાં કહે છે કે જ્યારે કોઇ પણ રોગ મગજ ઉપર અસર કરે ત્યારે તે અસાધ્ય થઇ પડે છે, કારણ કે વ્યાધિનાં કારણો સામે મગજ બધી વ્યુહ રચના કરી તેને હઠાવે છે. અત્યારે આપણને પ્રજાઓ બનાવવાનો જે પવન વાયો છે તે જનસમુહના મગજનો એક રોગ છે. તેનાથી ક્રોધથી ભરી લાલ આંખો અને મુકકીઓ વાળીને એક બીજાને મુકકા મારતી પ્રજાઓનું ચિત્ર આપણી નજર આગળ ઉભું થાય છે પણ તેનાથી રોગને દૂર કરવાની આપણી શકિત તદ્દન નાબુદ થતી જાય છે, તેનું આપણને ભાન રહેતું નથી. સામાજીક જીવનને ટકાવી રાખનાર જીવન-તત્વો સ્વાર્થી વૃત્તિમાં કે લોભને વધારવામાં નથી સમાયલાં પણ નિઃસ્વાર્થ વૃત્તિ, સહાનુભૂતિનો નૈતિક સદ્‌ગુણ અને સહકાર્ય એ ત્રણે સામાજીક જીવનના મહા મંત્રો છે. પણ જ્યારે વિશ્વમાન્ય નીતિ નિયમોની ઉપેક્ષા પ્રજા કરવા માંડે, ત્યારે તો વાયુ રોગમાં માણસનાં અંગો જે પ્રમાણે આડાઅવળી ફરતાં જણાય છે તેવી ચલન વલનની ક્રિયા આપણે જોઈ શકીએ છીએ પણ બધો વખત આપણે જાણીએ છીએ કે એ માણસ કસરત કરતો નથી, અને માંસની પીંડીઓ એ પ્રમાણે હાલે તે તો વ્યાધિની નિશાની છે, અને એવી ક્રિયાથી તો માણસને અંતે પોતાને નુકશાનજ થાય છે.

વધારે નુકશાનકારક તો એ છે કે પ્રજાઓની અનીતિ-ભરેલી વાસનાઓ જેને અત્યારે સ્વદેશભકિતનું નામ આપવામાં આવે છે તે ખુલ્લે મોઢે આખા જગતમાં બધે ઘેરઘેર વાસ કરી રહી છે, અને તેવી સ્વદેશભકિત એક બહુ મોટો સદ્‌ગુણ પણ મનાય છે. તેણે પોતાનો ચેપી તાવ આખી

દુનિયા ઉપર પ્રસારી મુકયો છે, અને તાવની લાલી પોતાના મુખ ઉપર આવે તેજ સારામાં સારી તંદુરસ્તીનું નિશાન છે એમ પણ તે જણાવવાની હિંમત કરે છે. ઘણા લોકોને પણ એમ લાગે છે કે તાવના ગરમી આપણા સનેપાત જ્વરથી પટકાયલા પાડોશીના જેટલી આપણને કેમ ચઢી નથી ? બીજી પ્રજાઓ જેટલી નુકશાનકારક થાય છે તેટલી આપણી પ્રજા શા માટે નથી થઇ શકતી એ લાગણીથી તેઓ મનમાં અસંતોષ માને છે.

ઘણીવાર મારા યુરોપીયન મિત્રો મને કહે છે કે હવે તો આ પ્રજાકીય બંધારણનો સંચો એવડો મોટો થઇ પડયો છે કે તેને કેમ અટકાવવો તેની પણ સૂઝ નથી પડતી અને ઘણી વાર મારા પર માત્ર ભૂલ બતાવીને બેસી રહેવાનો દોષ પણ તેઓ ચઢાવે છે. તેનો ઉપાય બતાવવાની તેઓ માગણી કરેછે. આપણને અનુભવથી એમ લાગે કે એક system પદ્ધતિ અફળ ગઇ તો આપણે તુર્ત બીજી કોઇ પદ્ધતિ દાખલ કરવાનો પ્રયત્ન કરવા મંડીએ છીએ. ખરૂં જોતાં તો બધી પદ્ધતિઓમાં મોડું કે વહેલું કાંઇક તો અનિષ્ટ ભેગું થવા માંડેજ છે. જ્યાં સુધી માનસિક વૃત્તિમાં જરા પણ ખામી હોય ત્યાં સુધી તેમાં અનિષ્ટ તો ભેગાં થવાનાંજ, આજે જે પધ્ધતિથી આપણે પ્રજાનું બંધારણ રચી રહ્યા છીએ તે આવતી કાલે ભલેને આંતરરાષ્ટ્રીય થાય ! પણ છતાં તે પડવાનેજ સરજાયલી છે. જ્યાં સુધી માણસના મનમાંથી લોભ, મિથ્યાભિમાન વગેરે વાસનાઓ દૂર થઈ નથી ત્યાં સુધી માણસોને ગમે તેવી નવી પધ્ધતિ આપો તોપણ દુ:ખ તો થવાનું. વળી ઘણીવાર આપણે સારી પધ્ધતિ એટલે

સારી નીતિ તેમાં જળવાય છેજ એવી માન્યતા માની બેસી એ છીએ. એટલે જ્યારે જ્યારે બંધારણ ભાંગી જાય છે ત્યારે ત્યારે આપણી સનાતન સત્ય ઉપરની શ્રધ્ધા પણ ઓછી થાય છે.

એટલે મને તો નવી સંસ્થાઓ કાઢવામાં બહુ શ્રધ્ધા નથી, પણ જે સ્થિર પાણીમાં અત્યારે નીતિનું કહેવાણ ચાલી રહ્યું છે તે સ્થિર પાણીમાંથી ઝેરી હવા નીકળે છે તેને દૂર કરે તેવીજ સંસ્થાઓ આપણને હમણાં તો હિતકારક છે. આ કાર્ય કરવા માટે આપણને શુધ્ધ વિચારશીળ વ્યકિતઓની જરૂર છે. જેઓ શુધ્ધ વિચાર કરી શકે, ઉન્નત લાગણીઓ–પવિત્ર ભાવનાઓ ઝીલી શકે, અને સાચું વર્તન કરી બતાવે એવા માણસોની આખી દુનિયા પર બધેય જરૂર છે. તેમના દ્વારા સનાતન સત્ય જગતમાં વિચરશે. એકવાર આપણે એ સત્યનો પ્રવાહ વહેતો કર્યો એટલે તે આપો આપ આગળ વધ્યોજ જાય છે. અને તેની સામે આવતા બધા અંતરાયોને તે દૂર કરી દેછે. નીતિના વિચારો યંત્રશાળામાં–કારખાનામાં હથોડાઓ જે પ્રમાણે કામ કરે છે તે પ્રમાણે પોતાનું કાર્ય કરતા નથી. નિર્જીવ વસ્તુને મારી મચડી નવો આકાર બનાવી કાઢતા નથી. પણ સજીવ વનસ્પતિનાં બીની પેઠે જમીનમાં પોતાનાં મૂળ ઉંડાં નાંખીને પછી પોતાના પાંદડાંઓ અને શાખાઓને આકાશ તરફ ફેલાવે છે. એ કામ કરવાને તેમણે એન્જીનીયરો પાસે પ્લેન–નકશો કરાવવો પડતોજ નથી. એટલે અત્યારે તો મનુષ્ય જાતિમાં વિચારમાં, લાગણીમાં અને કર્મમાં પવિત્રતા આવે એટલુંજ બસ છે. બાકીનું બધું એની મેળે પાછળ ચાલ્યું આવશે.

ઉપર જણાવ્યું તે કારણને લીધે જ્યારે હું જાપાન[illegible] મૉ. રીચાર્ડને મળ્યો ત્યારે નવયુગના આગમનની [illegible] મને વિશેષ લાગી. જ્યારે યુરોપના બધા રાજદ્વારી માણસો[illegible] સુલેહના યુગની શરૂઆત કરવા માટે મોટી મોટી યોજના[illegible] તૈયાર કરી ત્યારે પણ મને જેટલી ખાત્રી નહતી ખાત્રી મને હમણાં લાગી. આપણો છુટકારો મા[illegible] સંખ્યા કે રાજ્યના કદ ઉપર નહિ પણ આપણા વ[illegible] પાયા તળે કેટલું સત્ય આપણે જાળવી રહ્યા છીએ પર છે. જગતના પડદા ઉપર જ્યારે વિનાશકારક [illegible] ઝપાઝપી ચાલી રહી હતી ત્યારે મને આ એકાંતમાં ફ્રેન્ચ યુવક મળ્યો અને તેના મુખ ઉપર મનુષ્ય [illegible] ભવિષ્યની આશાઓ પથરાઇ રહી હતી, તેના અવ[illegible] ભવિષ્યનો પેગામ હતો તે મેં જ્યારે સાંભળ્યો ત્યારે લાગ્યું કે મનુષ્ય જાતિનું ભવિષ્ય ઉજ્જ્વળ છે. હજી સંસ્કૃતિને બચાવવાની આશા રહી છે, અને જગતના[illegible] દ્વારી માણસોની નોંધપોથીમાં નથી તોપણ પ્રભાતને જરૂર ઉગવાનો છે.

રવીન્દ્રનાથ ટાગ[illegible]

જગતની પ્રજાઓને.

ભૂતકાળની ભ્રમણાઓ અથવા ગઇ કાલનાં અ[illegible]

બસ, અત્યાર સુધી આપણે સત્યને જોવાનો [illegible] કર્યો નથી–પણ આજે તો આપણે માત્ર સત્ય જ ત[illegible] તો ?–તો શું જણાશે ?

જગતમાં અત્યાર સુધી દંભ અને છેતરપિંડીનું જ સામ્રાજ્ય ચાલતું આવ્યું છે—તેમાં આજનો દિવસ આપણે સ્પષ્ટવક્તા અને સત્યવક્તા થઈ જઈએ તો? આપણને શું જણાશે?

તો આપણને કાંઇ અદ્દભુત સત્યો જણાઈ આવશે.

"શું જગતમાં પ્રકાશને બદલે અંધકાર પસંદ કરનારા માણસોની સંખ્યા આટલી બધી મ્હોટી છે?" એમ આપણને લાગી આવશે. જગતમાં જાણી જોઈને અંધકારને વહોરી બેનારા માણસો પણ વસે છે એ કેટલી બધી આશ્ચર્યની વાત છે! જેઓ છેતરવાનો ધંધો જ લઇ બેઠા હોય તેઓ ભલે તેમના કામમાં ગુંથાયલા રહે, કારણ કે તેમની તો જીંદગી તેના ઉપર ટકી રહી છે. પણ તેમના શિવાયનું આખું જગત તે રોગોથી મરવા પડયું છે. જગતના લોકો છેતરાવાં—ખતાં ખાઇને—થાકી ગયા છે. હવે તેઓ સત્ય શોધી કાઢયા વિના નિરાંતે કદી પણ નહિ ઝંપી શકે. સત્ય શોધી કાઢયા શિવાય ઝંપીને બેસવાનો વારો તેમને આવવાનો નથી.

દિવસ આવે છે—આવે છે નહિ, આવી પહોંચ્યોજ છે! ઘેટાંની પેઠે હવે લોકો ઘેટાં અને બકરાંની જેમ ખાટકીવાડે મરવા માટે જાય છે તેમ લડાઇઓમાં મરવા માટે નહિ જાય! તેઓ હવેથી સત્યના ઉપાસકોને જ પોતાના નેતાઓ તરીકે સ્વીકારશે!

પણ જગતના લોકો સત્ય શોધશે—તે કયું સત્ય? એ સત્ય યુરોપમાં ચાલેલી પ્રચંડ યાદવાસ્થળીએ તોપોના ધડાકા સાથે જાહેર કરી દીધું છે! કયા બ્હેરા માણસને તે સત્ય નહિ સંભળાય? અત્યારે તો તેના ધડાકાથી જગતનાં માણસો

મરી જાય છે—અને અસત્યોના પણ ચૂરેચૂરા થઈ જવા માંડયા છે. જ્યારે લઢાઈ ન હતી તે વખતે પણ જે અસત્યો પ્રજાઓના જીવનમાં સુલેહ–કહેવાતી શાંતિ–નાં આવરણ–પડદા પાછળ સંતાઈ રહ્યાં હતાં તે અસત્યો પણ અત્યારે તો નાશ પામવા બેઠાં છે.

અત્યાર સુધી આખા જગતમાં જે "સુલેહ" અથવા "શાંતિ" પથરાઈ રહી હતી, તેનો અર્થ શો હતો ? અત્યાર સુધી આપણે "શાંતિ" નું નામ કયી સ્થિતિને આપ્યું છે ? મ્હોટી પ્રજાઓ ન્હાની પ્રજાઓ સાથે–યથેચ્છ–વર્તન કરી શકે, મ્હોટી પ્રજાઓને નાની પ્રજાઓ જોડે ગમે તેવું વર્તન કરવામાં આડે ન આવે એવી સ્થિતિને આપણે "શાંતિ" કહેતા આવ્યા છીએ. નાની પ્રજા સાથે ગમે તેમ વર્તન કરનારી મોટી પ્રજાને જ્યારે તેનાથી વધારે મજબુત પ્રજા સાથે લઢવાનું આવતું હતું ત્યારે તે પોતે "હું તો સુલેહનીજ ઉપાસક છું" એમ જાહેર કરી વેગળી ખસતી, અને પોતે નાની પ્રજાઓ ઉપર હુમલાઓ કરીને સંતોષ માનતી હતી.

અત્યારે હવે સ્પષ્ટ જણાયું છે કે એ પ્રમાણે હવે લાંબો વખત ગાંડું ગબડે તેમ નથી. કારણ કે એક કર્મ કરવાથી પ્રતિકાર્ય તૈયાર થાય છે, એ સામાન્ય વિશ્વ નિયમ છે. અર્થાત્ નાની પ્રજાઓ ઉપર હુમલાઓ કરવાથી, નિર્બળ પ્રજા ઉપર રાજ્ય કરવા માટે તેમને જીતી લેવાથી જે જીતનારી પ્રજા હોય છે તે પોતે હુમલાને પાત્ર બનતી જાય છે. અને પોતે હારવાને પણ લાયક થતી જાય છે.

જગતના મહાન્ ન્યાયી નેતાનો એ નિયમ છે. જગત વાડથી બંધાઇ ગયલા એક ખેતરના જેવું-અથવા તો ગોળ સરકસના મેદાન જેવું-ની Ringના જેવું-છે. તેમાંથી કોઇ વસ્તુ નાશ પામતી નથી. એમાં એક કાર્ય થય છે તો તેનું પ્રતિકાર્ય પણ થવાનુંજ. એક ક્રુર કામ કરવાથી બીજું આપણા પ્રત્યે તૈયાર થયુંજ સમજવું. આમ એકવાર બીજા પર બળ વાપર્યું એટલે કોઇવાર આપણા ઉપર પણ વપરાવાનુંજ!

"ત્યારે યુરોપમાં આ લડાઇ ચાલી તેનું કારણ શું છે?" એ પ્રશ્ન ઘણાંના મનમાં થશે. અત્યાર સુધી યુરોપે જુદે જુદે સ્થળે અને જુદે જુદે વખતે બીજાઓને વિતાડયું છે, તે હવે તેની પોતાની ભૂમિ ઉપર જ યુરોપને સહન કરવાનો વખત આવ્યો છે.

યુરોપે જે ભયંકર વાદળ જાતેજ ભેગું કર્યું હતું-તે આકાશમાંથી કયારનું એ ઝુકી રહ્યું હતુ-પડું પડું પણ થઇ રહ્યું હતું-ફકત આંખો મીંચીને ચાલનારાઓને જ તે નહિ જણાયું હોય!

યુરોપની લડાઇમાં જે પ્રજાઓ ઉતરી છે, તેમાંની કઇ પ્રજા હૃદય ઉપર હાથ મૂકી "હું તદ્દન નિર્દોષ છું" એમ કહી શકે તેમ છે? કોના હાથ લોહીથી ખરડાયા નથી?

અત્યારે જે પ્રજાઓ સામસામે લડી રહી છે, તેમાંની એકે પ્રજા, નિષ્પક્ષપાતી ન્યાય બુધ્ધિથી વિચાર કરવા બેસે તો આ ભયંકર યાદવાસ્થળીમાં તે કયા કયા પગલાઓ-પગથીઆંઓ ચઢીને આવી તે બધાં બરાબર જોઇ શકે એમાં જરાપણ સંશય નથી.

આપણે એકજ ઉદાહરણ અહિં ટાંકીશું. મોરોકોમાં જે યુધ્ધ શરૂ થયું તેમાંથી ઇટાલી અને તુર્કી વચ્ચે ત્રિપોલી માટે જે લડાઇ થઇ તે શું અનિવાર્ય નહતી? એ લડાઇમાં ટર્કી નબળું પડયું એટલે બાલ્કન રાજ્યો તુર્કી ઉપર દોડયાં! એને પરિણામે રૂશિઆ અને આસ્ટ્રીયા એક બીજા સામે લડયા વિના રહેત? કદી નહિ!

યુધ્ધમાં આપણને જે તદ્દન નિર્દોષ લાગે છે તે પ્રજાઓ પણ ખરેખરી રીતે નિર્દોષ તો નથી જ.

કેટલાક 'બળિયાના બે ભાગ'-એ સુત્ર માને છે- અને લડાઇથી–પશુબળથી બધો ફેસલો લાવવા મથે છે. વળી બીજા લોકો "સત્યની ખાતર બળનો ઉપયોગ કરીએ છીએ" એવું કહી લડાઇમાં ઉતરે છે. એ બધા મોઢેથી ગમે તેવા મધ જેવા–મીઠા મીઠા શબ્દો બોલતા હોય અને ધાર્મિકતાનો ડોળ કરતા હોય–પણ એમનો પંજો તો જાણ્યે કે અજાણ્યે કોઇ શિકાર પર પડતો જણાઇ આવે છે. લડવા માટે જેટલી પ્રજાઓ ભેગી થઇ છે તેમાંની એક પણ પ્રજા એમ નથી કહેતી કે, "હું શિકારનું ભક્ષણ કરવા આવી છું." ખુબી તો એ છે કે સિંહ, વાઘ, વરૂ, રીંછ, ગીધ વગેરેમાંથી કોઇ એમ નથી કહેતું કે અમે શિકાર વહેંચી લેતાં લઢી પડયા છીએ?".

યુરોપની લઢાઇમાં જે પ્રજાઓ ઉતરી છે, તેમાંની દરેક પ્રજાને લઢાઇમાં ઉતરવાનું કારણ પૂછો તો તમને એમજ લાગે-કે દુનિયાની ચગદાયલી—દબાયલી પ્રજાઓના રક્ષણકર્તા તો જોઇએ તેટલા છે!–આ બધા રક્ષણ કર્તાઓ અત્યાર સુધી કયાં ગયા હતા? દરેક પ્રજા

પોતાના દુશ્મનના હાથમાં જે પ્રજાઓ છે તેમને છોડવવા માંગે છે. જર્મની અને રૂશિયાને પૂછો તો તેઓ પોલાંડને સ્વતંત્રતા આપવા માટે લડે છે એમ જણાઇ આવશે! જર્મની કહે કે "હું પોલાંડને સ્વતંત્રતા આપી સુધારી ...–રૂશિયા તેની જોડે સરતે પડે છે અને કહે છે કે મારા જેવું કામ જર્મની કદી પણ કરી શકશે નહિ" ફ્રાન્સના બે પ્રાંતો આલ્સેસ અને લોરેન, આયર્લાંડ, સરબીયા, ઇજીપ્ત, બેલજીયમ, અને હિંદુસ્તાન એ દરેક દેશના રક્ષણકર્તા થવાનો દાવો કોઇને કોઇ પ્રજા કરી રહી છે! એ બધી રક્ષણ કરનાર પરગજુ પ્રજાઓ તેમને સ્વતંત્રતા આપી રહી છે. કેવી રીતે? પોતાની મરજીથી નહિજ! પણ અજાણે! આ લડાઇમાં એક બીજાનો નાશ કરવામાં તેઓ મશગુલ થઇ રહી છે, એટલે બંધનમાં પડેલી પ્રજાઓનો છૂટકારો એવે જરૂર થશે.

યુધ્ધનું મૂળ કારણજ એ છુપા સ્વાર્થમાં રહેલું છે. જમાણાં જેઓ લઢવામાં ભાગ લે છે તેમાંના કોઇકે તો પોતાને ફાયદો મળશે એવી આશા રાખી લડાઇની ઇચ્છા રાખી હતી. પણ બાકીના બધાઓએ કાંઇ તૈયારી કરવામાં કચાશ રાખી નહતી. બધાએ મળીને લડાઇ થયા વિના રહેજ નહિ, એવી સ્થિતિ કરી મૂકી હતી.

ઘણા માણસોને સવાલ થાય છે કે આ યુદ્ધ શું છે?– "હું તો કહું છું કે સ્વાર્થી રાજનીતિ, અને અનહદ–નિરંકુશ મહત્વકાંક્ષા તેનું જ પરિણામ આ યુધ્ધ છે," પાર્થિવ વૈભવ અને ભોગને માટે અબાધિત લાલસા રાખવાથી અને દાંભિક, નિર્લજ્જ અન્યાય કરવાથી બીજુ

શું પરિણામ આવે વારૂ! દરેક પ્રજાએ પોતે એજ રાક્ષસ છુપો રાખ્યો હતો. શિકારી પ્રાણીને દરેક પ્રજાએ પાળ્યું હતું! પછી લઢાઇ થયા વિના કેવી રીતે રહે!

આ લડાઇ તરફ બરાબર નજર નાંખો તો શું જણાઇ આવે છે! મૂલકો જીતી જીતીને ઓચાઇ ગયલી પ્રજાઓ અને નવા મૂલકો જીતવાને એકપગે થઇ રહેલી ભુખી પ્રજાઓ વચ્ચે આ મહાન્ યુદ્ધ ચાલ્યું છે! બધાને કાંઇ સરખી ભૂખ નથી લાગી એ વાત ખરી છે. બધામાં ખાઇ જવાની શકિત પણ નહતી-પણ બધી પ્રજાઓએ ખાવાનું તો ચાલુ રાખ્યું જ. પરિણામ શું આવ્યું? બધા એક મેદાનમાં એકઠા થઇ ગયા! કારણ એ છે કે પૃથ્વી નહાની છે.! મૂલકો જીતતાં જીતતાં આખી પૃથ્વી પૂરી થઇ ગઈ,-હવે, બાકી કોણ રહ્યું? જીતનારાઓની સંખ્યા ઘટે તો મોટો ભાગ મળે, એ તદન સરળ વાત રહી હતી. અર્થાત્ પૃથ્વીની લૂંટ કરવામાં રોકાયેલી પ્રજાઓ, છેવટનો હિસ્સો નકકી કરી, હિસાબ ચોખ્ખો કરી લેવાની-હિસાબ પતાવવાની ક્રિયા કરે છે તેને આપણે લઢાઈ કહીએ છીએ. મદથી મસ્ત થયલી-સુખભોગો માટે અત્યંત આતુર-નિશામાં ચકચૂર-પ્રજાઓની યાદવાસ્થળી-તેજ આ યુદ્ધ.

વર્તમાનકાળના લોકો ભવિષ્યના લોકોને શરમ ભર્યો ખરાબીનો-અધોગતિનો-મૃત્યુ તરફ જવાનો માર્ગ આ યુદ્ધ દ્વારા બતાવી રહ્યા છે-કે "જેમને વિનાશ અને મૃત્યુ તરફ જવું હોય તેઓ આ રસ્તો લેજો."

પણ આ યુદ્ધમાંથી આપણે ફકત એટલોજ પાઠ લઇ અટકવાનું નથી.

આજની પ્રજાઓ અથવા વર્તમાનની ઈંદ્રજાળ.

હમણાં જે લડાઇ થઇ રહી છે તે અનિવાર્ય હતી-એટલુંજ નહિ પણ જરૂરી હતી-તે પ્રભુની ઇચ્છાનુસાર હતી એમ પણ કહીએ તો વાંધો નથી.

અત્યાર સુધી રાજદ્વારી બાબતોમાં આપણે "Diplomacy"-ભેદ શામ-કુનેહ-મુત્સદીપણું વગેરે અગત્યના ગુણો છે એમ સાંભળતા આવ્યા છીએ. એ બધાનો ખરો અર્થ ખટપટ, લુચ્ચાઇ, છેતરપીંડી. દંભ-જુઠાણું એટલોજ થાય છે-એ અપ્રમાણિક દાંભિકતાનું દેવાળું નીકળે, એ તદ્દન જરૂરી હતું! યુરોપના આકાશને છાઇ રહેલાં અસત્યનો નાશ કરવાને માટે પણ આ યુદ્ધની જરૂર હતી.

એક રીતે વિચાર કરીએ તો, આ મોટી મોટી પ્રજાઓની પાયમાલી ચાલી રહી છે તે જગતના છુટકારા માટે જરૂરની હતી એમ આપણને લાગ્યા વિના નહિ રહે. જગતનો છુટકારો કાંઇ એક પ્રજાના બંધનમાંથી બીજીના બંધનમાં જવા માટે થવાનો નથી. આખા જગતના કેળવાયલા વર્ગ ઉપર જે વિચારો અત્યાર સુધી સામ્રાજ્ય ભોગવતા આવ્યા છે, તે અસત્ય વિચારો રૂપ બેડીમાંથી તેમનો છુટકારો થવા માટે આ યુદ્ધની જરૂર હતી.

યુરોપની અસત્ય અને ઉદ્ધત સંસ્કૃતિએ હમણાં જે ઠોકર ખાધી તે પણ ઠીક થયું! કારણ કે જંગલી જડવાદ અને વેપારી નીતિની સંકુચિત દ્રષ્ટિ હવે ઉઘડશે, અને મનુષ્યજાતિ આગળ જઇ શકશે!

જે લોકોએ પૃથ્વી ઉપર આ ઘોર નરક પ્રગટાવી મૂક્યું છે, તેમના છૂટકારાની ખાતર પણ આ નર્કયાતનાની જરૂર હતી.

હમણાં જે અવ્યવસ્થા, અને ઘોટાળો જન્મ્યો છે, તેની પણ જરૂર હતી–કારણ કે હવે જગતમાં નવો યુગ શરૂ થશે અને નવીન સ્વર્ગ પૃથ્વી ઉપર પ્રગટશે.

ઘણાં માણુસોને એમ લાગે છે કે આ લડાઇમાં જુદાં જુદાં રાજ્યોની હદ નક્કી થઇ રહી છે, જમીનના ટુકડાઓ અને વેપાર કરવાનાં બજારોની હરાજી થઈ રહી છે. પણ તે વાત ખરી નથી. ઉપર જણાવ્યું તે બાબત આ યુદ્ધમાં જોવાઇ રહી છે.

આ લડાઇની ખાસ ખુબી તો એ છે કે દરેક પ્રજા પોતાની જીત થવામાં જ સત્યનો જય થશે એમ માને છે ! પોતે જીતે તોજ ન્યાયસર નિવેડો આવ્યો એમ દરેક પ્રજાને લાગી રહ્યું છે. વર્તમાન કાળનો એ એક મોટો ભ્રમ છે. એક બીજાનો નાશ કરી નાંખનાર અને બધાને થકવી નાંખનાર આ ખુનખાર લડાઇમાં "વિજય"–"જીત"–નો અર્થ શો થઈ શકે ? લોહીની લાલ નદીઓ જેમ હજુ વધારે વખત વહેશે, અને સોનાના સિક્કાઓ હજી પણ વધારે ખર્ચાશે–તેમ "વિજય" શબ્દમાં કાંઇ પણ અર્થ રહેશે નહિ !

લડનારી બધી પ્રજાઓની "હાર" થાય તેટલા માટે બન્ને બાજુએ "વિજયો" થવાની જરૂર છે ખરી ! ભલે તેઓ પોતાની જીત જાહેર કરે, અને તેનાં લાંબાં લાંબાં વર્ણનો બ્હાર પાડે. લડાઇમાં વિજય થવાના ઉત્સવો ભલે ઉજવે અને જગતમાં પોતાની કીર્તિ–ખ્યાતિ–ભલે પ્રસારે–તો પણ યુદ્ધમાં બધી પ્રજાઓનો આત્મઘાત થયો છે એ વાત તેઓ કદી પણ–કેઇ પણ ઉપાયે–ઢાંકી શકવાના નથી. કારણ

કે લડાઇનો એક એક દિવસ જેમ પૂરો થાય છે, તેમ બન્ને બાજુ ગમે તેની-હારજીત થતી હોય તો પણ બંધાની ખુવારી તેમાં થઇ રહી છે-એ વાત તદ્દન નિર્વિવાદ છે!

આખા જગત ઉપર સામ્રાજ્ય ભોગવવાના સ્વપ્નાંઓ બધાં ધૂળમાં મળશે-એટલું તો આપણે અત્યારે પણ ખાત્રીથી કહી શકીએ, પણ વેપારી વાણીઆઓની-લાલચુ ગણત્રીઓ પણ જૂઠી પડશે એ પણ ચોક્કસ છે.

કહેવાતી સુધરેલી પ્રજાઓ યુદ્ધમાંથી જે પ્રકારની જીતની અને જેવા લાભોની આશા રાખે છે તેવી જીત કે તેવા લાભ જગતને મળવાના નથી, મનુષ્યજાતિને તો એ બધી પ્રજાઓની 'હાર'-થવાને લીધે પ્રગતિ કરવાની તક મળશે તેજ મોટો લાભ છે!

અત્યારે યુદ્ધમાં ઝુકેલી પ્રજાઓના રાજકર્તાઓ-લોકોના મનમાં "આપણે જીતીએ છીએ" એવી ઇન્દ્રજાલ ઉભી કરે છે. દરેક રાજ્ય પોતે તો વળી વધારે સચોટ ઇન્દ્રજાલમાં પડી રહ્યું છે અને એમ માને છે કે, "યુદ્ધ પછી વસ્તુ સ્થિતિ પાછી પહેલાં હતી તેવી થઇ જશે." તેઓ એમ માને છે કે આ લડાઇ રૂપી મોટો સટ્ટો કરી લઇ આપણે પાછા આપણા મૂળ ન્હાનકડા-નિર્જીવ ધંધાઓ શરૂ કરી દઇશું. ગઇ કાલે તેઓ જેવી "સુલેહ" અને "શાંતિ" રાખતા હતા તેવી આવતી કાલે રાખવાની ઇચ્છા કરી રહ્યા છે. યુદ્ધની તૈયારીઓ મોટા પાયા ઉપર કરી તેઓ એમ માનતા હતા કે આવી પ્રચંડ તૈયારીઓને લીધેજ લડાઇ થતી અટકશે! બીજા લોકો લડતાં ડરશે-પણ એ

માન્યતામાં તેઓ જેમ છેતરાયા છે તેવીજ રીતે ઉપરની ગણત્રીમાં પણ તેઓ છેતરાય છે !

અત્યાર સુધી જે વસ્તુસ્થિતિ હતી અને હવે પછી જે આવવાની છે, તેમાં તો આસમાન જમીનનો તફાવત હશે. પાણીનો ધોધ-પ્રવાહ કાંઇ પાછો વળે છે ? લડાઇ ૨૨ ... વખતે જુદાં જુદાં રાજ્યોએ જે હેતુઓ રાખ્યા ... હેતુઓ યુધ્ધથી સફળ નથી થવાના. હવે બાજી તેમના હાથમાં નથી. આ યુધ્ધ તેમને જ્યાં જવું હતું ત્યાં નહિ લઇ જાય !

જગતની પ્રજાઓનાં રાજ્યો શું એમ માને છે કે જે ઘોર યુધ્ધ ચાલી રહ્યું છે, અને જે યાદવાસ્થળી મચી છે તેમાંથી ભવિષ્યને માટે કાંઇ પણ સંદેશો નથી ? પ્રજાઓ અત્યારે જે મહાન અનુભવ કરી રહી છે તેમાંથી તેમને લાભ થવાનો નથી ! આટલાં બધાં દુઃખો, આવું ખુનામરકી, આવાં આવાં મહાન બળિદાનો એ બધાંની અસર માત્ર ભૂતકાળમાં થતાં હતાં તે કામો કરવાની પરવાનગી મળી જશે-એટલીજ થશે ?

જે રોગ અત્યારે અસંખ્ય માણસો અને અનેક પ્રજાઓનું ભક્ષણ કરી રહ્યો છે તે રોગ શું રાજ્યોને-રાજ્ય બંધારણોને બાકી મૂકશે ? નવો પાક થવા માટે જે હળ અત્યારે પૃથ્વી ઉપર ચાલી રહ્યું છે તે હળ જુનાં ઠુંઠાંને નહિ ઉખેડી નાંખે ?

ભાઇઓ ! ભ્રમણાઓને દુર કરો ! હવે પછી જે શાંતિ આવશે તે સ્વાર્થી લોભીઆઓને જોઇતી હતી તેવી તો નહિ આવે, કારણ કે અત્યારે તેઓ એક બીજા સામે જે યુદ્ધ મચાવી રહ્યા છે, તે યુદ્ધ ભવિષ્યની દૈવી સત્તા-તેમની બધાની સામે મચાવી રહી છે.

આખી સુધરેલી કહેવાતી પ્રજાઓની ગંભીર ભૂલોનું પરિણામ આ યુદ્ધ છે એટલું આપણે ઉપર જણાવ્યું છે. પણ એટલી વાત બસ નથી–પરંતુ મનુષ્યજાતિની પ્રગતિ આજે જે બળો કાર્ય કરી રહ્યાં છે તેનું પરિણામ પણ આ યુદ્ધ છે, એ વાત આપણે ભૂલવાની નથી. જગતની પ્રગતિના માર્ગમાં આવી રહેલા અંતરાયોનો દુર્ગ ભાંગે છે તેનો ધડાકો આ લડાઇ છે, એટલે હવે પ્રગતિ જરૂર થશે. જેમણે યુદ્ધ જાહેર કર્યું તેમણે પ્રભુની આજ્ઞા અજાણ્યે ઉઠાવી લીધી! પોતાનો નાશ વહોરી લીધો! યુદ્ધમાં પડેલા કેટલાક લોકો "ન્યાય, સત્ય–" વગેરે શબ્દો બોલી રહ્યા છે, પણ તે વ્યર્થ છે. અત્યારે તો લડનારી પ્રજાઓમાંથી દરેક પ્રજાએ જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે "ન્યાય અને સત્ય" નો જે ધ્વંસ–કરેલો છે તેનુંજ પ્રતિકાર્ય તેમને લઢાઈમાં ઉતારી રહ્યું છે! અને તેમાંથી વધારે પ્રમાણિક અને વધારે ન્યાયી થશે તોજ પ્રજાઓ બચવા પામશે!

માણસના મનમાં ભરાઈ રહેલો અન્યાય સ્વાર્થ અને અસત્યનો રાક્ષસ, જ્યાં સુધી શરણે નહિ આવે, ત્યાં સુધી કોઇને કોઇ રૂપમાં પણ આ લઢાઈ જારી રહેશેજ! એ સેતાનને વશ કરીનેજ પ્રજાઓ એક બીજાની સેવાનો આદર્શ સ્વીકારી શકશે! યુરોપ ખંડમાં અત્યારે જે અંતર વિગ્રહ–ચાલી રહ્યો છે–તેનો બરાબર નિકાલ નહિ આવે તો તે દરેકના ઘરકજીઆ–ગ્રહવિગ્રહનું રૂપ લઈ લેશે–અને યુરોપની દરેક પ્રજામાં બે ભાગ પડાવી નાંખશે. જ્યાં સુધી મનુષ્યત્વની ભાવના–પ્રજાઓમાં જન્મી નથી ત્યાં સુધી યુદ્ધ કદી પણ અટકશે નહિ.

હજુ સુધી એ ચેતન-આવ્યું નથી, માટે યુદ્ધને કોઇ પણ અટકાવી શકયું નથી. જગત જે યાતનામાંથી પસાર થાય છે તે કાંઇ વ્યર્થ આવતી નથી, તેનો હેતુ સિદ્ધ થતાં તે આપોઆપ દૂર થાય છે.

લડાઇના બધા બનાવોને ઉપર જણાવી તે દ્રષ્ટિથી જુઓ, એટલે બધાએ સમજાઇ જશે ! સ્વાર્થી અને ઉંધા વિચારોનો અંધાપો એકદમ જણાઇ આવશે. જગતને જે મહાન-shock-ધકકો લાગ્યો છે તેનો અર્થ પણ સ્પષ્ટ થશે અત્યાર સુધી જે ગણત્રીમાં-વર્તારામાં કોઇ માનતું ન હતું તે બની પડયો અને બધી પ્રજાઓમાંથી કોઇ પણ જેની ઇચ્છા કરતું નહિ તેવી-યાદવાસ્થળી-અત્યારે જામી રહી છે !

એ પ્રમાણે નજર કરશો તો બાહ્ય દેખાવોની પાછળ સંતાઇ રહેલું સત્ય જરૂર તમને દેખાશે. આપણે તો હવે જે અદ્રષ્ય થઇ રહ્યું છે-જે નાશ પામી રહ્યું છે તેની જગ્યાપર આવનાર વસ્તુ માટે રાહ જોવાની છે-તે આવે તેટલા [illegible] મનોબળ વાપરવાનું છે. "શું આવશે ?" એ પ્રશ્ન પણ રાહજ[illegible] છે-ભવિષ્ય-આપણને મળવા માટે રસ્તે પડી ચુકયું છે. ભવિ-ષ્ય-આવશે કોઇ અનિર્વચનીય-અથવા તો અપૂર્વ વ્યક્તિના આગમનથી પૃથ્વી ધ્રુજી રહી છે !—

ભવિષ્યનાં સત્યોઃ—

બધાના મનમાં શું ચાલી રહ્યું છે ? "આવતી કાલ કેવી ઉગશે ? ભવિષ્યમાં શું થશે ?" એ પ્રશ્ન અત્યારે તો સામા-ન્ય થઇ પડયો છે. રાત્રિના ઘોર અંધકારમાં એક ડગલું આગળ ભરાશે ? ઉંડી ખીણમાંથી ઉચ્ચ શિખર તરફ-કઠણ માર્ગ પર-એક ડગલું આગળ ભરાશે !

ભવિષ્યમાં શું બનશે? ?—સામાન્ય નિવૃત્તિપરાયણ અથવા પ્રવૃત્તિ પરાયણ વૃત્તિ ભલે પોતાની આંખો બંધ કરે. એમાંથી એકેમાં ભવિષ્યને માપવાનું બળ નથી. વર્ત્તમાનમાંથી પોતાની જાતને દૂર કરી ઉંચ્ચાં શિખરોપર ચઢવાથી જ તેની ઝાંખી થઈ શકે.

આવતી કાલે-યુદ્ધનો કદાચ અંત આવશે. પણ જે મહાન વિકટ પ્રશ્ન તેણે ઉભો કર્યો છે તેનો અંત ન પણ આવે. અત્યારે જે પ્રશ્ન વિકટ છે તે વધારે વિકટ બને એ સંભવિત છે-વધારે ગુંચવાય પણ ખરો. બગડતાં બગડતાં જ્યારે બગડવાની હદ આવે ત્યારે સુધારો શરૂ થાય છે, ત્યાં સુધી સુધરવાની આશા નથી. સૌથી ખરાબ વસ્તુ સ્થિતિમાંથી જ સૌથી વધારે ઉત્તમ સ્થિતિ જન્મ પામવી જોઇએ. અત્યારે આ યુદ્ધને લીધે આપણે ખરાબમાં ખરાબ સ્થિતિને પામી ચુકયા છીએ તેની સાબિતી આપણી પાસે નથી.

કારણ એ છે કે આ યુધ્ધથી તો હજી શરૂઆત થઈ ગણાય! આ યુધ્ધ તો ભવિષ્યમાં લખાનાર વિકટ પ્રશ્નના પુસ્તકની પ્રસ્તાવના છે. હમણા જાગેલી લઢાઇનો અંત કેવો આવે છે તે કાંઈ બહુ અગત્યનો પ્રશ્ન નથી. ખરો પ્રશ્ન તો ભવિષ્યમાં શું થશે! લઢાઇ પત્યા પછી શું આવશે તે જાણવા જોગ છે. યુધ્ધે અત્યારે જે કામ શરૂ કર્યું છે, તે કયા બનાવો પૂર્ણ કરશે?

કમનસીબે યુધ્ધ તો કયારનુંએ બંધ પડી ગયું હોત! ભવિષ્યની તૈયારી પૂરી થઇ ગયા પહેલાં પણ કદાચ બંધ થઇ જાત! પણ તે પ્રમાણે નથી થયું. હવે તો લઢાઇ લઢાઇના પ્રમાણોમાં સ્વાભાવિક છે. યુદ્ધને જેમ કોઇ કારણ અથવા

કોઈ માણસ અટકાવી શકયું નહિ તેમ ભવિષ્યનો પ્રવ
કોણ અટકાવી શકશે ! આ લઢાઇ બંધ પડશે એ વ.
આપણે ખાત્રીથી માની શકીએ છીએ, તેનાથી પણ વ.
ખાત્રીથી આપણે કેટલાંક પરિણામો પણ કળી શકીએ.

યુરોપનું યુધ્ધ જગતપર ઓચિંતું આવી પડયું તે
પ્રમાણે તદ્દન અણધાર્યું બંધ થઇ જાય પણ ખરૂં ! એક
રાજાના કુંવરના મરણથી યુદ્ધનો જન્મ થયો, તો એવો
કોઇ નજીવો બનાવ તેને બંધ પાડી દે તો તેમાં શું નવાઇ ?

લોકો ધારે છે તે પ્રમાણે યુધ્ધનો છેડો નહિ આવે.
ઘણાં એમ માને છે કે લઢાઇ પહેલાં નામની શાંતિ હતી તે
સ્થિતિને-ઠેકાણે-હવે હમેશનું યુધ્ધ જારી રહેશે.
અથવા તો અત્યારે કેટલીક પ્રજાઓ જેમ યુધ્ધને માટે
સજ્જ થઇ શાંતિ જાળવી રહી છે તેવી સ્થિતિ બંધે
થઇ જશે. અર્થાત્ સમુદ્રમાં હોડીઓ ઝંપલાવી બધી પ્રજાઓ
પોતાના હાથ હલ્લેસાંપર નાંખી હોડીને તરવા દેશે-એવી
પ્રજાઓને યુધ્ધના સહાયક ગણી શકાય-તેઓ શાંતિના
ઉપાસકો તો નથી જ.

ભવિષ્યમાં ગમે તે પરિણામ આવે પણ એટલી વાત
તો નક્કી જ છે કે પહેલાંની લઢાઇઓનો જેવો અંત આવ-
તો હતો, તેવો અંત આ લઢાઇનો નથી આવવાનો ! આ
યુદ્ધ શરૂ થયું તે પહેલાં જે સ્થિતિ હતી તે જ્યાં સુધી
કાયમ રહેશે, ત્યાં સુધી ફરી ફરીને યુદ્ધ થયાં કરશે.

મેલછા આવે છે જલદી પણ જતાં બહુ વાર
છે તે આપણે સૌ જાણીએ છીએ. યુરોપની પ્રજાઓ
કરવાના હેતુથી જે પ્રજાઓ યુદ્ધ કરવાને બહુ આતુર

તેમને તો ઇશ્વરે પહેલાંજ નિર્બળ બનાવી મુકી, અને હવે બીજી પ્રજાઓ આપણે "ઠેઠ છેડા" સુધી લડવું છે એમ માને છે તેમનો વારો આવ્યો છે. તેમણે બધાઓએ એક બીજાની જોડે કરારો કર્યા છે અને સુલેહ સાચવવાનાં વચનો લીધાં છે, એટલે સુલેહ કદીપણ નથી રહેવાની એવું સિદ્ધ થાય છે. એક બીજાનાથી વિરૂધ્ધ બળો એવી રીતે સાંકળામાં ગોઠવ્યાં છે કે તેની સંગીનતામાં જરા પણ વાંધો ન આવે. પણ આખી જાળ ભાંગ્યા-તૂટ્યા શિવાય ઘણે સ્થળે તેમાં બાકાં પાડી શકાય તેવું છે.

યુરોપની પ્રચંડ યાદવાસ્થળી જેમ વધારે વખત ચાલે છે. તેમ યુદ્ધનાં કારણો પણ વધતાં જાય છે! જે પ્રજાઓએ આ યુદ્ધમાં કાંઇપણ મેળવ્યું છે તેઓ મળેલું ગુમાવવાને રાજી નથી; અને જેમણે ગુમાવ્યું છે, તેઓ તે પાછું મેળવવાની જક લઇને લડવા બેઠાં છે! અર્થાત્ યુદ્ધ જેમ વધારે વખત ચાલે છે તેમ તેને લંબાવવાનાં કારણો પણ વધે છે. યુદ્ધ ચાલવાને લીધે શાંતિ-"સુલેહ" વધારે દુર જતી લાગે છે.

જ્યારે યુદ્ધ શરૂ કર્યું ત્યારે તો અનેક આશાઓ તેના પર બંધાઇ હતી. એટલે આશા ભર્યું યુદ્ધ હતું એમ ગણી શકાય પણ હવે અંતિમ નિરાશાનું-મરણીયા થવાનું હવે આ યુદ્ધ બની જાય તો પણ તેનો અંત જલદી આવનાર નથી!

ઘણા એમ ધારતા કે, યુદ્ધ આગળ ચાલી શકશેજ નહિ! તેમાં આર્થિક અંતરાય સૌથી વધારે નડશે, પણ પ્રજાઓએ તે મુશ્કેલી ચપટીમાં દુર કરી દીધી છે!

યુદ્ધ શરૂ થયું ત્યારે અર્થશાસ્ત્રીઓએ કહ્યું હતું કે આર્થિક દૃષ્ટિએ આ યુદ્ધ થોડાજ મહિના ચાલી શકે. વધારે લાંબો સમય ચાલે તો યુધ્ધમાં ઉતરેલી પ્રજાઓની તેમાં પાયમાલી થયા વિના નહિ રહે. તેમણે જે ભવિષ્ય ભાખ્યું હતું તે કેવળ સત્ય હતું. પણ અર્થશાસ્ત્રીઓનું એમ ધારવું હતું કે પાયમાલીના ભયથી તેઓ યુદ્ધ કરતા અટકશે. એ બરાબર ન હતું–ઠીક નથી નીવડયું. અર્થશાસ્ત્રીઓ ભલે બૂમો પાડે કે "શાંતિ કરો" નહિ તો "પાયમાલ થશો" પણ હવે પ્રજાઓ અટકવાની નથી. હવે યાદવારથળી બંધ કરવી પ્રજાઓના પોતાના હાથમાં પણ રહી નથી. યુધ્ધમાં ઉતરેલી પ્રજાઓને પોતાને ખબર નથી કે પોતાની કેટલી પાયમાલી થઇ ચુકી છે. વળી જેમ પાયમાલી વધારે થાય છે, તેમ બેદરકારી પણ અત્યંત વધતી જાય છે. હવે તો લડાઇ તેમને પાયમાલીના ખાડામાં ઉતારવાને બદલે પાયમાલી તેમને યુદ્ધમાં ધકેલતી જણાય છે! જેમ વધારે નુકશાન તેમ "હાર્યો જુગારી બમણું રમે" તે ન્યાયે છેલ્લો પાસો અજમાવવાને તેઓ મરણીયા થઇ લડવા માગે છે.

યુરોપમાં રાજ્યોની શક્તિના ભંડારનું તળીયું જેમ વધારે દેખાતું જાય છે તેમ રાજ્યો છેલ્લો પાસો અજમાવવાને ખુબ ઉત્સુક બની રહે છે. જ્યાં સુધી યુધ્ધમાં મરવાને માટે માણસો મળી આવે છે, ત્યાં સુધી તેમના લશ્કરોની હાર તો એક બીજાની સામે ઉભીજ રહેશે–ત્યાં સુધી ટ્રેન્ચમાંથી માણસોની હારો ઓછી નહિ જણાવા દે. હવે તો યુધ્ધ એટલે "જીવન કે મરણ"નો વિકટ પ્રશ્ન તેમને માટે થઈ પડયો છે. આશાની નિરાશા થયા વગર અને ભ્રમણા-

ાનો ભેદ ભાંગ્યા વગર આ યુધ્ધનો અંત કદીપણ આવ-
ાર નથી, એ વાત તેઓ સારી પેઠે સમજે છે.

બધી પ્રજાઓના મનમાં થય છે "શું આવતી કાલ
ાપણા હાથમાં નહિ આવે?"

પણ ધારો કે, કોઇ મહાન્ વીર યોધ્ધાના પરાક્રમથી
ાથવા તો વિજ્ઞાનશાસ્ત્રીની કે લશ્કરી કળાની અદ્ભુત
ાયાથી–આપણને 'શાંતિ' અને 'વિજય' મળી જતાં
હોય તો શું યુધ્ધ બંધ ન થાય?

કદી નહિ. **જ્યાં સુધી યુધ્ધને જન્મ આપનારાં
કારણો જીવતાં છે ત્યાં સુધી તો તેની રાખોડીમાંથી
ુ યુધ્ધ ફરીને જન્મ પામશે એ વાત યાદ
રાખજો!** તમે કહેશો કે ત્યાં સુધી તો "શાંતિ"
રહેશે–પણ એને 'શાંતિ' નહિ પણ "યુધ્ધ
િરામ" જ કહી શકાય. અને ત્યાં સુધી જે 'વિજય'
થશે તે પણ, નવા યુધ્ધને માટે મળેલી નવી તક સમજવી.
"તો પછી પાછું યુધ્ધ જામે?" એવો પ્રશ્ન ઘણાંને
આવશે–જરૂર જામે અને તે પણ હમણાં જેઓ મિત્રો થઇ
લડે છે તેમની વચ્ચે પણ થાય તો નવાઇ નથી. હથિઆર
બંધ અને પાયમાલ થઇ ગયલી પ્રજાઓ વચ્ચે જ્યા જે
હિસાબની પતાવટ થાય છે તે બહુજ ભયંકર હોય છે.

જગતમાં હમણાં યુધ્ધમાં ઉતરેલી છે તે પ્રજાઓ
સિવાય પણ બીજી પ્રજાઓ અસ્તિત્વમાં છે–તેઓ પણ હથિ
યારબંધ છે. વળી નવી પ્રજાઓ પણ જન્મ પામેલી છે.
અવનવો ઉત્સાહ અને મહત્વાકાંક્ષા તેમનામાં આવી રહ્યાં છે
તેમનો લાગ આવે તો નવાઇ જેવું શું છે?

વળી પ્રજાઓની યાદીમાંથી જેમને દેશવટો દીધો છે તે પ્રજાઓ પણ સમયની રાહ જોઇ રહી છે.

આવતી કાલનો દિવસ શું તેમને માટે નથી આવવાનો ? જગતમાંથી નાશ પામવા વાળી વસ્તુઓને માટે છેલ્લો દિવસ આજનો છે, એટલુંજ બસ નથી—જગતના નવા સપ્તાહનો—અઠવાડીયાની શરૂઆત પણ થાય તો તેમાં આશ્ચર્ય નથી.

કેદીઓનો દિવસ (વારો.)

મનુષ્યજાતિની જુદી જુદી પ્રજાઓ ઘેટાંનાં ટોળાંઓ પેઠે આગળ વધતી હતી, તેમાં યુરોપની પ્રજાઓએ રખારીના કૂતરાઓની પેઠે તેમનું રક્ષણ કરવાનું કામ કર્યું છે, તેમણે ઘણી આતુરતાથી અને ઘણીવાર ક્રુરતાથી પણ પોતાનું કાર્ય કર્યું. જે પ્રજા ધીમી ચાલે, જે સૌની પાછળ પડી જાય. તેના ઉપર તો તેમણે જરાપણ દયા બતાવી નથી. પ્રભુકૃપાથી એ બધા કૂતરાઓ માંહોમાંહે જો ન લડી પડ્યા હોત તો તેમનો લોભ કયારે અટકત ?

યુરોપની બધી પ્રજાઓ ચોકીદાર કૂતરાઓનું કામ કરવામાં એકસંપ રાખત તો આખી દુનિયાને તેઓ પોતાના તાબામાં સહેલાઇથી લઈ શકત ! જગતના સ્વતંત્ર વિકાસની આડે તેઓ જરૂર આવત.

ઘણાં લોકો એમ માને છે કે યુરોપની બધી પ્રજાઓ ભેગી મળીને સારૂં કામ કરત. ચોકીદાર કૂતરાઓ ભેગા મળીને શું કરી શકે તે આપણે કયાં નથી જાણતા ? સન

૧૯૦૦ ની સાલમાં જર્મનીની સરદારી હેઠળ તેમનાં બધાં લશ્કરોએ મળીને ચીનની રાજધાની પેકીન ઉપર ચઢાઇ કરી હતી, અને ત્યાં કેવા ક્રુર અત્યાચારો કર્યા હતા! અત્યારે ચીનની સાથે કર્યું હતું તેવું વર્તન યુરોપમાં કરવા માટે તેઓ જર્મનીને ગાળો ભાંડે છે!

ચીન દેશ ઉપર જ્યારે યુરોપની બધી પ્રજાઓએ ચઢાઇ કરી ત્યારે પરમેશ્વરે તે તક યુરોપના ચક્રવર્તીપણાની લાયકીની પરીક્ષા માટે રાખી હતી! તે વખતે એમ નક્કી કર્યું કે યુરોપ ચક્રવર્તીપણું ભોગવવાને નાલાયક છે. અત્યાર સુધી યુરોપ જે સરસાઈ ભોગવતું તે પ્રગતિ માટે જરૂરની હતી. પણ હવે સરસાઈ પ્રગતિની આડે આવવા લાગી એટલે હવે તે સરસાઇ નાશ પામવા લાગી છે. યાદવાસ્થળીમાં તે બળ હોમાયું. યુરોપની રાજ-સત્તાઓએ Balance of power રાજસત્તાઓની ધારણનો નિયમ કર્યો હતો-તેનેજ આધારે જગતનું સમતોલન જળવાય તેટલા માટે યુરોપની ખાતર યુરોપે સ્થાપન કરેલું સમતોલન તૂટી ગયું!

કારણ કે કોઇવાર પ્રગતિનાં બળો મોખરે ચાલતી, બીજાઓ પર રાજ્ય કરતી, પ્રજાઓમાં હોય છે. ત્યારે કે ઇવાર તે બળો પાછળ ચાલતી, ચગદાયલી પ્રજાઓમાં પણ મળી આવે છે! આશ્ચર્યની વાતતો એ છે કે બન્ને સ્થિતિઓ એકબીજાને સહાય કરે છે. બળીયાનાં હથિયાર નિર્બળને જોર આપે છે; તેમનો વારો આવતાં તેઓ પણ પ્રજાનું રૂપ ધારણ કરે છે. જગતમાં એ પ્રમાણે ચઢતી-પડતીની ઘટમાળ ચાલ્યાંજ કરે છે. કોઇ પ્રજા અથવા વ્યક્તિની ચઢતી નિત્યસ્થાયી હોતી નથી, તેમ ગુલામગીરીની સાંકળોમાંથી

છૂટવાનો સમય પણ આવે છે. બધાનો છૂટકારો એક દિવસ તો આવનારો છેજ.

ખરૂં જોતાં આ યુદ્ધ સ્વતંત્રતા આપવા માટે થયું છે. પણ તે સ્વતંત્રતા દઢાઇમાં ઉતરેલી પ્રજાઓ આપવા માગે છે તેવી સ્વતંત્રતા નહિ હોય! હમણાં ચાલી રહેલા યુદ્ધમાં ઉતરેલી કેટલીક પ્રજાઓ મોટી પ્રજાઓને પોતાના હાથ તળે દબાવી રાખી પોતાના દુશ્મન-હરિફોના હાથમાં પડેલી નાની પ્રજાઓને છોડાવવાને બહાર નીકળી છે, પોતાના શિવાય જે જે પ્રજા, ચક્રવર્તીપણાનો અથવા સામ્રાજ્ય મેળવવાનો દાવો કરે છે, તેની સામે થાય છે. પોતાના ગળાપર પરરાજ્યની ઝુંસરી તેઓ એક ક્ષણભર સહન કરવા તૈયાર નથી, પણ પોતાના હાથમાં આવેલી પ્રજાઓ ઉપર તેઓ પોતે કડક ઝુંસરી નાંખતાં જરાપણ વિચાર કરતા નથી.

જગતના બધા લોક કહે છે કે યુરોપની નાની પ્રજાઓ આ યુદ્ધને લીધે છૂટી થશે. મને તે બાબતની ખાત્રી નથી. પણ એક વાત તો નક્કી લાગે છે કે આ યુદ્ધથી આફ્રિકા અને એશિયાની મહાન પ્રજાઓનો છૂટકો થશે.

શું જગતમાં આફ્રિકા અને એશિયામાં વસતી પ્રજાઓ માટે આશાનાં અંકુરો કદીજ નહિ ફૂટે? તેમને સ્વતંત્ર જીવન વહાલું નથી? આટલાંટિક મહાસાગરથી રાતા સમુદ્ર સુધી જેમની વસ્તી આવી રહે છે, તેવી એકજ ધર્મ પાળનારી આરબ ભાષા બોલનારી ઇજીપ્તની મહાન પ્રજાને માટે આશાજ નથી? તુર્કીની આપખુદી સત્તામાંથી મુક્ત

શું આ પ્રજાઓ દુઃખ સહન કરીને એકતા પામેલી છે તેમને માટે સ્વતંત્ર જીવન નથી?

અરબસ્તાનથી ટ્રીપોલી સુધી અને ટ્રીપોલીથી મોરોક્કો સુધીની બધી પ્રજા એક નેતાની વાટ જોઈ રહી છે. એકતા મળશે કે તુર્ત તેઓ એકપ્રજા બની જશે. આખી પ્રજા જેને માટે વાટ જોઇ રહે છે તેવો નેતા જરૂર આવે છે, ફરીફરીને આવે છે, વિજય પામે ત્યાં સુધી તે આવ્યા કરે છે.

અને એશિયા ખંડમાં આવી રહેલો મહાન ભરતખંડ! અર્વાચીન હિંદુસ્તાન! પ્રાચીન આર્યાવર્ત! ભારતમાતા! આખા જગતનું હૃદય! બધી પ્રજાઓને ધવડાવી ઉછેરનાર પવિત્ર માતા! કઇ પ્રજાને હિંદ દેવીએ પોષણ નથી આપ્યું? હિંદની જુદી જુદી જાતિઓમાં એકજ આત્મા વસી રહ્યો છે. હિંદને પોતાના ભૂતગૌરવનુ ભાન છે, સ્વતંત્ર ભવિષ્યની આશાઓ તેના હૃદયમાં ઉછળી રહી છે. હિંદના આત્માને ખબર છે કે આવતી કાલનો દિવસ સેંકડો વર્ષોથી જેની વાટ જોવાઇ રહી છે તે ઉદ્ધારનો દિવસ છે! શું તેમના પવિત્ર પુસ્તકોને જપ્ત કરવાથી અથવા તો ભગવદ્‌ગીતા વાંચનારાઓને કેદ કરવાથી અથવા તેમનાં ઋષિ જેવાં સંતાનોને તોફાની ગણી કાઢીને તમે તે ભવિષ્યના દિવસને આવતો અટકાવી રાખશો? અરે! જ્યારે હિંદનો ઉધ્ધાર થશે ત્યારે તો મનુષ્યજાતિને માટે નવો યુગ શરૂ થશે!

જુવાનીમાં આવેલી, ઉમ્મર લાયક પ્રજાઓ, ઘરડી પ્રજાઓ ઉપર જુલમ ગુજારી રહી છે, તે એક દિવસ

બોધ કરી એ પ્રમાણે વર્તન કરવું મૂકી દેશે. નવી જન્મેલી બાળક-પ્રજા ઉપર પણ જે અત્યાચાર થઇ રહ્યો છે તે પણ બંધ પડશે !

તે દિવસે બેલ્જીયમનાં હાથમાં કોંગોલેંડની અત્યારે જેવી સ્થિતિ થઇ રહી છે, તેવા અત્યાચારોથી ભરપુર દેશો નાહ હોય !

યુરોપખંડની બ્હાર યુરોપ આટલા બધા ગુલામો રાખે અને તેના પોતાનાં ઘરમાં એક પણ ગુલામ ન હોય એ કેવી રીતે સંભવે? ઘરમાં જુના ગુલામો પણ હતા અને હવે નવા પણ થશે.

જુના અને નવા કેદીઓના છુટકારાનો એક દિવસ જરૂર આવશે, "ક્યારે આવશે?" એવો પ્રશ્ન આપણને સ્વાભાવિક રીતે થાય છે. જ્યારે યુરોપની બધી પ્રજાઓ જુલમ કરનારી પ્રજાઓ સુધ્ધાં-પોતાનાં હૃદયમાં રહેલા દુશ્મનને જીતી લઇ શકશે ત્યારે! નહિ કે અત્યારે જુદી જુદી પ્રજાઓના થઇ પડેલા રક્ષકો, તેમના દુશ્મનોને હરાવી બાહ્ય અંતરાયોને દૂર કરશે ત્યારે! અત્યારે તો બધાજ ગુલામો છે!

તે દિવસ-જ્યારે પ્રજાઓ પોતાનાં હૃદયમાં રહેલી સ્વાર્થ-લોભી-વાસનાઓને જીતશે ત્યારે યુધ્ધનો છેલ્લો દિવસ થશે. યુરોપની ન્હાનકડી પ્રજાઓ અને મોટી પ્રજાઓ જીતા-યલી હશે કે વિજયી હશે, તે બધી પ્રજાઓના લોકોનો દિવસ આવશે, અને તેનું રળીયામણું પ્રભાત તેમને દેખાશે.

મહાન સંધ્યાઃ—સાયંકાળ.

પણ તે પ્રભાત આવશે તેની પૂર્વે સાંજ કેવી હશે?

તે પ્રભાત આવતાં પહેલાં–તે વહાણું વાતા પહેલાં–તો યુરોપના ઘણાખરા દેશોમાં રાજ્યક્રાંતિ થશે! અત્યારે તો બધા આ વાત કરી રહ્યા છે. અને તેની આશામાં ને આશામાં વાટ જુએ છે. રાજકર્તાઓ આ વાત ન જાણતા હોય તો આપણે તેઓ દેખતા નથી એમ કહેવું પડે. કેટલાક રાજકર્તાઓએ 'અમે જાણતા નથી' એમ કહે છે ખરા પણ ક્રાંતિ આવવાની છે, તેની ખબર અજાણ્યે પણ તેમને પહોંચી ગઇ હોય એમ લાગે છે. તેઓને રાજક્રાંતિની બીક લાગતી હોય એમ જણાઇ આવે છે.

આ લડાઇ પણ આટલી બધી લંબાયા કરે છે, તેનું એક કારણ તો એ છે કે, દરેક પ્રજાના રાજકર્તાઓને દેશમાં ક્રાંતિ થવાની બીક લાગેલી છે. તેઓ ધારે છે કે લડાઇ વધારે ચાલશે તો ક્રાંતિ થતી અટકશે. પણ એ ધારણા તદ્દન ખોટી છે. યુદ્ધ વધારે ચાલે છે, તેમ ક્રાંતિ પણ ઝડપથી પાસે આવતી જાય છે.

લડાઇમાં ઉતરેલી પ્રજાઓના મનમાં હો કે ન હો, પણ આ યુદ્ધનો ખાસ હેતુ તો હોવો જોઇએ. ભલે અત્યારે આપણે તેનો હેતુ કબુલ ન કરીએ, પણ અંતે તે હેતુ આપણે જોર જુલમથી માન્ય કર્યા વગર ચાલવાનું નથી. કેટલાકને એમ થશે કે યુદ્ધનો એવો હેતુ કયો છે? તે હેતુ તદ્દન સારો છે. પાપનો જુનો ઘડો છે, તેના ટુકડે-ટુકડા પ્રજાઓના જીવનની જુની પુરાણી પદ્ધતિનો પાયો જડમૂળથી ઉખાડી નાંખવો અને તેને બદલે વધારે સારી અને સુંદર સંસ્કૃતિનો પાયો નાંખવો–એ તેનો હેતુ છે. યુરોપની તલવાર તેની પોતાની છાતીમાં વાગે છે–અને હજી

પણ જરૂર હશે તો ભવિષ્યમાં વાગશે. કયાં સુધી?—જ્યાં સુધી યુરોપની દરેક પ્રજાના મનમાં રહેલો, લોભનો રાક્ષસ મૃત્યુ પામ્યો નથી ત્યાં સુધી! તે મરશે નહિ ત્યાં સુધી તલવાર અટકશે પણ નહિ.

ઉપર જણાવ્યું તે રીતેજ જુદા જુદા લોકો વચ્ચે સુલેહ કરી શકાશે. પણ યુરોપના લોકો અને તેમની સરકાર વચ્ચે એ સુલેહ નહિ થાય!

કહેવાનું તાત્પર્ય એમ નથી કે યુરોપની સરકારો કેવળ નિરૂપયોગી થઇ પડી છે. અથવા તો લોકોને સરકારરૂપી એક રોગ લાગુ પડયો છે. પણ યુરોપના દેશોની રાજ્યપધ્ધતિ ચલાવતી સરકાર—એ પોતે પ્રજામાં વ્યાપી રહેલા રોગના પ્રતિનિધિઓ છે. લોકોનો રોગ રાજ્યનું રૂપ ધારણ કરી રહ્યો છે. લોકોનો અવાજ આપણે રાજકર્તાઓનાં—અથવા તો સરકારનાં કાળાં કૃત્યોમાં જોઇએ છીએ! જ્યારે લોકો પોતાનો દોષ દૂર કરવા મથે છે ત્યારે પહેલાં તો જે વસ્તુ જોવાથી તેમનો દોષ યાદ આવે તેવી બધી વસ્તુઓને દૂર કરવા મથે છે.—યુરોપની સરકારો પણ તેથીજ દોષવાન થઇ પડશે. તેમાં સરકારોનો વાંક નથી. જ્યારે માણસ બીજો ધર્મ સ્વીકારે છે, ત્યારે જુનો ધર્મ છોડી દે છે, એટલુંજ નહિ પણ જુના ધર્મની મુર્તિઓનો વિનાશ કરે છે! મુર્તિઓનો તેમાં જરાપણ દોષ હોતો નથી અથવા તો તેઓ કોઇપણ ભૂલને માટે જવાબદાર નથી તો પણ લોકો તેનો નાશ કરે છે.

યુરોપની બધી સરકારોને માથે આ ભારે સંકટ આવી પડેલું છે. તેમાંથી બચવાનો માત્ર એકજ ઉપાય છે; તે

એ છે કે સરકારે જાતેજ નવો ધર્મ સ્વીકારી લેવો. યુરોપની સરકારોએજ લોકોનાં ઘણાંખરાં દુઃખનાં કારણો સમજીને કબુલ કરી લેવા, અને તે કારણોને પોતાનામાંથી દૂર કરી નાંખવા. પણ અત્યારે યુરોપમાં જે રાજ્યો છે તેમાંથી કઈ સરકાર એ પ્રમાણે ખુલ્લો કબુલ કરવા રાજી છે? અને સુધારવાને તૈયાર છે? હમણાં તો માંહોમાંહે કોલકરારજ એવા પ્રકારના કર્યા છે કે તેમની મરજી હોય તોપણ તેઓ એ પ્રમાણે ખુલ્લા દીલથી વર્તન કરી શકશે નહિ.

યુરોપના લોકો ઉપર જણાવ્યું તે પગલું ભરશે એમાં જરાપણ સંશય નથી. કારણ કે યુરોપની સરકારો એ પગલું ભરે તેમ લાગતું નથી. અત્યાર સુધી ખરી હકીકત યુરોપના લોકોથી પણ ઢાંકવામાં આવી છે. એ વાત જ્યારે તેઓ જાણશે ત્યારે સરકારને ઉથલાવી નાંખવાનું કામ શરૂ કરશે.

યુરોપના લોકો અત્યાર સુધીની એકજ વાત જાણે છે, અને તે વાત એ છે કે તેઓએ 'મૃત્યુ' ને માટે તૈયાર થવાનું છે-મરવાની વાત છે તેજ સત્ય છે. બાકી બીજી બધી બાબતમાં અસત્ય અને જુઠાણું તેમણે સાંભળ્યા કર્યું છે. લડાઇના હેતુ વિષે પણ યુરોપના લોકોને અસત્ય કહેવામાં આવ્યું છે. યુધ્ધનાં પરીણામો વિશે પણ ત્યાંની સરકારો જુઠું બોલી રહી છે. હવે પછી જે થવાનું છે, તેના વિષે પણ તેઓ જુઠાણું ચલાવી રહ્યા છે. એક દિવસ એ બધું અસત્ય જરૂર નાશ પામવાનું છે.

જગતના ઇતિહાસમાં તે મહાન સંધ્યા હશે. તે સાંજ પછી યુધ્ધનો છેડો આવશે, અને ભવિષ્યમાં લડાઇઓ બંધ

થશે. ત્યાર પછી કદાચ એક યુધ્ધ થશે પણ તે છેલ્લુંજ હશે. અત્યાર સુધી યુધ્ધ જેમાંથી જન્મ પામતાં રહ્યાં છે, તે કારણો સાથેજ તે છેલ્લું યુધ્ધ થશે–અર્થાત્ જે માનસિક સ્થિતિની પ્રતિનિધિ સરકાર–સામે તે યુદ્ધ યુરોપના દેશોમાં થશે–તે વખતેજ વધુ મરવા લાયક હશે તે આપોઆપ મરી જશે.

હમણાં જે બીનાઓ બની રહી છે તેનાથી એટલું તો આપણને સ્પષ્ટ જણાઇ આવે છે.

યુરોપની સરકારો! છેવટ સુધી ખોટી આશાઓ આપીને લોકોને તમે રાજી રાખ્યા છે, તે આશાઓ ભંગ કરી સત્ય જણાવી દેવાનો સમય હવે ગયો છે. તોપણ તમે સત્યને ઢાંકી શકશો? તેમની દૃષ્ટિને છેતરવાને નાટકના પડદાની અને સ્ટેજની રચના તમે રચી છે, તે જ્યારે જમીનપર આવશે, ત્યારે પણ તમે સત્યને છૂપાવી શકશો? પ્રજાઓની જે પાયમાલી થઇ છે, તેને શું તમે ઢાંકી દઇ શકશો? યુદ્ધમાં જઇ મૃત્યુમાંથી બચીને તેઓ પોતાનું જીવન ગાળવા માટે પાછા આવશે ત્યારે તેઓ કેવી રીતે જીવશે, અને શેના ઉપર જીવન ગાળશે?

લોકોની ઘટી ગયલી સંખ્યા ઉપર અને ખુટી ગયલી શક્તિઓ પર પ્રજાકીય દેવાનો અસહ્ય ભાર તમે મૂકશો ત્યારે સત્ય ઢાંક્યુ નહિ રહે! તેમનામાં યુદ્ધ લડતાં બાકી રહેલા લોહીનું પાણી કરીને તમે તેમને કર ભરવાનું કહેશો ત્યારે સત્ય બહાર નીકળી આવશે. પચાસ હજાર, લાખ, દશલાખ, કરોડ અબજોનો ભાર તેમનાપર ચઢી ગયો છે તે ક્યાં સંતાડશો?

તમે જેનાથી ચગદાઇ ગયા છો, તે પથરો શું તમે [illegible] પાસે ઉંચકાવી જાતે છુટી જવા માંગો છો? પણ લોકો તેવી ભૂલ કદીપણ નહિ કરે. તમે ચગદાયલાં હશો તેમનાપર ઉભા રહી તેઓ તો નૃત્ય કર્યા વિના રહેશે નહિ, કારણકે તમે તેમનાં મૃતદાંઓ ઉપર નૃત્ય કરવામાં મણા [illegible] નથી.

પ્રજાઓની આટલી બધી પાયમાલી થવાનું એકજ [illegible] છે તે શું તમે છુપાવી શકશો?–તે કારણ–તમારી [illegible] તૃષ્ણા–પૈસાને માટે, સત્તાને માટે, અપરિમિત લોભ તમારૂં અભિમાન–તમારો અન્યાય! તમારી અમાનુષી લૂંટાલૂંટ!

તેઓ એકદમ જાણી લેશે કે અત્યાર સુધી તેમને ઝેર [illegible]માં આવ્યું છે.—દવાને નામે ઝેર આપવામાં આવ્યું છે, એમ જાણતાંજ તેઓ ઝેર બહાર થુંકી નાંખ્યા વિના નહિ રહે!

અંતર રાષ્ટ્રીય–સોગટાંબાજીની ચોપટમાં તમે તેમાં લોકોનાં શરીર, ઘરબાર વગેરે હોમી દેતાં–એ બાજીનો ખ્યાલ જ્યારે તેમને આવશે, વળી જ્યારે તેઓ એમ સમજી જશે કે "રાજ્ય" એ કાંઇ ચોકકસ નિશ્ચિત વસ્તુ નથી, પણ અનિશ્ચિત દલાલી કરનાર સંસ્થા છે, અને તેવી અનિશ્ચિત એજન્સીને તેમણે–લોકોએ–પોતાના લોહીથી સહી કરી આપીને ઉચ્ચ પદવીએ સ્થાપી છે.–જ્યારે તેઓ જાણશે કે ખાનગી સ્વાર્થને માટે બનેલા મંડળો તેમનાપર રાજ્ય ચલાવી રહ્યાં છે–તેમની બહાદુરીને પાણી ચઢાવવા માટે મોટા ઉત્તેજક શબ્દો વાપરવામાં આવતા હતા. પણ તે બધા શબ્દોની પાછળ કેવા ક્ષુદ્ર–વેપારી ધંધાઓ અને નફાટો-

ટાનાં સાટાં કરવામાં આવતાં હતાં- અરે! તેમનાં મુડદાંઓની સંખ્યાપર નફાઓ કેવી રીતે ગણવામાં આવતા -ત્યારેજ, અત્યારે-તમે જે લોકોને શિકારી કુતરાઓની પેઠે શિકાર કરવાને દોડાવી રહ્યા છો-તે બધા તમારી સામે ધસી આવ્યા વિના રહેશે નહિ, અને તમને ફાડી ખાશે. પ્રજાકીય અંધતાનો ગીધ-જે દુષ્ટ ગીધ તેમનું માંસ તોડી રહ્યો છે, તે ગીધનો નાશ કરવાને તેઓ એકસામટા ઉભા થશે.

ગરીબ બિચારા લોકો! રમતના મેદાનને માટે ઉભા કરેલા ગુલામોના ટોળા જેવાં લોકો! તેઓ તો બિચારા કસાઇવાડે જતા ઘેટાંના જેવા હતા! તેમનામાં એક પણ માણસને યુદ્ધ કરવાની ઇચ્છા-શરૂ કરવાની ઇચ્છા ન હતી! લોકોની પાયમાલીના કારણરૂપે જે રાજસત્તાધારી લોકો છે, તેમનાપર વિશ્વાસ મૂકી તેઓ તો બિચારા લઢવા માટે ગયા—તે રાજયસત્તાએજ તેમને ઇર્ષારૂપી-દારૂ પાઇને ગાંડા કરી મુકયા હતા!

લોકો તો બધા સમજ્યા વગરજ લઢવા ગયલા તેમના દુઃખનો વિકટ પ્રશ્ન જુદી જુદી સરકારે જુદા જુદા અસત્ય રૂપમાં મુકવાનો પ્રયત્ન કર્યો છે, પણ તે બધું નિરર્થક-વ્યર્થ છે. હવે તો લોકોએ પોતેજ સ્પષ્ટ શબ્દોમાં તે પ્રશ્ન રજુ કર્યો છે. "બધા દેશના લોકો મોટે ભાગે મહેનત-મજુરી અને શાંતિનીજ માગણી કરતા હતા, કરી રહ્યા હતા-તે છતાં-આ ભયંકર યુદ્ધ કયાંથી આવ્યું? શામાટે તેઓને યુદ્ધમાં ઉતાર્યા અને કોણે ઉતાર્યા? દરેક દેશમાં એવું કોણુ છે કે, તેમને ભાઇઓનાં ગળાં કાપનાર ખૂની બનાવી મુકે છે?

જ્યાં સુધી ઉપરના પ્રશ્નનો ઉત્તર તેમને નહિ મળે

ત્યાં સુધી ભોકો હવે અટકશે નહિ ! હવે એ પ્રશ્નને કાણ ઢાંકી દઇ શકશે ? આ નર્ક સમાન યુધ્ધમાં તેમના આત્મા કેવી રીતે ઘડાયો છે તે તો કોઇ જાણતું નથી પણ એટલી વાત ચોક્કસ છે કે તેઓ યુધ્ધના મેદાન પરથી તદન બદલાઇને જ આવવાના. આ યુધ્ધમાંથી તેઓ સાધુ વૃત્તિવાળા સાત્વિક થઇને આવો અથવા તો તામસીવૃત્તિવાળા રાક્ષસો આવો, પણ જે રાજ્યને લીધે આવું ઘોર યુધ્ધ થઇ શકે છે તે રાજ્યને તો તેઓ પોતાના પગ તળે જરૂર ચગદી નાંખશે.

જે વસ્તુસ્થિતિ કોઇના પર દયા બતાવતી નથી તેમના પર તેઓ શા માટે દયા બતાવે ? જે વસ્તુસ્થિતિ-રાજ્ય-તેમની પ્રજાને ભવિષ્યના સંતાનોને યુધ્ધ જેવાં ઘોર કૃત્યમાં નાંખે, તેને શા માટે તેઓ જીવતી રહેવા દે ?

ઉપર જણાવ્યું તેવું યુધ્ધનું સત્ય છે. અત્યારે અવ્યવસ્થા ઘણી થઇ રહી છે, તો પણ આપણે તે સત્ય તો કબુલ કરવું જોઇએ. ચારે બાજુથી સંભળાતા કોલાહલમાંથી આપણને એ ધ્વનિ તો સ્પષ્ટ સંભળાઇ રહ્યો છે.

આ યુધ્ધ આપણને ભવિષ્યની દિશા ન બતાવી શકે તો પછી એમાં કાંઇ પણ અર્થજ નથી.

શું આ યુધ્ધમાં ઉદારવૃત્તિની તુલના કરી શકાશે—? —બન્ને બાજુમાંની કઇ બાજુ વધારે ઉદાર છે તેનો આપણે નિકાલ કરી શકીશું ?—કદિ પણ નહિ. બન્ને બાજુએ એક જાતના વિચારો તુર્ત જણાઇ આવશે. ચક્રવર્તી રાજ્ય તો બન્ને બાજુઓને મેળવવાની

ઇચ્છા છે. જુલમ પણ બન્ને તરફ થતો જોવામાં આવે છે. પોતપોતાના ઘરમાં પણ જુલમ અને જ્યાં જ્યાં વસાહત કરી છે, ત્યાં ત્યાં પણ જુલમ. રશિયાના રાજા ઝાર જર્મનીના કૈસરની રાજ્યપધ્ધતિને શી રીતે દોષ દઇ શકે ? એ તો ઢાંઢી સાસરે ન જાય, પણ ગાંડીને શીખામણ દે; તેવો ન્યાય છે ! બન્ને બાજુએ યુધ્ધ કરતી પ્રજાઓમાં "બસ લઢો" કહેનારો વર્ગ કયાં નથી મળી આવતો ? તો પછી કોણ કોને દોષ દઇ શકે ?

આ યુધ્ધમાંથી આપણે ધાર્મિક વૃત્તિનું માપ-કે-તુલના પણ કરી શકીએ તેમ નથી-યુધ્ધ કાંઇ તેનો નિકાલ કરવા માટે થયું હોય એમ આપણને લાગતું નથી. બન્ને બાજુએ પ્રોટેસ્ટંટ અને રોમન કેથોલીક ધર્મવાળા માણસો પોત પોતાના દેવળોમાં જઇ દેવોને ધર્મ બાંધવોનો-બધુંઓનો નાશ કરવા માટે પ્રાર્થનાઓ કરી રહ્યા છે ! મુસલમાનો બે બાજુમાંથી ગમે તે બાજુપર રહીને લડતા માલુમ પડે છે ! આ યુધ્ધ થયું તે પહેલાં ધર્મની આટલી બધી ઉપેક્ષા કદી પણ કરવામાં આવી ન હતી !

આ યુધ્ધમાં જાતિ પરત્વે યુધ્ધ કરવાનો સિધ્ધાંત પણ જણાતો નથી. તદ્દન વિપરિત-સંબંધ ધરાવતી અને કોઇપણ પ્રકારનો સંબંધ નહિ ધરાવતી પ્રજાઓ અત્યારે એક એકની જોડે લડવા માટે ઉભી છે, અને લોહીનો સંબંધ ધરાવતી પ્રજાઓ સામસામે લઢે છે, અને રાજાઓ તો (તુર્કીના પાદશાહ શિવાય) બધા એકજ લોહીથી જોડાયલા છે !

આ યુધ્ધમાં આપણને આર્થિક દિશા પણ જણાતી નથી ! આથીથી આપણે એક વાત કહી શકીએ કે આ

યુધ્ધમાં લડનારી બધી પ્રજાઓની આર્થિક પાયમાલી થયા વિના નહિ રહે! લઢાઈમાં જે પ્રજાઓ ઉતરી નથી તેવી તટસ્થ પ્રજાઓને દેખીતો આર્થિક લાભ તો થશે.

યુધ્ધ શાસ્ત્રના નિયમથી આપણે જોઈશું તો પણ આપણને જણાશે કે હમણાં જે ઘોર યુધ્ધ ચાલી રહ્યું છે તેમાં લશ્કરી દૃષ્ટિએ પણ કાંઈજ અર્થ સમાયલો નથી; કારણ કે આ લડાઈનું પરિણામ એક હોઈ શકે અને તે "બધાઓનો નાશ" છે. બન્ને બાજુના દમમાં દમ છે, ત્યાં સુધી બન્ને બાજુઓ પોતે વિજયી કહેવડાવવાનો દાવો કર્યા વિના નહિ રહે.

આપણે તો હમણાં વધારે ઉંડાણમાં તપાસ કરવાની જરૂર છે. અત્યારે જે નાટક આપણી દૃષ્ટિ સમક્ષ ચાલી રહ્યું છે તેની અંદરથી બીજું મહાન નાટક પણ ધીમે ધીમે આરંભાતું હોય એમ જણાય છે.–તેની પણ સામગ્રી ભેગી થતી જાય છે. યુધ્ધ શરૂ થયું છે. સામાન્ય દૃષ્ટિએ આપણને દૃશ્ય મહાસત્તાઓની વચ્ચે પણ ખરેખરૂં જોતાં તે અદૃશ્ય વસ્તુઓ વચ્ચે આવી રહ્યું છે. એ વાતમાં જરાપણ શંકા નથી. જગતની જુની ઘટના અત્યારે પોતાનીજ સામે યુધ્ધ ચલાવી રહી છે. અને પશુબળ, અપ્રમાણિકતા વગેરે આયુધ્ધો બન્ને બાજુએથી સામસામે વપરાય છે અને તેમાં અન્યોન્ય નાશ થઈ રહ્યો છે.

સૈકાઓની મહેનત અને સતત પ્રયત્નનું જે ફળ—યુરોપને મળ્યું તેમાંથી યુરોપ પોતાની પ્રજાઓને અન્યાયનો પગાર અત્યારે આપી રહ્યો છે.

યુરોપે અત્યારે જે મહાન દાવાનળ પ્રગટાવ્યો છે તે જાણે પોતે તેમાં બળીને શુદ્ધ થઇ જવાની ઇચ્છાથીજ પ્રગટાવ્યો હોય તેમ લાગે છે. તેને અત્યારે મરવાની તીવ્ર ઇચ્છા થઇ રહી છે. કારણ કે તેનો આત્મા પુનર્જન્મ લેવાને —પામવાને—આતુર થઇ રહ્યો છે.

અત્યારે જે યુરોપ મરવા તૈયાર થઇ રહ્યું છે તેનીજ પાછળ જીવન ગાળવાને—નવીન પરિવર્તન પામેલું જીવન—ગાળવાને તૈયાર નવીન યુરોપ પણ સજ્જ થઇ ઉભું છે. પાણી પેઠે પૈસાની રેલ ચાલી રહી છે અને લોહીની યાદવાસ્થળીનો યજ્ઞ આરંભાયો છે તે ઉજ્જવલ ભવિષ્ય માટે છે.

એવું ઉજ્જવલ ભવિષ્ય—યુરોપને માટે આવતું હોય તો જરૂર આ મહાન સંધ્યા પ્રલય રાત્રિના ઉપોદ્‌ઘાત જેવીજ ગણાય અને તે રાત્રિના ગાઢ અંધકારમાં મરી ગયેલાં માણસો માત્ર નહિ પણ મરણ પામેલી સંસ્કૃતિઓ પણ દટાઇ જશે !—પણ તે રાત્રિ પ્રલયની ગાઢ અંધકારયુક્ત રાત્રિ હશે.

કારણ કે અત્યાર સુધી જે વસ્તુઓ અસ્તિત્વમાં હતી તે બધી વસ્તુઓનો વિનાશ કરવાથી હવે માત્ર બે સ્થિતિ સંભવિ શકે. એક બાજુએ નર્કની ઉંડી ખીણમાં સદાને માટે પડીને પાયમાલી વહોરી લેવી અથવા તો પુનર્ઘટના શરૂ કરવી. જુના બધા માર્ગો પુરાઇ ગયા છે. એટલે હવે તો અંધકારમાં યાહોમ ઝુકવો અથવા તો પ્રભાત પ્રત્યે પ્રયાણ કરો.

હા ! પ્રભાત ! પ્રભાત એટલે આગલા દિવસનું પુનરાવર્તન નહિ ! " અત્યાર સુધી જે અસ્તિત્વમાં નથી આવ્યું

તેનો જન્મ "—એનું નામ પ્રભાત! આશા બધે જ્યાં ને પ્રભાત છે. ભૂત કાળને તે મળતો નહિ આવે. ખરી વાત છે કે ઘણીવાર રગસીયો ભૂતકાળ આપણને ભવિષ્યમાં પોતાનું જીવન જેમ તેમ ગાળતો માલુમ પડે છે. ભવિષ્યમાં જ્યાં સુધી ભૂતકાળનો છાયો રહી ગયો છે ત્યાં સુધી પ્રભાત થયું નથી.

ભૂતકાળના શેષ રહી ગયેલા પડછાયાઓમાંથી કઈ પ્રજા પહેલી વહેલી બહાર નીકળી આવશે? જે પ્રજાઓએ પહેલવહેલું આ વાંવાઝોડાનું ઉપસન કર્યું છે, તેઓજ કદાચ તેમાંથી સૌથી વહેલી પાઠ શીખી લે તે બનવા જોગ છે. બધાના પરાજયથી તેઓ પહેલો પાઠ શીખશે એમાં જરા પણ સંશય નથી.

કારણ કે આ લડાઈમાં જે પરાજય થશે તે બધાના ઉપર સ્વાર થઈ બેસશે, બધાંની છાતીએ પથરા પેઠે વાગશે, અને યુદ્ધ કરવાની વૃત્તિને જ્યાં સુધી પશ્ચાતાપ થયો નથી ત્યાં સુધી તે ભાર લાગ્યા વિના નહિ રહે. બધી પ્રજાઓને એમ લાગશે કે આપણાપર મૃત્યુનો કાયદો રાજ્ય કરી રહ્યો છે." અને જીવન જીવવાનો નિયમ જ્યારે તેમને મળશે—ત્યારેજ તેઓ એ મૃત્યુના કાયદામાંથી બચવા પામશે.

જગતની બધી પ્રજાઓ સમક્ષ પ્રાચીન-પ્રશ્ન ઉપસ્થિત થયો છે—તે એ છે કે તેમણે હવે તો બે વસ્તુઓમાંથી એકને પસંદ કરવાની છે. પહેલી વાત તો અત્યાર સુધી તેમણે પોતાનું જીવન જેમ ગાળ્યું છે, તેજ પ્રમાણે હવે પછી પણ ગાળે, અને ભૂતકાળમાં જે જે સહન કર્યું તે બધું ભવિષ્યમાં પણ સહન કરે; અથવા તો-તેમણે પોતાના

અંતર જીવનમાં સમૂળો ફેરફાર–પરિવર્તન કરી નાંખવો ઘટે છે.

ખરૂં જોતાં અત્યારે જે પ્રશ્ન ઉપસ્થિત છે તે જીવનની સપાટી ઉપરના કેટલાક નિયમો બદલવાનો નથી. આખા જગતની ઉથલપાથલનું કારણ અને તેનું પરિણામ રાજકીય અથવા રાષ્ટ્રીય ફેરફારોથી આપણે પતાવી દઇ શકીએ તેમ નથી;–બંધારણો અને નિમણુંકોમાં ફેરફાર કરવાથી પણ આવાં યુદ્ધનાં કારણો નહિ અટકે તેમ ઉપર ચોટીયા–બાબતોથી પ્રજાઓનું ભવિષ્ય ફરે તેમ નથી.

આવી વસ્તુસ્થિતિ જો બદલી શકય નહિ, તો માણસો માત્ર બદલવાથી શો લાભ થઇ શકે? માણસો એનાં એ રહે, અને પરિસ્થિતિ બદલાય તોપણ શું વળે? અત્યારે તો માણસ અને સંસ્થાઓ બન્નેનો આત્મા બદલવાની જરૂર છે. પ્રજાઓના આત્માને અત્યારે બદલી નાંખવાની જરૂર છે. અત્યારે નવીન સત્યુગની ભાવનાને ઝીલવાની જરૂર છે.

જુદી જુદી પ્રજામાં એવાં ઘણાં માણસો હમણાં પણ છે કે જેઓમાં આ નવી ભાવના જન્મી છે, પણ તેઓ તદ્દન સામાન્ય માણસો છે. તે માણસો–પ્રાચીન પ્રેમી–નથી. તેઓ તો ભવિષ્યમાંથી આવેલા દૂત જેવા છે.

પણ એવો આદર્શ રાખનારાં માણસો ઘણાંજ થોડાં છે–હમણાં હમણાં બીજાં માણસો પણ તેમની પાછળ ચાલવા લાગ્યાં છે. દરરોજ તેમની સંખ્યા વધતી જશે. અત્યારે ભૂતકાળની ચાલતી આવેલી આ ઘન્ડ્રજાળ જેમણે તોડી છે, જેઓ વર્તમાનકાળનું બધું રહસ્ય સમજી ગયા છે.

તેઓના હૃદયમાંથી ઝેર જતું રહ્યું છે, એટલે નવીન પ્રભા-તને તેઓ વધાવે છે. સમય જતાં એમની સંખ્યા જરૂર વધવાની, આવતી કાલે તો તેઓ દરેક પ્રજામાં બહુમતિ ધરાવતા થઇ જશે !

બધી જુની જુની આડખીલીઓ વચ્ચે થઇનેજ તેઓ એકત્ર થાય છે. તેઓ બધા દરેક પ્રજામાં છે. તેઓ બધા [illegible] અધ્યાત્મિક-માતૃભૂમિનાં બાળકો છે. તેમણે ભેગાં [illegible] મધ્યમ-ઘાયલ યુરોપને ઉંચી સ્થિતિએ લઇ જવાનો [illegible] કરવાની જરૂર છે. બધા મળીને મૃત્યુ પામેલા યુરો-પમાંથી નવું યુરોપ જન્મે એવું કરો ! યુરોપ તમારો સંદેશ [illegible] તો જગતમાં જ્યાં જ્યાં કલ્યાણ, નીભાવના-પ્રમા-ણિકતા છે ત્યાં તે સંદેશ પહોંચાડો. જો પશ્ચિમમાં પહેલી [illegible] તો પૂર્વમાં પ્રભાતને નમન કરો !

[illegible]રેક પ્રજામાં એવાં માણસો છે કે જેમને કોઇ અમુક [illegible] પ્રજાના માણસો ગણી શકાય નહિ, કારણકે તેઓ [illegible]તિની સેવા બજાવે છે. તેઓ પોતાના દેશની સેવા [illegible]તાં માનવજાતિની સેવા વધારે અગત્યની માને છે. આથી [illegible] તે એમના તરફ નજર નાંખીને વાટ જુએ છે. પોતાની [illegible] અને સહન કરેલાં દુઃખોના બદલાની આશા તે [illegible]ણુસો પાસેથી રાખે છે.

[illegible]મણાં તેમણે બધાએ ઉભા થઈ જવું જોઇએ, અને તેને ન્યાયનો સિદ્ધાંત પોકારીને સંભળાવી દેવો [illegible] દરેક પ્રજામાં આવી રહેલાં કુટુંબોમાં કુનેહનો [illegible] જેમ પળાય છે તેવીજ રીતે તે કાયદો પ્રજા પ્રજા [illegible]ળાવાની જરૂર છે. પ્રજાઓ આખી માનવ જાતિના

શહેરીઓ ગણી શકાય. પ્રજામાં આવી રહેલાં કુટુંબોમાં તે નિયમની જેટલી જરૂર છે તેટલીજ જરૂર માનવજાતિમાં કુટુંબરૂપ પ્રજાઓમાં પણ તેની જરૂર છે. બધી પ્રજાઓએ ભેગા મળીને માનવજાતિમાં સુલેહ-અને શાંતિ [illegible]જવવાની છે. અત્યારની પ્રજાઓમાં રહેતા એવા માણસોએ ભવિષ્યની આશાઓ અને ભૂતકાળનું વચન બન્ને ખરાં [illegible] બતાવવાનાં છે-સફળ કરવાનાં છે. જરા આ[illegible] નાંખો! જગતની બધી પ્રજાઓ, ભવિષ્યનાં [illegible] અત્યારે તમારા પ્રત્યે નજર નાંખી રહ્યાં છે! [illegible] અધુરી રહેલી આશાઓને આપણી પેઢીએ પૂરી [illegible] એ મહાન આશા કઇ છે? તે આશા એક એ[illegible] આટે છે કે જેનો દિવસ હજી સુધી આખી મા[illegible] જોયોજ નથી!

પ્રજાજીવનનો નિયમ.

જાણ્યે અજાણ્યે, મને કમને, મનુષ્ય જાતિ[illegible] પૃથ્વી પર સાથે રહેતાં આવ્યાં છે.

દરેક પ્રજા માનવ જાતિની એક વ્યક્તિ ગણ[illegible] કારણ કે વ્યક્તિની પેઠે સમાજ-સજીવ અને પ્રત્ય[illegible] છે, પણ દુર્ભાગ્યે જન સમાજમાં આવી રહેલા [illegible]માં અને મન પશુવૃત્તિથી બહુ આગળ વધેલું હોય તે નથી. જીવનરક્ષણ અને પશુવૃત્તિનું પોષણ એ બે છે. અત્યાર સુધી તેઓ એક બીજા સાથે મળતાં પ્રાણીઓ પેઠેજ મળી શકતાં. મનુષ્યની પેઠે લોકરે સુધી ભેગાં મેળવી શકાતાં નથી! તેમાં જે પ્રજાઓ

આગળ વધેલી કહેવાય તે બધી તો શિકારી પ્રાણીઓ જેવીજ થઇ રહી છે.

તેમણે પોતાને માટે જે ઉપનામો પસંદ કર્યા છે તે જો કે અજાણ્યે કરેલાં છે તો પણ આપણને તેમનાથી હિંસક પશુઓનીજ કલ્પના આવે છે. કોઇ પ્રજા પોતાને "સિંહ" કહેવડાવે છે, તો કોઇ પોતે "ગરૂડ" કહેવડાવવામાં માન એકજ કોઇ પ્રજા 'રીંછ'નું ઉપનામ ધારણ કરે છે; અગાને, આ કોઇ પ્રજા 'વાઘ' અને ચિત્તાનું ઉપનામ પસંદ પ્રયત્ન ઇક પ્રજા વળી ઓછી શક્તિવાળા પણ અત્યંત ભમાંથી 'કુકડા'નું નામ પણ ધારણ કરે છે.

સાંભળે રીતે અત્યાર સુધી પ્રજા પ્રજાઓના સંબંધમાં તા ચારે તેનો નિયમ એકજ હતો, અને તે નિયમ-ઉગે પ્રાણીઓની ભક્ષણ કરવાની વૃત્તિમાં જે નિયમ હોય છે

દે ન-'બળીયાના બે ભાગ.' એ નિયમ તેમની વચ્ચેનો એકજ ધિવામાં મુખ્ય ગણાતો! જબરો હોય તે જીતે—એ માનવજાનુસરીનેજ અત્યાર સુધી તેમનો સંબંધ થયો છે. કરતાં એવો સમય આવ્યો છે કે પ્રજાઓએ પોતાના માનવજાનમાં-સમાજ જીવનમાં પશુ સ્થિતિથી પર થવું મહેનતોન પ્રજાઓએ પ્રજા તરીકે નીતિવાન થવાનો પ્રયત્ન એવા માએ.

વ્યક્તિને માટે અને પ્રજાને માટે નીતિનો કાયદો તો મનુષ્યમાં શકે. દરેક પ્રજામાં રહેતા માણસો ઉપર જે કાયદા જોઇએ. ખાય છે તેજ કાયદાઓ પ્રજાને માટે ફરજીયાત હોવા સિધ્ધાંત એ કે નીતિનું ધોરણ બન્નેને માટે એક સરખુંજ વચ્ચે જામાં રહેનાર એક માણસનું જે કામ ગુન્હા રૂપ

ગણાતું હોય તે કામ પ્રજા કરે તો તે પણ ગુન્હોજ ગણાવો જોઇએ. સ્વાર્થ, લોભ, લાલચ, ક્રુરતા, લૂંટ વગેરે દુર્ગુણો વ્યક્તિમાં માલુમ પડે તો તે હલકી ગણાય છે અને રાજ્ય તરફથી આ બધા દુર્ગુણોના કાર્યો ગુન્હા રૂપ ગણાય છે, તો પછી પ્રજા—એટલે લોકોનો સમગ્ર સમૂહ એવાં નિંદ્ય કર્મો કરીને તેમાં આબરૂ કેવી રીતે માની શકે? વ્યક્તિની શાખ-આબરૂ અને પ્રજાની શાખ–આબરૂમાં શો ફેર છે? પ્રજા પોતેજ પોતાની 'આબરૂ'નો ભંગ આવા દુર્ગુણોથી કરી રહી હોય તો પછી હથિયાર ઉઠાવી તે 'આબરૂ'ના બચાવ માટે બીજી પ્રજાઓ સાથે લઢવાની શી જરૂર છે? નિર્બળ પ્રજાઓ ઉપર લૂંટ ચલાવીને, અસત્યનો આશ્રય લઇને, અપ્રમાણિકતાથી વર્તીને તેજ આબરૂને પોતે બટ્ટો લગાડી રહી છે—તેનું શું? કોઈ પણ માણસની શાખ તેનામાં રહેલા બળ ઉપર બંધાતી નથી. પ્રજાની શાખ–આબરૂ પણ તેના બળ પર આધાર રાખતી નથી. તે માણસ અથવા પ્રજા પોતાના બળનો કેવો ઉપયોગ કરે છે તેના ઉપર આબરૂનો, શાખનો આધાર રહેલો છે. વળી શાખ–આબરૂ સાથે ધનને પણ કાંઇ સંબંધ નથી. ધન કેવા માર્ગોથી મેળવાયલું છે અને તેનો ઉપયોગ શો થાય છે તેના ઉપર ચારિત્રની કિંમત અંકાય છે. બીજાઓને વશ કરવાથી આબરૂ વધતી નથી, પણ આત્મ સંયમ કરી આપણી પોતાની દુષ્ટ વાસનાઓને જીતવામાં ખરી આબરૂ રહેલી છે!

બધી પ્રજાઓમાં આવાં આબરૂદાર માણસો મળી આવે છે તો પણ કઇ પ્રજાએ પોતાની આબરૂ ગુમાવી નથી? આપણે જેનાથી શરમાવવું જોઇએ એવી આબરૂમાં મિથ્યા-

એમ ન લેતાં આપણે ક્યારે બંધ પડીશું ?

વ્યક્તિના વર્તનમાં આપણે એવું ધોરણ બાંધ્યું છે કે દરેક વ્યક્તિએ પોતાનું વર્તન બીજાઓને દાખલા રૂપ-દૃષ્ટાંત રૂપ થઇ પડે એવું કરવું જોઇએ.

પ્રજાઓએ પણ નીતિનો એ નિયમ જાળવવો જોઇએ. પ્રજાઓએ પણ એવી રીતે વર્તવું કે તેથી પ્રજાનું વર્તન વ્યક્તિઓને દાખલા રૂપ થઇ પડે !

ઉપર જણાવ્યો તે નિયમ પ્રજાઓ પાળવા માગતી ન હોય તો ગુન્હેગારોને પોતાની સત્તા વાપરીને સખ્ત શિક્ષા કરવાનો તેને શો હક્ક છે ? દેશને લાયક ગુન્હેગારોજ દેશને મળી રહે છે !

દરેક શહેરીએ પોતાના દેશના કરતાં વધારે પ્રમાણિક શા માટે થવું જોઇએ ? જે કાર્યો માટે વ્યક્તિને સખ્ત સજા કરવામાં આવે છે તેજ કાર્યોમાં માતૃભૂમિ હમેશાં અભિમાન લેતી જણાય છે. એ ન્યાય ક્યાંનો ? લોકોએ પોતાને નામે તે ગુન્હાઓ પ્રજાના રાજ્યકર્તાઓને હાથે શા માટે થવા દીધા ? જે કર્મો વ્યક્તિને શરમ લગાડનારાં થઇ પડે તે કર્મો માતૃભૂમિને નામે તેમણે શાં માટે થવા દેવાં જોઇએ !

હું તો એમ માનું છું કે માતૃભૂમિએ પોતાના શુભ વર્તનથી શહેરીઓ ઉપર દાખલો બેસાડવો જોઇએ. એક માણસ પોતાના બળનો લાભ લઈ નિર્બળ માણસ પ્રત્યે અયોગ્ય વર્તન કરે તે શરમભરેલું ગણાય છે-તો પછી માતૃભૂમિને પણ બીજી નિર્બળ પ્રજાઓ પ્રત્યે તેવું વર્તન કરવાનો જરા પણ હક્ક નથી.

એક વ્યક્તિ અપ્રમાણિકતાથી કે બ્હીક બતાવીને-અથવા જોરજુલમથી ફાયદો મેળવી જાય. અણઘટતો લાભ લઈ જાય, અને તેનું વર્તન આપણે દોષિત ગણીએ તો પછી માતૃભૂમિએ પણ તેવા કર્મો કરવાં છોડી દેવાં જોઈએ ?

માતૃભૂમિ એવાં કર્મોથી-દૂર ન રહે તો દરેક સાચા શહેરીએ તો એવાં કૃત્યો થતાં અટકાવવાને પોતાથી બનતા પ્રયત્નો કરવા ચૂકવુંજ ન જોઇએ. જેઓમાં જ્ઞાન છે તેમણે તો એવાં કાર્યોમાં પોતાની સંમતિ કદી પણ આપવી જોઇએ નહિ. પ્રજાના એવાં કર્મોમાં સાચા શહેરીયોએ શા માટે ભાગીદાર થવું જોઇએ ! આપણને એલચીનો પગાર આપવામાં આવે તો પણ શું ?

અત્યારે તો હરકોઇ 'સ્વદેશાભિમાન'ની વાતો કરતું જણાશે અને તેમાં કાંઇ પણ દૂષણ નથી. સ્વદેશાભિમાન-સ્વદેશભક્તિને આપણે ઉન્નત બનાવવી જોઇએ. આપણે તેને ધૂળમાં રગદોળી નાંખવી જોઇએ નહિ કારણ કે ઘણી વાર સ્વદેશાભિમાનને મેં અત્યંત અવનતિના કારણ રૂપ જોયું છે.

આપણી જન્મભૂમી આપણી સૌથી પવિત્ર માતા છે! પોતાની માતાને ક્રૂર અને ડાકણ જેવી, વઢકણી જોવાને કોણ ઇચ્છા રાખે? તેને જુઠ્ઠી અને ચોર બનાવવા માટે કોણ પ્રયત્ન કરશે !—કોઈ નહિ !—

કોઇજ નહિ—છતાં પણ દરેક દેશમાં એવા કહેવાતા દેશભકતો છે, જેઓ પોતાની માતૃભૂમિએ બીજી પ્રજાઓ પાસે પડાવી લીધેલી જમીન, દોલત [illegible] માટે પોતે અભિમાન ધરાવે છે! તેમની માતૃભૂમિ બીજી પ્રજાઓના

ભડકો દબાવે, તેમના પર જુલમ કરે, હથિયાર વગરની અથવા હુશિયારી વગરની પ્રજાઓને જીતીને ગુલામ બનાવે ત્યારે તેઓ અભિમાનથી ફૂલાય છે. જે કૃત્યો એક બે છૂટી વ્યકિતઓએ કર્યા હોત તો તેમને શરમાઇને મરી જવાનો સમય આવે તેજ હડહડતાં કાળાં કૃત્યો જ્યારે માતૃભૂમિ કરે ત્યારે દેશભકતો તેમાં અભિમાન લે છે!

ખરી દેશભક્તિ એવા પ્રકારની હોતી નથી. માતૃભૂમિને શિકારી કુતરાની પેઠે ખૂન કરવાને ઉશ્કેર્યા કરવામાં ખરી દેશભકિત નથી—જ્યારે માતૃભૂમિ એવાં કર્મો કરે ત્યારે તેને શાબાશી આપવામાં, પોતાના પંજામાં નવો શિકાર પકડી લાવે ત્યારે તેને વધાવી લેવામાં પણ દેશભકિત નથી!

સાધારણ લોકો જેમાં મિથ્યાભિમાન લેતા હશે તે કૃત્યોથી ખરા દેશભકતો શરમાઇને નીચું જોતા હશે!—પોતાનો દેશ અન્યાયી વર્તણુકથી દોલત મેળવે ત્યારે તેઓ પોતાના દેશને માટે શોક કરતા જણાશે! કારણકે એવાં કૃત્યોથી તેમને દેશ વધારે સમૃદ્ધિવાન નહિ પણ ચારિત્ર અને નીતિની દોલત વગરનો—વધારે દરિદ્રી જણાશે. એ નીતિ અને ચારિત્રની દોલત વગરનો દેશ તેમને સુંદરતા વગરનો—બેસુરત—લાગશે—તેના નીતિના આભુષણો ઉતરી ગયલાં જણાશે!

દરેક દેશમાં એવા કેટલા દેશભકતો છે કે જેઓ પોતાની માતૃભૂમિને એટલી તો ચાહે છે કે તેને અપમાણિક જોવાને તેઓ જરા પણ રાજી નથી? જેઓ તેને હમેશા વધારેને વધારે પવિત્ર ઉજળી જોવાને ઇચ્છે છે! જેઓ પોતાની માતૃભૂમિને શરમ લગાડે એવું એક પણ કાર્ય

થાય તેમાં આડે આવે છે. જેઓ પોતાની માતૃભૂમીનાં સુંદર મુખ ઉપર કાલવ કે લોહીનો એક છાંટો સુધ્ધાં લાગવા દેતા નથી.

ઉપર જણાવ્યો તે નિયમ તદ્દન સામાન્ય અને સરળ છે—છતાં આપણે એટલાં બધા પતિત થયલા છીએ કે તે નિયમને આપણે એક આદર્શ ગણવો પડે છે!—ખરેખર! આપણે જંગલી દશામાંથી બહુ આગળ વધ્યા નથી જ! આપણે તો માત્ર પહેલું પગલું ભરવાનું છે. વર્તમાન કાળની પ્રગતિ એ પ્રથમ પગલું ભરવામાં સમાયલી છે. તે નીચે પ્રમાણે છે:—કુટુંબમાં દરેક વ્યકિતનું જે સ્થાન છે, દરેક કુટુંબનું શહેરમાં જે સ્થાન છે; દરેક શહેરનું પ્રાન્તમાં—પ્રાંતનું દેશમાં—તેવુંજ સ્થાન દરેક દેશનું—દરેક પ્રજાનું—આખી માનવ જાતિમાં ગણાવું જોઇએ!

સ્વાર્થી દ્રષ્ટિથી પોતાનેજ માટે જીવવું દરેક પ્રજાએ હવે બંધ કરવું જોઇએ.—પોતાનાથી વધારે વિશાળ માનવ-જાતિ છે તે સમજી તેની ખાતર જીવન ગાળતાં શીખવું જોઇએ. વ્યકિત અને પ્રજા બન્નેને માટે એજ નિયમ ઉત્તમ છે કે તેમણે મનુષ્યજાતિને માટે જીવતાં શીખવું!

દરેક પ્રજા હવે પછી અનુભવશે-યુરોપની પ્રજાઓએ તે પેટ ભરીને અનુભવ્યું કે ઉપર જણાવેલા નિયમ શિવાય બીજો કોઇ પણ રસ્તો યોગ્ય નથી-અને બીજા બધા માર્ગો-નો અંત મૃત્યુ-વિનાશમાં આવે છે.

પ્રજાઓનો આદર્શ.

માણસની અથવા પ્રજાની મહત્તા તેના આદર્શની મહત્તા ઉપરથી આપણે માપી શકીએ. અને તે આદર્શને પહોંચવાનાં પગલાં-પગથીયાં ઉપરથી પણ આપણે તેનું માપ કાઢી શકીએ. ઘણીવાર એમ જોવામાં આવ્યું છે કે આદર્શ એટલે મોઢે બોલવાની અથવા મનમાં કબુલ કરવાની હોય તે વાતો-પણ વર્તનથી તો તેને સો ગાઉ દૂર રાખવાની હોય તે!

દુનિયામાં જે જુની સંસ્કૃતિ અત્યારે મરવા પડી છે તેનો આદર્શ શો હતો?-તેઓ બોલવામાં તો મણા રાખતા આવ્યાજ નથી! અત્યાર સુધી એમણે જેટલું જેટલું કહ્યું છે તેના ઉપર આપણે નજર કરીએ તો આપણને એમજ જણાય કે, આવા ઉચ્ચ આદર્શો માણસમાં કદી પણ હતા નહિ! બધી પ્રજાઓ "સ્વતંત્રતા, ન્યાય, વિદ્યા, પ્રગતિ, સુધારો વગેરે મોટા મોટા શબ્દો વાપરે છે-પણ તેમનું વર્તન જોઇએ તો?-આદર્શ અને આચરણ વચ્ચે આવો મોટો ભેદ પૂર્વે કદી પણ આપણે જોયશો હશે નહિ!

જે પ્રજાઓ પોતે મહાન પ્રજાઓ હોવાનો દાવો કરે છે-તેઓએ "સ્વતંત્રતા" ને માટે શું કર્યું છે? તેમણે તો સ્વતંત્રતાનો ઇજારો પોતાને માટે લીધો છે ખુબી તો એવી છે કે જે પ્રજાઓ બીજી પ્રજાઓને સ્વતંત્રતા જરા પણ આપતી નથી તેજ પ્રજા સ્વતંત્રતાના બણુગાં ફુંકવામાં સૌથી આગળ પડતો ભાગ લે છે તેમને તો આખી દુનિયાને પોતાના પગ તળે ચગદી નાંખવાની સ્વતંત્રતા જોઇએ છીએ!

તેમણે 'ન્યાય'ની શી વલે કરી છે? તેમના સ્વાર્થમાં

જરા પણ આંચ ન આવે એટલા માટે એક જામીન તરીકે તેઓ ન્યાયને વાપરે છે, પણ બીજી પ્રજાઓના હક્ક આપવાની વાત આવે છે ત્યારે તો બળના પ્રમાણમાં તેમનો હિસ્સો અપાય છે.

વળી વિજ્ઞાનશાસ્ત્રનું એમણે બાપાઓએ શું કર્યું છે? પોતાનો લોભ અને ઇચ્છાઓ સંતોષવાનું એક સાધન! ભવિષ્યનો ઇતિહાસ શું કહેશે? "એમણે જ્ઞાન તો ઘણું મેળવ્યું; પણ તેનો ઉપયોગ ઘણોજ ખરાબ રીતે કર્યો!"

પ્રગતિમાં બધી વસ્તુઓને તેમણે કેવળ જડ-પાર્થિવ બનાવી દીધી છે! અહંતા યુક્ત જડવાદ વાળી-પ્રગતિ તેમના હાથમાં આવી રહેલી છે.

અને સંસ્કૃતિ-સુધારો-વિગેરેનું શું? બંદૂક અને તોપની મુખ્યાપર આધાર રાખનારો પ્રજાઓને એક હક્ક! તેમનાં કાળાં કૃત્યોને ઢાંકવાનું એક બ્હાનું તે સુધારો; ઢોંગ અને લુચ્ચાઇનો ઢાંકપીછોડો એજ સંસ્કૃતિ!

મનુષ્યજાતિને તેઓ કેવી ગણે છે?-નફો મેળવવાનું એક ક્ષેત્ર, વેપારનું જાણે એક બજાર-તેમણે તો જીવતી જાગતી આવી પ્રજાઓને વેચવાની વસ્તુઓ તરીકે ગણી લીધી છે. પોતાના પોષણને માટે પાળવામાં આવતાં ઢોરોની પેઠે બીજી પ્રજાઓને તેમણે રાખેલી છે.

ઉપર જણાવ્યા પ્રમાણે મોટા મોટા શબ્દોનું ઓજસ અત્યારે યુદ્ધમાં લોહીના રાતા રંગમાં બદલાઇ જતું માલુમ પડે છે.

આજકાલની પ્રજાઓનો આદર્શ-મહત્તા મેળવવી એવો હતો-પણ તે આદર્શ ક્ષુદ્ર હતો! કારણકે તે મહત્તા કેવળ

ભૌતિક હતી. જે વસ્તુની કિંમત આંકી શકાય અને જેની કિંમત રોકડાં નાણામાં થાય, તેટલું માત્ર મહત્તાનું માપ કાઢવામાં ગણત્રીમાં લેવાતું!

તેઓ સત્તાથી અને ધનથી મહાન થવાની ઇચ્છા રાખતા હતા! પૈસાથી સત્તા, અને સત્તાથી પૈસો મેળવીને તેમણે પોતાના દેશની સીમાનો વધારો કર્યો. અને એ રીતે બાહ્ય સામ્રાજ્ય વધારીને તેમણે મહાન થવાનો પ્રયત્ન કર્યો—દેશ—પરદેશમાં સત્તા વધારવાથી સત્તા અને ધન બન્ને પ્રાપ્ત થાય છે એ સમજી તેમણે સ્વાર્થને માટે બધી વસ્તુઓનો ભોગ આપ્યો!—હમણાં આ યુધ્ધમાં તો તેમણે પોતાના જીવનને સુદ્ધાં અર્પણ કરી દીધું છે!

મેળવો—બસ વધારેને વધારે મેળવો. ' જીતી લો '—એજ તેમનો કાર્યક્રમ અત્યારે હતો!—તેમણે તે પ્રમાણેજ કાર્ય કર્યું છે! તેમણે દુનિયાને વહેંચી લીધી છે. હવે કાંઇપણ બાકી રહેલું નથી! કોઇપણ ઉપાયે ભાગ પડાવનાર ભાગીદારોની સંખ્યા ઘટાડાય તો મોટો ભાગ મળે. એવી દાનત કેટલાકને થઇ. અથવા તો ભાગ પાડી લીધાં પછી ઝુંટ પડાવી બીજાઓ પાસેથી છીનવી લેવાનો ઉપાય રહ્યો હતો! તેમ કરીનેજ પોતાનો ભાગ વધારી શકાય એવું રહ્યું છે. અત્યારે યુધ્ધમાં તેઓ એજ કામ કરી રહ્યા છે.

કેવળ ઐહિક—સુખોની પાછળ ગાંડી થઇને દોડનારી પ્રજાઓ જ્યાં સુધી જગતમાં હશે ત્યાં સુધી તેઓ આ પ્રમાણેજ વર્તશે, એમાં જરાપણ શક નથી. જગતની બધી પ્રજાઓ લડીલડીને નાશ પામી જાય, અને છેવટે માત્ર એજ પ્રજાઓ બાકી રહે તોપણ તેઓ અંત સુધી લડવાની! એ યાદ રાખજો!

શું આટલો અનુભવ પૂરતો નથી? ફરી ફરીને એજ અનુભવ કરવો છે? ભુતકાળમાં ધનવાન, બળવાન, અને વિજયી એવી કેટલીએ પ્રજાઓ થઇ ગઇ છે. કેટલીએ સત્તાઓ અને સામ્રાજ્યો ઉગીને આથમ્યા છે; તેમના ખંડેરો અત્યારે પણ માર્ગમાં નિશાન તરીકે-પડી રહેલાં છે, આજકાલની પ્રજાઓને વિનાશના માર્ગ તરફ જતી અટકાવવા માટે તે ખંડેરો હજી પણ ઉભાં છે!

લોભના રાક્ષસી દૂતે, અને સત્તાની પ્રબળ વાસનાએ તેમને કયાં લોભાવી-લલચાવી-દોરી આણ્યા છે? શું હજી-પણ તેઓ જોઇ શકતા નથી?

જૂનો જમાનો અત્યારે મરણપથારીએ પડયો છે-તેણે પાર્થિવ જગતનો કબજો મેળવ્યો છે-એ વાત તદ્દન ખરી છે, માનવજાતની સંપૂર્ણતા માટે જડસૃષ્ટિમાં પણ મનુષ્યના સામ્રાજ્યની જરૂર છે. પણ યુરોપની મહત્વાકાંક્ષા માત્ર ઐહિક જગતમાંજ જકડાયલી હતી તેથી તે કચડાઇ ગઇ. કારણકે કુદરતનું ઢળાણ તો પ્રગતિ તરફજ હોય છે, કુદરત તો જગતની સર્વ પ્રજાઓને ઉચ્ચ માર્ગ તરફ દોરવવા માંગે છે. તે પ્રજાઓ એ પ્રગતિ પ્રમાણે આગળ ચાલશે તેઓજ જીવી શકશે.

ખરી મહત્તા કાંઇ ગજ કે માઇલમાં માપી શકાતી નથી. પ્રજાઓની વૃદ્ધિ, પણ સપાટીનો વીસ્તાર વધવાથી નહિ પણ ઉચ્ચાઇ પરથી મપાય છે. જયારે આપણે કોઇ પણ પ્રજાને આગળ વધવાનો બોધ આપીએ છીએ ત્યારે તે પ્રજાને તેના દેશનો વિસ્તાર વધારવાનું આપણે કહેતા નથી. પણ તેનાં સ્ત્રી અને પુરૂષોની પ્રગતિ કરવાનું કહીએ છીએ. પ્રગતિ થવા માટે દેશનો વિસ્તાર વધવાની જરૂર નથી—

સંખ્યા નહિ પણ કિંમત વધારવાની જરૂર છે! મોટામાં મોટો દેશ તે ગણી શકાય કે જેમાં મનુષ્યજાતિ સૌથી મોટા કદવાળી આપણને દેખાય. શારીરિક નહિં પણ નૈતિક અને ધાર્મિક—અર્થાત્ જ્યાં ઉચ્ચમાં ઉચ્ચ આદર્શોને માણસો ઝીલી શકે અને તેમને જીવનમાં ઉતારી શકે?–પછી તે દેશનુ કદ ગમે તેટલું હોય અથવા તે પ્રજાની સંખ્યા ગમે તેટલી ન્હાની હોય!

આપણાં ભવ્ય સામ્રાજ્યોમાં અને વસવાટવાળા પ્રદેશોવાળા સામ્રાજ્યોમાં રહેવા કરતાં વધારે સુંદર અને ઉચ્ચ આદર્શવાળી ન્હાની પ્રજાના શહેરી થવું કોને નહિ ગમે?

જેવી રીતે દેશનો વિસ્તાર અથવા પ્રજાની વસ્તી એ દેશની આબાદાની અને પ્રગતિનું લક્ષણ નથી–તેવીજ રીતે પૈસો એ પણ પ્રજાઓના જીવનનો આદર્શ નથી. દેશની કે પ્રજાની ખરેખરી કિંમત જાણવાનું માપ સોનું નથી પણ પ્રકાશીત-જ્ઞાન-પ્રતિભા છે. જેનાથી આખી મનુષ્ય જાતિની દોલતમાં વધારો થાય, તેજ પ્રજાની ખરેખરી દોલત છે. પ્રગતિનો નાનો સિદ્ધાંત જે પ્રજા શોધી કાઢે તે પ્રજા વધારે સમૃદ્ધિવાન છે. કોઇપણ પ્રજા જ્યારે ઉચ્ચ જીવન ગાળવાના નવા સિદ્ધાંતને પ્રગટાવે છે ત્યારે તે વધારે ધનવાન બને છે. દુનિયામાં મળી આવતી ઐહિક વસ્તુઓનો મોટો ઢગલો જમા કરે તેટલા ઉપરથી પ્રજા ધનવાન ગણાવી જોઇએ નહિ, પણ જ્યારે પ્રજા નવી વસ્તુઓને ઉત્પન્ન કરે, મનુષ્ય જાતિની ભાવનાને પોષણ આપે ત્યારે તે વધારે ધનવાન ગણી શકાય.

કેટલાક માણસો પ્રજાની મહત્તાનું માપ સત્તા ઉપર રાખે છે–પણ સત્તા મેળવવી–અને વધારવી એ પ્રજાઓનો

આદર્શ હોઇ શકે નહિ. સાચી સત્તા તો તે છે કે જેનાથી માણસને સુખ પ્રાપ્તિ થઈ શકે. જે સત્તા પોતે વધવાનો પ્રયત્ન કરે છે તે ખરી સત્તા નથી–ખરેખરો વિજય લડાઇના મેદાનપર મેળવેલો વિજય નથી, પણ મન અને આત્માનો વિજય છે. પ્રજાની કીર્તિ મનુષ્યજાતિમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાથી વધે છે.

સત્તા, ધન દેશનો વિસ્તાર વગેરે વસ્તુઓ સારી છે–પણ જ્યારે તે વસ્તુઓ કરતાં વધારે ઉચ્ચ આદર્શોને પ્રાપ્ત કરવા માટે પ્રજાઓ એક બીજા સાથે હરિફાઈ કરશે ત્યારે તે હરિફાઇમાંથી પણ અનુપમ પરિણામ આવશે !

પ્રજાઓનો આદર્શ "સ્વાર્થ સાધવો"–એટલોજ હોઇ શકે નહિ–કારણકે તેમનો આદર્શ નિઃસ્વાર્થતા હોય એમ લાગે છે.–પણ તે નિસ્વાર્થતામાં તેમનો અંતિમ સ્વાર્થ સમાઇ જાય છે.

આજે આપણને જે વાત આદર્શરૂપ લાગે છે તે આવતી કાલે તો અનુભવમાં આવી જાય છે. એટલે જે પ્રજાઓ પોતે આદર્શને પ્રાપ્ત કરવા માટે પ્રયાણ કરે છે તેઓ ભવિષ્યકાળ જોડે સલાહ કરી લે છે–પહેલેથી કોલ કરી લે છે. જેટલા પ્રમાણમાં સ્વતંત્રતા, ન્યાય, પ્રગતિ વગેરે સુત્રોને પ્રજા પોતાના જીવનમાં ઉતારે છે–ઘટાવે છે–તેટલા પ્રમાણમાં તે પોતાનો આત્મ સાક્ષાત્કાર કરી લે છે. જ્યારે પ્રજા પોતાના આદર્શથી વિમુખ થઈ જાય છે, અને પોતાનોજ સ્વાર્થ સાધવામાં મશગુલ થઇ રહે છે, ત્યારે તે ભવિષ્યની વિરૂદ્ધ જાય છે–આપણે ઇતિહાસના અનુભવ ઉપરથી પણ જાણીએ

છીએ કે ભવિષ્યની આદર્શ જોડે બાથ ભીડવામાં તો જબ-રામાં જબરી પ્રજાઓ પણ સફળ થઇ નથી. મોટાં મોટાં સામ્રાજ્યો પણ તેમાં નાશ પામી ચુકયાં છે-સ્વાર્થી સામ્રા-જ્યો જીવી શકયાં નથી. આજે પણ જે રાજ્યો અત્યારે હયાતીમાં છે તેમાંથી કેટલાં જીવશે તે કોણ જાણી બેઠું છે ?

કોઇપણ પ્રજા તેને પોતાનેજ માટે જીવી શકતી નથી. જેટલે અંશે તે મનુષ્યજાતિની સેવા બજાવે છે તેટલે અંશે તે પ્રજા જીવે છે એમ કહી શકાય. પ્રજાજીવન જ્યાં સુધી મનુષ્યજાતિના જીવનને માટે જરૂરી હોય છે ત્યાં સુધી ટકી રહે છે. ભલેને એક પ્રજા કેવળ પોતાનો સ્વાર્થ સાધવામાં ગુલતાન થઈ રહે, પણ આડકતરી રીતે પણ જો તે મનુષ્ય જાતિની સેવા બજાવે તો તેનો આવરદા-તેનું જીવન-ટકી રહે છે. પણ પ્રજા કોઇપણ રીતે ઉપયોગી રહે જ નહિ-મનુષ્યજાતિના જીવનને માટે તદ્દન નિરૂપયોગી જ થઇ જાય -જ્યારે સીધી કે આડકતરી રીતે મનુષ્ય જાતિનાં જીવનને માટે તદ્દન નિરૂપયોગીજ થઇ જાય-જ્યારે સીધી કે આડકતરી રીતે મનુષ્ય જાતિની કોઇપણ રીતે તે સેવા બજાવી શકે નહિ ત્યારે તેની જીવનશક્તિ પાછી ખેંચી લેવામાં આવતી હોય તેવું જણાય છે, પ્રજા કરમાઇ જાય છે અને અંતે ખરી પડે છે-કારણકે મનુષ્ય જાતિને હવે તેનું કામ રહ્યું નથી.

ક્રુર કાળ અત્યારે જે પાઠો સઘળી પ્રજાઓને ભણાવી રહ્યો છે, તે પાઠો આવતી કાલે બધી પ્રજાઓ શીખી લેશે. કોઇપણ પ્રજા એ ભયંકર કાયદાનું ઉલ્લંઘન કરવા જેટલી મુર્ખી તો નહિજ થાય ! પ્રજા અત્યારે તો એ [illegible] કઇ પ્રજા તે કાયદાઓને સમજીને ઝટ પોતાના વર્તનમાં

ઉતારી દેવા માટે તૈયાર છે? બીજી પ્રજાઓને પોતાનો હાથલો આપવાનું બાજુ કઇ પ્રજા ઝડપી લેવાને તૈયાર થશે? કઇ પ્રજા મનુષ્ય જાતિને પોતાના જીવનનો આદર્શ માનશે? -નિઃસ્વાર્થતાને પોતાનો મહાન અચલ નિયમ ગણશે.-તેનાજ આદર્શને પોતાનો રક્ષણકર્તા ગણી ભવિષ્યને પોતાનો સાથી બનાવશે?

—: પ્રજાઓની પ્રગતિ :—

જગતમાં જે જુદા જુદા સેંકડો દેશ પરદેશો આપી રહેલા છે તે બધા દુનિયાનાં સમગ્ર રાજ્યનાં જુદા જુદા પ્રાંતોને સ્થળે ગણાય તેવા છે, અને તે દેશોમાં-વસતી પ્રજાઓ—વસતી જુદા જુદા લોકો મનુષ્ય જાતિમાં જુદાં જુદાં કુટુંબો ન હોય તેવા લાગે છે. પરંતુ, અફસોસની વાત તો એ છે કે તે લોકોમાંથી કોઇપણ ઉપર જણાવ્યો તેવો વિચાર ધરાવવાને બદલે, ફક્ત દરેક પ્રજા પોતાના સ્વાર્થનો જ વિચાર કરવામાં મશગુળ થઇ ગયલી જણાય છે!

ખરી વાત જોવા જઇએ તો જગતમાંની ઘણીખરી પ્રજાઓ માંહોમાંહે એકબીજાનું ખાઇ જવાની દાનત રાખે છે અને તેથી દરેક પ્રજા જાણે બીજી પ્રજાઓ અસ્તિત્વમાં છેજ નહિ એમ માની વર્તન કરતી માલુમ પડે છે. પ્રજાઓ સાચી મનુષ્ય જાતિરૂપી સમાજમાં રહેવાનો વિચાર પણ ભાગ્યે કરતી હોય એમ જણાય છે દરેક પ્રજા પોતાનું સંકુચિત જીવન, સ્વાર્થી માર્ગેજ ગાળવા માગે છે અને એ ક્ષુદ્ર સ્વાર્થ સાધવામાં પોતે અબાધિત રહે એવી આશા રાખે છે!

પોતાની ટેવોને અનુકુળ એવી બધી બાબતોને તે "પ્રગતિ" એવું નામ આપે છે. જગતરૂપી વિશાળ સ્વદેશમાં પોતાના દેશની "પ્રાંતીયતા" જાળવવા તેઓ બહુજ મથે છે.

બીજી પ્રજાઓ છે તેઓ વિશાળ જ્ઞાન ધરાવનારી છે. તેમની અહંતા પણ એક સ્થળે સ્થિર રહી શકતી નથી. તેઓ આખા જગતની બધી બાબતોમાં રસ લે છે, કારણકે આખા જગતમાં જુદે જુદે સ્થળે એમણે પોતાનો અડ્ડો જમાવ્યો હોય છે.—કારણકે જયાં ને ત્યાં એમનો પોતાનો સ્વાર્થ રહેલો હોય છે! જગતમાં પ્રજાકીય કાર્યો થાય છે તે બધામાં એમનો હાથ તો જરૂર હોવોજ જોઇએ! અને એમને દલાલી પણ ઠીક મળી રહે છે! એમની સંખ્યા કાંઇ બહુ મોટી નથી. ભાગ્યેજ એક ડઝન જેટલી થાય! પણ તેઓ બહુ ધમાલીયા અને ગડબડીયા લોકો છે. આખી દુનિયામાં જ્યાં જાઓ ત્યાં એમાંના બે ત્રણ એકબીજાની સામે કે એક બીજાની સાથે મળી આવ્યા વિના રહેજ નહિ! એમનો સ્વાર્થ કોઇવાર એમની વચ્ચે એકતા કરાવે છે અને કોઇવાર એમની વચ્ચે મારામારી કરાવે છે એટલે સરવાળે એમનાં બે કે ત્રણ મોટાં મંડળો સ્વાર્થ પર દ્રષ્ટિ રાખીને બંધાઇ ગયાં છે. જાણે કે વેપારીઓની બે ત્રણ પેઢીઓજ. આ પ્રજાઓ સમાજમાં તો રહે છે, પરંતુ તેઓ મોટી પ્રજાઓની ન્હાનકડી સમાજમાંજ રહે છે. અને પોતાની મહત્વકાંક્ષા અને લોભને પોષે તેનેજ તેઓ "પ્રગતિ" કહે છે!

આ મ્હોટી પ્રજાઓનાં મંડળો અત્યાર સુધી માંહો માંહે હરિફાઇ કરવામાં ગુંથાઇ રહ્યાં એનાથી જગતનું ઘણું હિત સધાઇ ચુકયું છે. મ્હોટી પ્રજાઓ ન્યાયસર અને ડહાપણ ભરેલી રીતે જગતનું રાજ્ય ચલાવે એ તો કદાચ ઇચ્છવા લાયક પણ ગણાય, પરંતુ જુલમી પ્રજાઓની સહકારી મંડળી જગતનો સર્વ નફો ગળી જવા માટે બને, તો તો જગતને તોબા પોકરાવે—અને યુરોપનું યુનાઇટેડસ્ટેટ થયું હોત તો તે એવી જુલમી પ્રજાઓની મંડળીજ થાત. કારણ કે જે ભાવનાઓ એ પ્રજાઓમાં હતી તે જોતાં બીજું પરીણામજ અસંભવીત હતું! વધારામાં હમણાં જે પ્રચંડ યાદવા સ્થળ ચાલી રહેલી છે. તેને લીધે હવે આખા જગતના ટ્રસ્ટી-વાલી થઇ પડવાની યોજના તો જરૂર નિષ્ફળ ગઈ છે!

વ્યક્તિમાં જે અરાજકતાને રાજ્ય જરાપણ સાંખી શકતું નથી તે અરાજકતામાંજ અત્યારે તો બધી પ્રજાઓ જીવન ગાળે છે. એ અરાજકતાનો ત્યાગ તેઓ કયારે કરે છે? જ્યારે તેઓ એક બીજાની ગુલામગીરીમાં આવી પડે છે અથવા તો ચોરના ભાઇ ઘંટીચોર થવા માટે જુલમમાં ભાગીદાર થાય છે ત્યારે! પ્રજાઓ સર્વોપરિ સત્તા છે. એટલે એમનાથી પર એવી કોઇ પણ સત્તા તેઓ સ્વીકારતીજ નથી. પ્રજાઓ તો માત્ર તેમની પવિત્ર અહંતાને પૂજેનેજ છે. બીજાઓનો અને જોડે એમનો પોતાનો નાશ કરાવનારજ તે પવિત્ર અહંતા છે.

કારણ કે અહંતા એટલે સમષ્ટિ સાથે સર્વનું ગુપ્ત યુધ્ધ. અહંતાને પરીણામે યુદ્ધ અનિવાર્ય છે. શાંતિની ઇચ્છા કરીને કદીએ પણ જો સ્વાર્થને પોતાના સાથી કરી રાખવામાં આવે તો તેને પરીણામે પણ યુદ્ધ થયા વિના ન રહે. એ યુદ્ધને અટકાવવામાં મોટાં મોટાં મંડળો પણ નિરૂપાય થઇ રહે છે. અને તેવાં મંડળોને લીધે તો યુદ્ધ સર્વવ્યાપી બને છે!

મનુષ્ય જીવનનો નાશ કરવાનાં હથિયારો જ્યારે છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે બનાવેલાં હોતાં નથી ત્યારે તેવી પ્રજાઓને "જંગલી" એવું વિશેષણ આપવામાં આવે છે. સુધરેલા દેશની ખાસ નિશાનીજ એ છે કે તેવા દેશની સુલેહ "હથિયારબંધ" હોને સમજવામાં આવે છે. એથી શાંતિમાં નબળી પ્રજાઓ ઉપર ચઢાઈ કરવાની સંપૂર્ણ છુટ હોય છે! શાંતિના સમયનો ઉપયોગ તે પ્રજાઓ સૌથી વધારે નુકશાનકારક શોધખોળો ચાલુ રાખવામાં કરે છે.

વિજ્ઞાન શાસ્ત્રવાળા લોકો એ પ્રમાણે નાશકારક શોધ ખોળોમાં ઉતરી પડે છે તેટલો વખત કેટલાક બુદ્ધિમાન લોકો તો પોતે એમ સિદ્ધ કરવાને મથે છે કે જીવન સંગ્રામનો, "બળીયાના બે ભાગ" વગેરે સિદ્ધાંતો કેવળ પશુયોનિનેજ લાગુ પડતા નથી પરંતુ મનુષ્ય જાતિને પણ લાગુ પડે છે. અર્થાત, હજી સુધી જગતની પ્રજાઓ જનાવરની પાશવ

સ્થિતિમાંથી મુક્ત થઇ નથી એટલુંજ આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ અને જ્યાં સુધી એ સ્થિતિમાં પ્રજાઓ રહે છે ત્યાં સુધી તેમાંની એકે એક પ્રજા વારા ફરતી સૌથી બળવાન પ્રજાનો શિકાર થયા વિના પણ રહેવાની નથી?

પરંતુ, અત્યારે પશુ જીવન ગાળી તેઓ એક બીજાની અહંતાને લીધે મહાન દુઃખો સહન કરે છે અને કરાવે છે. તેમાંથીજ કુદરત તેમને મનુષ્યની સ્થિતિમાં લઇ જશે. અર્થાત્ હમણાં તો પશુબળનો અને જીવન સંગ્રામના સિધ્ધાંતને બદલે સહકાર્ય અને પરસ્પર સહાય તેઓ શીખતાં લાગે છે. જીવન સંગ્રામને બદલે જીવનને માટે શાંતિ અને સલાહ સ્થાપન થવા લાગી જણાય છે. ખરૂં છે, જંગલનાં હિંસક પ્રાણીઓ પેઠે જીવન ગાળીને છેવટ મનુષ્ય જાતિમાં તો પ્રજાઓએ આવવુંજ જોઇએ!

પ્રજાઓનો ઇતિહાસ એજ અંતિમ આદર્શ પ્રત્યે એમને દોરી રહયો હોય એમ લાગે છે. તે આદર્શ માટે તૈયાર કરતાં કરતાં ઘણો પ્રયત્ન કરવો પડયો છે. યુધ્ધ અને સુલેહ દ્વારા પ્રજાઓ એક બીજાની વધારે સમીપજ આવેલી છે. પૃથ્વી હવે તેમને ન્હાની લાગે છે. તેઓ પોતાની ઉત્તમોત્તમ અને ખરાબમાં ખરાબ વસ્તુઓની આપલે પણ કરી ચૂકયાં છે. દરેક પ્રજાનું હમેશનું ધન તો સર્વ સામાન્યજ છે. અત્યારે પણ વિજ્ઞાનકલા કે સાહિત્ય કે વિચાર એ કાંઇ કોઇનો ઇજારો નથી! પ્રજાઓએ સેંકડો વર્ષો સુધી જે કાર્યો કર્યાં અને જે ઝઘડાઓ કર્યા તે દ્વારા એ પ્રજાઓના

ધર્મો, સુધારાઓ અને લોકો માંહોમાંહે વધારે સંલગ્ન થયા છે. એમના તિરસ્કારથી પણ તેઓ તો વધારે સંપીલાં બન્યાં છે! જગતના બધાં રણક્ષેત્રો ઉપર વિજયી અને પરાજીત લોકોએ પોતાના યોદ્ધાઓને ભેગા કર્યા છે તેમના મુડદાંઓ પણ ભેગાંજ થઈ પડયાં છે. પોતાના લોહીથી તેમણે અણધાર્યો તિરસ્કારમાં ભ્રાતૃભાવ સાંધ્યો છે.:

પ્રેમની ઉંધી બાજુ છે. દ્વેષ પણ જુદી જુદી પ્રજાઓને કરાર તહનામાં વગેરે કરતાં તો બહુ સખ્ત બંધનથી બાંધે છે. અંધકાર ભર્યા માર્ગે થઈને પણ દ્વેષ માણસને એકતા પ્રત્યે દોરી જાય છે. એક દિવસ એવો પણ આવશે કે જ્યારે તેઓ જે વસ્તુએ તેમની વચ્ચે દ્વેષ કરાવ્યો તેનોજ તિરસ્કાર કરશે.

જ્યારે એકબીજા વચ્ચે તકરાર થાય છે ત્યારે તેઓ એકબીજાને કેટલા નજીક આવી રહેલા તેનું ભાન લોકોને થાય છે. જ્યારે જીવનનાં બંધનો તોડી નાંખવામાં આવે છે ત્યારે માણસોને પરસ્પર કેટલાં બંધનો આવી રહ્યાં હતાં તેની ખબર પડે છે. આ યુધ્ધમાં પણ જે પ્રજાઓ તટસ્થ રહી તેમને પણ જણાયું કે શરીરના કોઇપણ ભાગને ઘા થાય તો આખું શરીર દુઃખ પામે છે એ વાત અનુભવ સિધ્ધ છે.

અત્યારે મનુષ્ય જાતિની એકતા જેટલી સુંદર રીતે ધ્યાનમાં આવી છે તેવી પહેલાં કદી પણ આવી નહતી. આ યુદ્ધ મહાન પાયા ઉપર ચાલી રહ્યું છે તેના ઉપરથીજ મનુષ્ય જાતિમાં અત્યારે કેટલી એકતા આવેલી છે તેનું માપ આપણે

કાઢી શકીએ. મનુષ્ય જીવનનું એક પણ એવું કાર્યક્ષેત્ર નથી કે જે આ યુદ્ધમાં તદન કોરૂં રહી ગયું હોય. આખા જગતને એમ લાગે છે કે તેનું ભવિષ્ય આ યુદ્ધમાં નક્કી થવાનું છે. હવે પછી મનુષ્ય અને પ્રજાઓની સ્થિતિ પહેલાં જેવી હતી તેવી કદીપણ થશે નહિ—કારણકે નવો યુગ શરૂ થાય છે!

જીવનનું કોઇ ચમત્કારી મોજું આખા જગત ઉપર ફરી વળ્યું છે. તે મોજું યુરોપમાંથી શરૂ થયું તેણેજ અમેરિકાને સંમેલન કર્યો, અને છેવટે નિદ્રિત એશિયાને પણ જાગ્રત કર્યો! જે પ્રજાઓ પોતાની સખ્ત મહેનતના યુગ પછી નિદ્રા લઇ શકે છે તેઓ કેટલી સુખી છે! કારણકે બાકીની પ્રજાઓ મરી જાય છે.

આખા જગતની પ્રદક્ષિણા કરીને તે મોજું પાછું યુરોપમાં ગયું છે. ત્યાં તે જીવનની જાગ્રતિનું મોજું વેરતાના દાવાનળના રૂપમાં બદલાઇ ગયું! એ દાવાનળમાં રાષ્ટ્રીય અભિમાન બળીને ભસ્મ થવા લાગ્યું છે, પોતાનાથી જુદા પ્રજાઓ પ્રત્યે યુરોપની પ્રજાઓના મનમાં જે તિરસ્કાર રહેલો છે તે તેમણે દુર કરવોજ પડશે. તે દાવાનળમાં પ્રજાકીય અભિમાન પણ બળીને ભસ્મ થવા લાગ્યું છે કારણકે પ્રજાઓએ કોઇપણ પ્રજાના શેઠ બનવાની ઇચ્છા કરવાની નથી પરંતુ, મનુષ્ય જાતિના સેવકો થવામાંજ તેમનું કલ્યાણ છે!

પ્રગતિ એ એવી વસ્તુ છે કે જે લોકો સેવાભાવથી તેને પોતાનો હિસ્સો ન આપે તેની પાસે પણ બળાત્કારે તે

પોતાનો ભાગ પડાવે છે. અને એવી પ્રજાઓનો ઉપયોગ કરી લઈ પછી તેમનો નાશ કરે છે. પ્રાચીન સમયમાં જે મહાન સામ્રાજયો હતાં તે બધાં એ પ્રગતિના અણજાણીતાં આંધળાં હથિયારોજ હતાં! તેઓનો અંતે નાશ થયો હતો. આજનાં સામ્રાજયોની પણ એજ વલે સમજવી. જગતની પ્રજાઓ અત્યારે જેટલો અન્યાય કરે છે તે દ્વારા તેઓ અણજાણે મનુષ્ય જાતિની સેવા બજાવી રહી છે! પ્રગતિ હવે એ પ્રજાઓનો નાશ કરી રહી છે કારણકે જે જે વસ્તુઓ મનુષ્ય જાતિની ઐકતાના માર્ગમાં અંતરાય રૂપ હશે તેટલી બધી નાશ પામશે! એ નાશકારક કાર્યનું ફળ શું થશે તે જુવો:—

સેંકડો વર્ષોના પ્રયાસને અંતે બધી પ્રજાઓની એકતા એજ પ્રજાઓનો અંતિમ આદર્શ છે એમ સિદ્ધ થાય છે.—બધી ઉત્તમોત્તમ પ્રગતિનો આદર્શ પણ મનુષ્ય જાતિની એકતાજ છે. હવે પછી જે જે પ્રજાઓ અને અરાજક સામ્રાજયોથી તે એકતાની સેવા થશે તેજ પ્રગતિ કહેવાશે.

મનુષ્ય જાતિની એકતાનું ભાન જેટલા પ્રમાણમાં પ્રજામાં આગળ વધેલું હશે તેટલાજ પ્રમાણમાં તે પ્રજા સુધરેલી—આગળ વધેલી કહી શકાશે. હવેથી સુધરેલા ખપવાનું માન ગમે તે પ્રજાને નહિ મળે—પરંતુ જે પ્રજા એકતા—મનુષ્ય મનુષ્ય વચ્ચે-પ્રજા પ્રજા વચ્ચે-કરવાનો પ્રયત્ન કરશે તેનેજ મળશે.

પ્રજાઓ તેમનો પોતાનો નાશ કરી રહી છે, કારણ કે મનુષ્ય જાતિની એકતાના માર્ગમાં જે જે વસ્તુંઓ અંતરાય રૂપ હશે તે બધીનો નાશ જરૂર થવાનો છે. તેનું પરીણામ શું થશે તે પણ સાંભળો :—

"સેંકડો વર્ષના પ્રયાસને અંતે બધી પ્રજાઓની એકતા એજ અંતિમ આદર્શ છે એમ જણાઇ આવે છે—અને તે આદર્શજ અત્યાર સુધી પ્રજાઓને દોરી રહ્યો છે. હવેથી જે જે અરાજક સામ્રાજ્યથી મનુષ્યજાતિની એકતા સધાશે. તેનેજ હવે પ્રગતિ કરનારી પ્રજા કહેવામાં આવશે.

મનુષ્યજાતિની એકતાનું ભાન જેટલા પ્રમાણમાં વધારે થયલું હશે, તેટલા પ્રમાણમાં કોઇપણ માણસ કે પ્રજા સુધરેલી —આગળ વધેલી—ગણી શકાશે. હવે પછી સુધરેલા થવાનું માન ગમે તે પ્રજાને નહિ મળે, પણ જે પ્રજા માણસ માણસ અને પ્રજા પ્રજા વચ્ચે એકતા કરવાનો પ્રયત્ન કરશે તેને, તે માન મળી શકશે.

પ્રજાઓનું ચારિત્ર.

પ્રજામાં વ્યક્તિનું જે સ્થાન હોય છે તે સ્થાન મનુષ્ય જાતિમાં પ્રજાનું હોવું જોઇએ. પ્રજા પ્રત્યે વ્યક્તિએ ફરજો બજાવવાની હોય છે તેવી રીતે પ્રજાઓએ મનુષ્યજાતિ પ્રત્યે

પોતાની ફરજને અદા કરવાની છે. પ્રજામાં વ્યક્તિના હક્ક હોય છે તેવાજ મનુષ્યજાતિમાં જુદી જુદી પ્રજાના હક્કોને સ્થાન છે. ફ્રાન્સ દેશે જે હક્કો એક સમયે બધા શહેરીઓને માટે જાહેર કર્યાં હતા તે બધા હવે મનુષ્યજાતિએ જુદી જુદી પ્રજા માટે—એક એક પ્રજા માટે—જાહેર કરવા જોઇએ. વ્યક્તિના હક્કોને માટે ફ્રાન્સ દેશે જે ત્રણ સૂત્રો કહ્યાં હતાં તે સૂત્રો હવે દરેક પ્રજાને લાગુ થવાં જોઇએ. પ્રજાઓનું ચારિત્ર તેમાં સમાઇ જાય છે. એ ત્રણ સૂત્રો આ પ્રમાણે હતાં—સ્વતંત્રતા, સમાનતા, અને ભ્રાતૃભાવ.

સ્વતંત્રતા :— નાની મોટી બધી પ્રજાઓ સ્વતંત્રજ હોવી જોઇએ. જે પ્રજા આખી મનુષ્યજાતિ માટે મહાન કાર્યો કરે તેજ પ્રજા મોટી–મહાન–ગણી શકાય. અત્યાર સુધી નાની ગણાતી પ્રજાઓ કહેવાતી મોટી પ્રજાઓના કરતાં મહાન કાર્યો કરી બતાવે એ કેવળ બનવા જોગ છે.

દરેક પ્રજાને જીવવાનો હક્ક છે. દરેક પ્રજા સ્વતંત્ર જીવન ગાળવાનેજ સરજાયલી છે, અને દરેકને પોતાની મરજી મુજબ મંડળો–સમાજો–સ્થાપવાનો હક્ક છે. એ પ્રકારે જગતમાં સ્વતંત્રતા પ્રસરે ત્યારેજ પ્રજાના સર્વ હક્કો સહીસલામત રહી શકે. દરેક પ્રજા માટે હક્કો એકસરખાજ છે—આફ્રિકા અને એશિઆની તેમજ યુરોપ ને અમેરિકાની પ્રજાઓને માટે પણ તેઓ એકજ છે.

દરેક પ્રજા પોતાની મરજી પ્રમાણે પોતાનો વિકાસ કરવાને સ્વતંત્ર છે. જ્યાં સુધી એક પણ પ્રજાને તેની શક્તિઓમાંની એક શક્તિ પણ ખીલવામાં બાધ કરવામાં આવે છે ત્યાં સુધી મનુષ્યજાતિ પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરી શકતી નથી–મનુષ્ય

જાતિ પ્રજાઓની બનેલી છે અને એક પ્રજાની એક શક્તિ પણ તેનોજ ભાગ છે.

દરેક પ્રજા પોતાની મરજી પ્રમાણે પોતાનું જીવન ગાળવાને, પોતાનાં બંધારણો બાંધવાને, તથા જીવન વ્યવસ્થા કરવાને સ્વતંત્ર હોવી જોઇએ. એકતા કાંઇ સમતા નથી. જુદી જુદી જાતનાં બંધારણો માટે આપણે સ્થાન રાખવું પડશે.

દરેક પ્રજા ભલે જીવે. મરજીમાં ફાવે તે પ્રકારે દરેક પ્રજાને તેનું જીવન ગાળવા દો. સ્વેચ્છાથી તેમને સમૂહો અને સમાજો બાંધવા દો. મરજીમાં ફાવે તેવાં બંધારણો અને રાજ્ય પદ્ધતિઓ રચવા દો. પણ દરેક પ્રજાને તેનાથી વિશાળ,—તેની અહંતાથી વિશાળ—ભાવનાની સેવા કરવા દો કે જેથી તે પોતે સ્વાર્થના બંધનમાંથી છૂટે—મનુષ્ય જાતિની સેવા ઉઠાવે,

સમાનતાઃ—હા, બધી પ્રજાઓના હક્કો કેવળ સમાન છે. સત્ય આગળ બધી પ્રજાઓ સરખીજ છે. એ માન્યતાથી જે સમાનતા પ્રજાઓ જાળવશે તે સમાનતા તેમની સ્વતંત્રતાની ખાત્રી આપી શકશે. સુધરેલા સમાજમાં એક માણસને નુકશાન કરવાથી સર્વના હક્ક ઉપર તરાપ મારી ગણાય છે. તેજ પ્રમાણે પ્રજાઓમાં પણ એકને નુકશાન કરવું એ બધાના હક્કો ડૂબાડવા જેવું ગણાવું જોઇએ. નબળી પ્રજા ઉપર જ્યારે જુલમ થતો હોય ત્યારે બધી પ્રજાઓને ઉપર જણાવ્યું તે પ્રમાણે લાગી આવવું જોઇએ. ન્યાય તો બધાને એક સરખોજ લાગુ પડવો જોઇએ. ન્યાયાસન પાસે નબળામાં નબળી ગરીબ પ્રજાના હક્કો પણ જબરામાં જબરી પ્રજાના હક્કો કરતાં વધારે મજબુત ગણાવા

જોઇએ; કારણકે આપણે જે હક્કો પ્રજાઓમાં જોવા ઇચ્છીએ છીએ, તેની કીંમત આપણે બળથી નથી આંકી શકતા. બળના કરતાં પણ વધારે ઉચ્ચ એવા ઘણા હક્કો છે, અને કેટલાક એવા હક્ક છે કે જે બળના હક્ક પર કાબુ મૂકે છે.

સુધરેલો માણસ કે સુધરેલી પ્રજા નિર્બળ માણસ કે પ્રજાના ઉપર બળ તો કદી વાપરીજ ન શકે. પોતાનો ન્યાય પોતાનાથી કદીપણ થાય નહિ. ખરો ન્યાય તો સર્વ મળીને સર્વને આપી શકે—બધાનું પંચ મળીને જે નિકાલ કરે તેજ ન્યાય ખરો.

બધાના હક્કો સરખા છે, તેથી દરેક પ્રજાના પ્રતિનિધિઓ પણ સરખા પ્રમાણમાં હોવા જોઇએ. જે કાયદાઓથી પ્રજાઓનો ન્યાય કરવામાં આવે, તે કાયદા ઘડવામાં પણ તેમનો હક્ક સરખો હોવો જોઇએ.

મનુષ્યજાતિના પ્રજાસંઘમાં થોડી પ્રજાઓજ બેસે તે કાંઇ યોગ્ય ન જણાય. તેમાં તો દુનિયાની બધી પ્રજાઓને બેસવાનો હક્ક છે જે પ્રજામાં ભ્રાતૃભાવ હોય, જેમની દાનત સાફ હોય, તે બધી પ્રજાઓને પ્રજાસંઘમાં સ્થાન મળવું જોઇએ; પછી તે પ્રજા નાની યા મોટી, ગરીબ યા તવંગર, તાબેદાર યા સ્વતંત્ર ભલે હોય. તે પ્રજાસંઘમાં ગુલામ અને શેઠનો ભેદ નહિ રહે. અત્યારે જે પ્રજાઓ રાજ્યકર્તા થઇ પડી છે, તેમને બ્હીવાનું કારણ નથી. જો તેમનું રાજ્ય બરાબર ચાલતું હશે, ન્યાયસર હશે તો પછી પોતાનો હક્ક સાબીત કરવાને માટે તેમને જ્ઞાન અને ડહાપણ શિવાય બીજાં હથીયારોની જરૂર નહિ રહે. હથીયારોના કરતાં આત્મબળ વધારે શક્તિ ધરાવે છે. આત્મબળ એજ

સર્વોત્તમ બળ છે, એ વિચાર ધરાવનારી પ્રજાઓ ભલે બહુમતિ હાલ તુર્ત ન મેળવી શકે. જગતનો ઇતિહાસ જોતાં જણાશે કે, થોડા મતવાળાઓ હમેશાં જગતને દોરતા આવ્યા છે. જ્યાં સુધી તેઓ થોડા છે, ત્યાં સુધી તેઓ પ્રજાઓને દોરશે, અને તે પણ ન્યાયને અનુસરીને ચાલશે તોજ નહિતો નહિ.

ભ્રાતૃભાવઃ—અન્યોન્યને માટે લાગણી—એકબીજા માટે માન, પરોપકાર વૃત્તિ, જુદી જુદી પ્રજાઓ તો સગી બહેનો છે. પૃથ્વી તેમની માતા છે, તેમના ઉપર આવી રહેલું આકાશ ગમે તેટલા જુદા રંગોવાળું હોય તોપણ એકજ સૂર્ય તેમના ઉપર તપે છે; ગમે ત્યાં રહેવા છતાં તેઓ એકજ આદર્શ તરફ ગમન કરી રહી છે. શા માટે તેઓએ એક બીજાનું અસ્તિત્વ ન સ્વીકારવું જોઇએ ?

અત્યાર સુધી દેશભક્તિ-સ્વદેશ પ્રેમનો-અર્થ-બીજા દેશો પ્રત્યે અપમાન કે દ્વેશ-કાંઇ નહિ તો બેદરકારી તો ખરી-એવો કરવામાં આવતો હતો પણ આપણા બધાની માતા-મનુષ્યજાતિનાં તેઓ જુદાં જુદાં અંગો છે. જે માણસ મનુષ્યજાતિની જીવતી જાગતી મૂર્તિ પોતાની માતૃભૂમિમાં જુવે છે તેજ ખરો સ્વદેશ ભક્ત છે અને તેજ મૂર્તિ બીજા દેશમાં તે શા માટે ન જુવે ? બીજા દેશમાં પણ તેને તેજ મૂર્તિ દેખાશે. એવો એક સમય આવશે કે જયારે દરેક માણસ બીજા બધા દેશોને પોતાના દેશને જેટલા પ્રેમથી ચ્હાય છે તેટલા પ્રેમથી ચ્હાશે, અને જે દેશમાં તે જશે તે દેશમાં મનુષ્યજાતિનું કુટુમ્બ તેને જણાશે. ઘરમાં રહીને પોતાના અતિથિઓનો

કેવળ સત્કાર કરવાનું નહિ પણ પોતાના મિત્રને પ્રેમથી ભેટવાનું તે ચુકશે નહિ, અને મનુષ્યજાતિરૂપી માતાના જુદા જુદા ઘરોમાં વસેલા પ્રત્યેની ફરજ તેઓ બજાવશે.

જગતમાં પ્રજાઓ વચ્ચે રહેલા અણવિશ્વાસનું ચિન્હ-છુપી પોલિસ—તે સમયે હશેજ નહિ. જાણીતા છતાં અજાણ્યા. છેતરવામાં હુશિયાર છતાં છેતરાવામાં કેળવાયલા; ડાહી રીતે સફાઇથી ગાંડુ કામ બજાવનારા માણસોને પ્રજાઓ તે સમયે નહિ રાખે. છુપા વેશમાં દુશ્મનોને બદલે તે સમયે ઉદાર મનના મિત્રો ખાત્ર જા કરશે. પ્રજાના ડાહ્યા અને સમજુ સલાહકારો થઇ રહેશે, અને બધાંનું ભલું કરવામાં તેઓ રોકાયલા હશે. દરેક પ્રજામાં તેમનો મરતબો ઘણો ઉચ્ચ ગણાશે

શું આ બધી વાત શેખસલ્લીના સ્વપ્ના જેવી તમને લાગે છે? દુનિયાની બધી સુધરેલી કહેવાતી પ્રજાઓને માણસાઇથી વર્તવા માટે કહેવું શું તમને વિશેષ લાગે છે? સુધરેલો માણસ જે સિધ્ધાંતોને અમલમાં મૂકે છે તે સિધ્ધાંતો પ્રમાણે પ્રજાએ વર્તન કરવું એ માગણી શું વધારા પડતી લાગે છે? પ્રજાઓએ અન્યોન્ય જંગલીપણામાંથી છૂટવું એ શું બહુ મુશ્કેલ વાત છે?

સ્વતંત્રતા, સમાનતા, અને ભ્રાતૃભાવના સિધ્ધાંતોનો ત્યાગ કરીને તો અત્યારની પ્રજાઓ ભવિષ્યમાં કાંઇપણ કાર્ય કરી શકવાની નથી. અત્યારે જગતમાં ચાલે છે, તેવીજ ગુલામગિરિ, એકબીજાનો નાશ, અને યુદ્ધ ચાલ્યાંજ કરશે. અત્યારે તો પ્રજાસત્તાક, સ્વતંત્ર, સમાન અને ભ્રાતૃભાવવાળી પ્રજાઓનો સંઘ શિવાય બીજી બધી વ્યવસ્થા નકામી થઇ પડવાની છે, પ્રજાસંઘને બદલે બીજી કોઇપણ ગોઠવણ અત્યારે

થઈ આવે તેવી હોય તો તે એ ત્રણ મ્હોટાં મ્હોટાં રાજ્યોનાં મંડળની યોજના છે. તેમાં ન્હાની પ્રજાઓ ગુલામી ભોગવશે, અને મ્હોટી પ્રજાઓ જોરજુલમથી એકબીજા સાથે જકડાયલી અને સ્વરાજ્ય શિવાયની થઈ રહેશે તે રાજ્યલોભી મંડળો હમણાં ચાલે છે, તેવી લડાઇ હમેશાં ચલાવ્યાંજ, કરશે. આ લડાઇ તો ફક્ત તેની શરૂઆતજ સમજવી. હવે પછી તો વધારે ખુનખાર યુધ્ધો થવાનાં. અત્યાર સુધી પ્રજાઓ એવે માર્ગે ચડેલી છે કે. અંતે તેમને યુધ્ધમાં ઉતરવુંજ પડે. આવી આવી જુદી જુદી પ્રજાઓ વચ્ચે ઉપર જણાવી, તેવી જુદી જુદી પ્રજાઓની ઉપરચોટીઆ અને સ્વાર્થી, મિત્રાચારી તો અત્યારે ઘણે સ્થળે જોવામાં આવે છે, તેના ભયમાંથી છુટવાને મનુષ્યજાતિ યત્ન કરી રહી છે.

પણ કુદરતને એવાં રાક્ષસી–પ્રાણીઓ ગમતાં નથી. થોડા વખત માટેજ તેમને ખાસ ઉભા કરી કુદરત પોતાનું કામ કરી લે છે. જ્યારે પૃથ્વીનું બંધારણ થયું ત્યારે પણ એવાં પ્રાણીઓ હતાં. તે બધાં અત્યારે નાશ પામ્યાં છે. અત્યારે જુદી જુદી પ્રજાઓ જે દેખીતી મિત્રાચારીવાળા સંબંધો–સંઘો–બાંધી રહી છે, તે પણ સફળ થવાના નથી. તેમનો ઉપયોગ થઈ રહેશે, એટલે તેઓ નાશ પામશે.

અત્યારે એ બધાં બંધારણો, સંબંધો અને સંઘો થયા છે તેનું કારણ, એ છે કે એ ઉપાયોથી મનુષ્યજાતિની પ્રગતિનો વેગ વધવાનો છે. વળી એવાં સંબંધોનો ભયંકર ભૂત જગતની પ્રજાઓ સમક્ષ ઉભો થયો છે તે એટલા માટે કે પ્રજાઓ સમજે કે સીધે માર્ગે નહિ વળતાં કેવું ભયંકર ભવિષ્ય તેમના સન્મુખ આવી રહ્યું છે! મિત્ર-

રાજ્યોના પ્રજાસંઘે તો હમણાં પણ પ્રજાની સર્વોપરી સત્તા લઈ લીધી છે.–એટલે પ્રજાની સત્તને એક ધક્કો તો લાગી ચુકયો છે. અત્યારે જે યુધ્ધ થયું છે તે પણ ક્રૂરતાથી ભર-પૂર નીવડયું છે. એટલે ભવિષ્યમાં યુધ્ધ કરવાની ઇચ્છા ધરાવનાર પ્રજાઓને યુધ્ધની ભયંકરતાનો પદાર્થ પાઠ હમેશને માટે મળી ગયો છે.

હવે પ્રજાઓએ પોતે ભવિષ્યમાં શું કરવું તે તેમણે પસંદ કરવાનું બાકી રહ્યું છે:— એક બાજુ લોઢાની સાંકળોથી જકડાઇ એકબીજા સાથે મળી અન્યોન્ય નાશ કરવા માટે, યુધ્ધ કરવાના હેતુથી સંઘો ઉભા કરવા, બંધારણો બાંધવા, સંબંધો કરવા અથવા તો બીજી બાજુએ બધાની-સર્વેની-શાંતિને ખાતર પોતાની મરજીથી સહકાર્યમાં જોડાવું.

કાંઇક નવી વસ્તુ ઉત્પન્ન કરવામાં બધી પ્રજાઓએ ભાગીદાર થવું જોઇએ.

જગતની શાંતિ અથવા હંમેશની સુલેહ.

માણસનું જીવન આખરે કેટલું ટુંકું છે? સૂર્યમાળાની હારમાં પૃથ્વી-રૂપી માટીના ગોળાના એક અણુંની બરાબર પણ માણસ થાય તો ભાગ્ય! અનંત સમયમાં તેનો પૃથ્વી ઉપરના જીવનનો સમય નિર્જીવ ક્ષણોમાં સમાઇ જતો નથી? અને તે છતાં પૃથ્વીના ભાગ-વિભાગ, અને તેથી પણ વધારે સૂક્ષ્મ ભાગ પાડવામાં માણસ જાતની કેટલી મુર્ખતા છે? મૃત્યુ તો પોતાનું કાર્ય અવિરત સતત

કર્યાજ કરતું હોય છે, તેમાં વળી માણસો શામાટે તેને મદદ કરતા હશે? મરવામાં અને મારવામાં એકબીજાને મદદ કરવાને બદલે પ્રકાશમય, જ્ઞાનમય, બળવાન આનંદ-મય જીવન ગાળવામાં એકબીજાને મદદ કરે તો?

ઘણા લાંબા સમયથી મનુષ્યજાતિને એ રોગ લાગુ પડયો છે, અને ગાંડપણ દૂર કરવા માટે ઘણા ઉપચારો પણ થઇ ચુકયા. એ ગુન્હો અટકાવવા માટે બનતું કરવામાં આવ્યું. છતાં પણ હજી સુધી કેમ ન ફાવ્યા?

જગતના બધા તત્વવેત્તાઓએ સુલેહનોજ બોધ આપ્યો છે, મહાન ફિરસ્તાઓએ આવીને તેનીજ છડી પોકરી છે. પણ જગતે તે સુલેહના બોધને ગ્રહણ કર્યો નથી! જગ-તમાં સુલેહ-શાંતિ-પ્રભુના સ્વર્ગમાંથી આશીષ-રૂપે પડવાની નથી. મનુષ્યજાતિએ તે મેળવવાની છે-પણ અત્યાર સુધી મનુષ્યનાં હૃદયમાં મનુષ્યજાતિની ભાવનાજ જન્મ પામી ન હતી.

સામ્રાજ્યોએ પણ સુલેહ સ્થાપવાનો પ્રયત્ન કરવામાં બાકી રાખી નથી! મહાન, વીર વિજયી યોદ્ધાઓએ પોતાના બળથી સુલેહનો ઘુંટડો જગતને ઉતારવાનાં સ્વપ્નાં જોયાં હતાં! પણ તેમનાં તે સ્વપ્નો બખ્તરના મજબૂત કોટમાં ગુંગળાઇ જઇને નાશ પામ્યાં! શું સુલેહ અને શાંતિ બળથી સ્થાપન કરી શકાશે? ક્રુરતાથી નમ્રતાનો પાયો શી રીતે નાંખી શકાય? યુધ્ધમાંથી શાંતિ કદી નહિ જન્મે!

જગતની પ્રજાઓ આજે ફરીને પાછી એનોએ પાસો નાંખી રહી છે. તે બધી યુધ્ધ કરીને યુધ્ધનો છેડો લાવવા મથી રહી છે. અને લશ્કરી-ખુમારીને લશ્કરથી દાબવા માંગે છે. આ ન્હાનકડો-હોમીઓપેથીનો ઉપચાર જો

રામબાણ હોત તો ક્યારનો રોગને લાગુ પડી ચૂકયો હોત, અત્યારે યુદ્ધનું નામનિશાન પણ કયાંથી રહેત? હથિયારથી વિજય મેળવી તેઓ જગતમાં શાંતિ લાવવા ઇચ્છે છે. વિજય મેળવનાર પ્રજાની સુલેહ,-મજબૂતમાં મજબૂત પ્રજાએ આપેલી સુલેહ-કાંઇ "જગતની" "સુલેહ"-શાંતિ હોઇ શકેજ નહિ. રોમન લોકોના જેવી સુલેહ અત્યારે જગતને જોઇતી નથી, ત્યારે અત્યારે જગતને કેવી શાંતિ જોઇએ છીએ? મનુષ્યજાતિએ આપેલી "શાંતિ" તેને જોઇએ છીએ. જીતાયલી પ્રજાઓએ જેનાપર સહી કરી આપી છે, તેવી સુલેહ નહિ, પણ સ્વતંત્ર પ્રજાઓએ જેનાપર સહી કરી છે, તેવી શાંતિની જરૂર છે.-તે શાંતિ મનુષ્ય-જાતિ બધી પ્રજાઓ પાસે કબુલ કરાવશે.

લશ્કરી-બળના તોરથી સુલેહ આવવાની નથી, તે પ્રમાણે સુલેહ લાવવા માટે અતિ આતુર નિર્બળતા પણ શાંતિ નહિ લાવી શકે!

લડાઇ શરૂ થઇ તે પહેલાં "સુલેહ" અને "શાંતિ" એ કેટલાં અવનવાં રૂપો ધારણ કર્યાં હતાં! બધાં રૂપો આશાજનક દેખાતાં હતાં, પણ તે બધાં ખોટાં પડયાં. બધી પ્રજાઓ તો સુલેહ અને શાંતિનાંજ ભજનો ગાતી હતી. અરે! યુદ્ધ શરૂ થતાં પહેલાંતો રાજાઓ સુધ્ધાં તેનો સૂર ઝીલતા હતા. રૂશિયાના ઝારે તો તેનો ઢંઢેરો પણ પીટાવ્યો. બધા પ્રજાઓને જ્યારે તેણે અરજી કરી, ત્યારે શાંતિ અને સુલેહનું એક મંદિર બંધાવ્યું?-કયાં? હોલેન્ડની ભુમિ ઉપર હેગ શહેરમાં. અને તે મંદિર બંધાયા પછીજ જગતમાં સૌથી વધારે ખુનખાર લડાઇઓ શરૂ થઇ! એ પણ વિધાતાની એક કૃતિજ છે!

યુરોપના બધા ધારાશાસ્ત્રીઓએ ભેગા મળીને કાયદાઓ ઘડયા. અને સુલેહની કચેરી પણ સ્થાપન કરી, બળજેરીને બદલે પંચ સત્ય નિકાલ આપે! અને લઢવાના પણ નિયમો ઘડી કાઢયા, જેથી બળમાં પણ સત્યનો કાંઇક અંશ આવે! પણ એ બધી ભાંજગડ થયા પછી સત્ય અને ન્યાયપર આક્રમણો થયાં છે, તેવાં કદીપણ પહેલાં થયાં નહતાં.

બધા દેશમાં રાજ્યકારભાર ચલાવનારાઓ યુદ્ધની તો વિરૂધ્ધજ હતા! ઘણાંએ તો લઢાઇ થાય તો પોતાના રાજ્ય સામે ઝુંડો ઉઠાવવાનું પણ નક્કી કરેલું! કેટલાકને એમ પણ લાગતું કે રાષ્ટ્રીયપક્ષો-જગતનો મજુરપક્ષ જગતનો સમાજવાદીપક્ષ લઢાઇની સામે પડસે એટલે સુલેહ જાળવી શકાશે. હવે તો તેઓ એકબીજાનાં ગળાં કાપે છે. અને જેઓ લઢાઇ પહેલાં ભ્રાતૃભાવનો બોધ આપી રહ્યા હતા, તેઓજ હમણાં પ્રજાઓને યુદ્ધમાં ઉશ્કેરી રહ્યા છે!

જગતની બધી પ્રજાઓએ લઢાઇઓ થતી અટકાવવા માટે એક બીજો ઉપાય પણ અજમાવી જેયો. તેમણે માંહોમાંહે એકબીજા સાથે કરારો કરવા માંડયા. અને તેમાં "સુલેહને જાળવવાની બધી જામીનગીરી" તેમણે એકબીજા પાસેથી લીધી પણ ખરી. અને અત્યારે! યુદ્ધ-રૂપી રાક્ષસને ચારેબાજુથી બધી પ્રજાએ પોતાના દેશમાંથી હડસેલી મૂકયો હતો, તોપણ "તેનાથી સેતાન સાત રાક્ષસોને લઇને પાછો ફરેલો જણાય છે. હમણાં તો ચોદ પ્રજાઓ એકબીજાનાં ગળાં કાપવામાં રોકાયલી છે.

સુલેહ અને શાંતિના ઉપાસકોને તેમના સિધ્ધાંતમાં શ્રધ્ધા તો હતી! તેઓ એમ માનતા હતા કે "હવે તો બધી પ્રજાઓ

વેપાર જેવો શાંત વાણીયાશાહી ધંધો લઇને બેઠી છે, અને આર્થિક ઉન્નતિ કરવામાં કરવા ગુંથાયલી રહે છે, એટલે "શાંતિ" "સુલેહ" વિના કેમ ચાલશે? તેઓ એમ માનતા હતા કે હમણાંના લશ્કરો ઉભાં કરવાં, અને ટકાવવાં કયાં હાંસી ખેલ છે?—એટલે હવે કોઇ પ્રજા યુધ્ધ નહિ કરે.

જ્યાં કુબેર ભંડારીની પૂજા કરવામાં લોકો રોકાયલા રહે છે, અને ભજકલદારનાં ગુણો એકેઅવાજે ગવાય છે, ત્યાં યુધ્ધનાં મેદાનો વેપારનાં બજારો અને દુકાનો થઇ રહેશે. એટલે યુધ્ધ શેનું થશે? વેપારી હરિફાઇનું! તેમાં જે વધારે સસ્તું અને મોટા જથ્થામાં ઉત્પન્ન કરશે તે જીતશે! નફાતોટાના હિસાબથી આજકાલની દુનિયા દોરાઇ છે, એ વાત ખરી છે. અને તેનાથી તે પાયમાલીમાં દોરાઇ તેપણ ખરૂં છે. યુરોપનાં ખીસ્સાં ખાલી કરાવી આયુધ્ધ કરોડો પાઉન્ડ પાણીની માફક રેલાવે છે. અને વીસ લાખ મનુષ્યના મૃત્યુની કિંમત પણ તેને આપવી પડશે.

ઉત્પન્ન કરેલી વસ્તુઓના ઢગલાઓ હમણાં તો ઉત્પાદકને ગળી જવા બેઠી હોય એમ લાગે છે.

શાંતિ અને સુલેહના ઉપાસકોની છેલ્લી આશા તો એ હતી કે અત્યારે નાશકારક યંત્રોની શકિત એટલી તો વધી ગઇ છે કે માણસો બીજા કશાથી નહિ તો છેવટ તેના ભયથી પણ સુલેહનો ભંગ નહિ કરે. છેલ્લા પચ્ચીસ મહિનાથી યમરાજાનું રાજ્ય ચાલે છે. અને તે પૃથ્વીપર રૈ રૈ નર્ક પ્રગટાવી મનુષ્ય જાતિને અસહ્ય દુઃખો દઈ રહયો છે. તોપણ યુદ્ધ તો ચાલુજ છે?—આ માટે?

યુરોપની શાંતિના ઉપાસકોની ધારણાઓ ખોટી પડી અને શાંતિ દેવી તેમની ઉપાસનાથી સંતુષ્ટ ન થઈ! તેનું પહેલું કારણ તો એ છે કે શાંતિના બધા ઉપાસકો યુરોપીયન શાંતિના ઉપાસકો હતા. યુરોપના લોકોને, નેતાઓને, રાજનીતિજ્ઞોને, મજુરોને કે રાજાઓને કાંઇ શાંતિ જોઇતી ન હતી! બધી પ્રજાઓ વચ્ચે સુલેહ કે શાંતિ જાળવવાની કોઇ પણ પ્રજાની ઇચ્છા ન હતી. દરેક પ્રજાને તેની પોતાની ધારેલી "શાંતિ અને સુલેહ" જોઇતી હતી.—અહંતાથી ભરેલી, તદ્દન અસત્ય—મૃગજળ જેવી, કેવળ અશક્ય શાંતિ!—

હેગની સભામાં પ્રજાઓના ઝઘડાઓ ચુકવવાને ન્યાયાધીશો બેસતા, પણ તેમનો ન્યાય કોને માટે હતો! હજારો અને લાખો માણસોના દેશો જે પ્રજા પડાવી લેવાની હતી તેમને તેઓ ન્યાય કદી આપી શકતા નહિ. તેમની ધારા પોથીમાં—કાયદાની ચોપડીમાં-નિઃશસ્ત્ર અને નિર્બળ પ્રજાઓ પર હુમલાઓ કરવામાં પ્રજાઓના હકકો દબાતા નહિ! અને એ પ્રમાણે વર્તન કરવાથી સુધરેલી પ્રજાઓને ઝાંખ પણ લાગતી નહિ.—તેમાં માત્ર એકજ સરત હતી અને તે એ હતી કે તે નિર્બળ પ્રજાઓ સુધરેલી પ્રજાથી જુદા રંગની હોવી જોઇએ? જયારે કાળી, પ્રજાઓ પ્રત્યે એવાં કૃત્યો કરવામાં આવતાં ત્યારે યુરોપના સોસીયાલીસ્ટ—સમાજવાદીમાંથી કોઇ પણ તેની સામે ઝુંડો ઉઠાવતો નહિ. જગતની સુલેહ જાળવવાને જે કરારો થયલા તેમાં દરેક પ્રજાને પોતાના રાજ્ય હદ ઓળંગીને સંસ્થાનોનો શિકાર કરવાને સંપૂર્ણ છુટ આપવામાં આવી હતી. સુલેહના ઉપાસકોને મન એ વાત નજીવી હતી!

કારણ કે એ બનાવો યુરોપ ખંડની હદની બહાર બનવાના હતા! અને બનતા હતા! આ બધો વખત તેઓ ઇન્દ્રજાળમાં ફસીને એક મહાન સત્યને ભૂલી જતા હતા કે "જે મારશે તે મરાશે" "જે તલવાર ઘા કરશે તે તલવાર તૂટશે."

ચીર સ્થાયી અને ખરેખરી સુલેહ તો બધી પ્રજાઓજ બધી પ્રજાઓને બક્ષી શકે, જયાં સુધી જગતની એક પણ પ્રજા યુદ્ધની પીડાથી પીડાય છે ત્યાં સુધી બીજી પ્રજાઓ શાંતિમાં નહિ રહી શકે. યુરોપ ખંડને તો યુરોપ ખંડના પૂરતીજ શાંતિ જોઇતી હતી. અને એવી યોજનાઓ પણ થઇ હતી કે જેનાથી યુરોપની બહાર ગોળીનો વરસાદ વરસ્યાજ કરત. યુરોપખંડને તેવી શાંતિ મળી નથી—કદી મળવાની પણ નથી. હમણાં જે પ્રજાઓ યુદ્ધમાં ઉતરી છે તે પ્રજાઓ સુલેહના કોલકરાર ઉપર સહીઓ કરશે તેટલાપરથી જગતની શાંતિ નહિ થાય! દુનિયાની બધી પ્રજાઓ સાથે યુરોપની પ્રજાઓ સુલેહના કરારો કરશે ત્યારેજ સુલેહ સચવાશે. સુલેહની પરીષદ તો આખી દુનિયાની પ્રજાઓની બનેલી હોવી જોઇએ, કારણ કે સુલેહ તો જગતનીજ હોઇ શકે, એક પ્રજાની કે લડાઇમાં જીતેલી વિજયી પ્રજાઓની ન હોઇ શકે. આખી મનુષ્ય જાતિ તેની જુદી જુદી પ્રજાઓને "શાંતિ—સુલેહ" આપી શકે.

તમારા ગુલામોને પહેલાં છુટા કરો:—એટલે તેઓ પણ તમારી સાથે સુલેહની સભામાં બેસે!—શું ભડકો છો! જો આ વાતથી ભડકી જતા હો તો 'સુલેહ' ને "શાંતિ"ની વાતો પણ કરવી મૂકી દો!

બીજા આંધળાઓને છોડતાં પહેલાં મહેરબાનો ! તમારાં પોતાનાં હૃદયમાંથી છુટકારો કરો ! લડાઇ પછી શાંતિ તો તેમાંથીજ આવી શકશે. જ્યાં સુધી માણસોનાં પોતાનાં મનમાં 'સુલેહ' અને 'શાંતિ' નથી ત્યાં સુધી શાંતિના ઉપાસકોનાં બધાં સાહસો નિરર્થક છે.

સંરક્ષણો, કાયદાઓ, કરારો, કચેરીઓ, પંચાયતો, પ્રજાકીય સંઘો, આંતર રાષ્ટ્રીય મંડળો,—વગેરે અંતરાયો એક પછી એક આ લડાઇના માર્ગમાં મુકવામાં આવ્યા હતા, છતાં, પણ રેલ આવી, અને બધાંએ બાંધકામો તોડી નાંખી વહી ગઇ ! સુલેહ સાચવવાના ઉપાયો જે પ્રમાણમાં વધ્યા તે પ્રમાણમાં રેલ પણ વધારે જોસબેર આવી અને વધારે નાશ કરતી ગઇ. ઉપર જણાવ્યા તેમાંનો એક પણ ઉપાય લડાઇનાં મૂળ અટકાવી શકે તેવો નથી. બધા ઉપર ચોટીયું જ કાર્ય કરી શકે તેવા છે. તેમનાથી બાહ્ય "શાંતિ" અથવા "દેખીતી સુલેહ"જ જાળવી શકાય. તેમાંથી હમેશાની શાંતિ આવી શકે જ નહિ. બાહ્ય ઉપચારો અજમાવવાથી લડાઇ કદી પણ બંધ પડશે નહિ, કારણ કે લડાઇનું મૂળ તો બહુ ઉંડું છે. તેનું મૂળ મનુષ્ય સ્વભાવમાં છે. મનુષ્યના મનમાં માણસાઇની કિંમત હજી સુધી આવી નથી; પોતાની જાતને માણસ હલકી ગણી રહ્યા છે. એ ભાવનાની દરિદ્રતામાંથી માણસ જાત ઉપર લોહીનો ઝરો વહે છે. લડાઇને બંધ કરવી હોય તો પ્રથમ તે ઝરાને અટકાવવો જોઇએ. લડાઇ દૂર કરવામાં આ મહાન આંતર મુશ્કેલી આવી રહેલી છે. બાકીની બધી મુશ્કેલીઓ કેવળ

ગોણું છે. તેમને યોજવાથી આપણે મૂળ દૂર કરી શકીશું નહિ. આમ ખોટી મિથ્યા આશાના મૃગજળમાં ફસાયાજ કરીશું. એવા ઉપાયો માણુસ જાતને માટે સુલેહ નહિ, પણ સુલેહનો ભૂત પ્રેત ઉભો કરશે. અને એ પ્રેત તો લડાઇને સહાય કરનાર એક-ભૂત થઇ જવાની છે.

અત્યારે તો ખોટા ખોટા રંગોથી રંગેલા સોનેરી પડદાઓ ઝાંખા પડી ગયા છે, અને મિથ્યા આશાઓ પણ જમીનદોસ્ત થઇ છે. જુના જમાનાને સંતોષ આપવાથી હવે કામ નહિ સરે. બધી પ્રજાઓને લઢાઇ કરતી બંધ કરવી અને જગતની બધી પ્રજાઓને સુલેહ યાને શાંતિ આપવી, એ બે કાર્યો એક નથી. એવી દેખીતી મિથ્યા સુલેહ આપવાના બધા ઉપાયો નિષ્ફળ જાય છે, એટલેજ હવે સુલેહ આપવાના સત્ય માર્ગો સુઝી આવશે. પ્રભુની ચળકતી તરવારની જરૂર તેટલા માટે હતી. યુદ્ધનો અંત લાવવાનું પ્રથમ હથિઆરજ યુરોપમાં ચાલી રહેલી પ્રચંડ યાદવાસ્થળી છે. તે તલવારથી યુધ્ધના કકડા થઇ જશે.

અત્યાર સુધી જે કાર્ય મહાન સામ્રાજ્યો કરી શકયાં નથી, જે કાર્ય કરવામાં ધર્મો પણ નિષ્ફળ ગયા છે, યુરોપનો આજકાલનો સુધારો પણ જે કાર્યમાં ફતેહમંદ થયો નથી. જેને માટે સદીઓથી આખી માણુસજાત તલસી રહી છે. તે કાર્ય એકજ ઉપાયથી સિધ્ધ થઇ જાય તેવુ છે—માણુસનાં હૃદયમાં માણુસાઇની-માણુસજાતની ચેતના—ભાવના—મનુષ્યજાતિનું ચૈતન્ય—મનુષ્યજાતિનો ચેતન-દીપ—પ્રગટાવવાથી બધો અંધકાર દૂર થઇ જશે. માણુસનાં હૃદયમાં મનુષ્ય-

જાતિની ચેતના-ભાવના ઉત્પન્ન કરી શકાય તો બધાનાં હૃદયમાંથી હથિઆરોને મૂકાવી દે એવો દૈવી અવાજ નીકળશે.

ત્યારેજ માણસનાં હૃદયમાંથી જગતની શાંતિ જન્મ પામશે:—

મનુષ્ય જાતિનું ચૈતન્ય:—મનુષ્યત્વનું ભાન:—

સૈકાઓથી એક સ્વર નીકળી રહ્યો છે. તે સ્વર હૃદયનાં ઉંડાણમાંથી દૂરથી આવી રહ્યો છે: બધા માણસોએ તે સાંભળ્યો છે પણ કોઇએ તેનાપર ધ્યાન આપ્યું નથી. કોઇ માણસ તે વાણીને ગુંગળાવી નાંખી બંધ પણ કરી શકતો નથી. તે વાણી આજ્ઞા કરે છે, "તું હિંસા કરતો નહિ." એ ફરમાન આપણને બાદશાહી-અનુલંઘનીય લાગે છે.

પૃથ્વી ઉપર હમણાં એક ધ્વનિ-ભયભીત દશાનો ધ્વનિ નીકળી રહ્યા છે... ... ... અહો! કેવી દુર્દશા! યુધ્ધના કેવાં તિરસ્કારપાત્ર કાર્યો! બધાનાં નામ પણ દુરથી તજવા જેવાં છે. માણસ માણસજાતિ સામે અનેક ગુન્હાઓ અને દુષ્કૃત્યો આચરી રહ્યો છે. શું બધા માણસોનાં રૂપમાં કોઇ રાક્ષસ છુપાઇ રહ્યો છે જે આવાં કૃત્યો તેમની પાસે કરાવે છે? માણસો માને છે કે આખી દુનિયાની પ્રગતિ થઈ છે બધી પ્રજાઓ સુધરેલી ગણાય છે. છતાં આવાં બનાવો કેમ બનતાં હશે! અરે ઘણીવાર તો પ્રગતિ જેટલી વધે છે તેટલાજ પ્રમાણમાં મનુષ્યત્વની ભાવના ઘટતી જણાય છે.

આજકાલના નિર્દય યુધ્ધોમાં જે બનાવો બને છે તે બધા બનીજ કેમ શકે છે? કારણકે દરેકે દરેક શહેરમાં અને સુધરેલી પ્રજાઓમાં જો દરેક ગામડાંમાં નિશાળો હોય છે. તે શાળાઓમાં બાળક-વિદ્યાર્થીઓને શું શિક્ષણ આપે છે? તે તો શિખવે છે કે માણસની મોટામાં મોટી ફરજ

પ્રજાને લાભદાયક કાર્ય કરતાં જરા ... પાછીપાની નહિ કરવામાં સમાયલી છે અને જ્યારે જ્યારે પ્રજાના જરૂરીયાતને માટે બીજાં માણસોને મારી નાંખવાં પડે ત્યારે જરાપણ ડરવું નહિ (!) એ માણસને એક સારામાં સારો ગુણ છે. એવે વખતે લશ્કરનો સેનાપતિ "મારો" એવો હુકમ આપે તેને તાબે થવું અને આપણો અંતરઆત્મા "તું" હિંસા કરીશ નહિ," એમ કહેતો હોય તેને ચગદી નાંખવો!

ખરૂં છે! ઉપર પ્રમાણે બાલ્યાવસ્થાથીજ દરેક માણસના કાનમાં શિક્ષણદ્વારા એવા વિચારો રેડવામાં આવે. ત્યાં એક દિવસ માણસો ખૂન કરનારા—પોતાના ભાઇઓનો નાશ કરનારા બની જાય, એમાં શું આશ્ચર્ય? અને જે માણસ બીજાનો નાશ કરી નાંખે છે તે બીજો કયો ગુન્હો નહિ કરે? સાંભળનારનાં રૂંવાં ઊભાં કરી નાખે એવા બનાવો યુદ્ધમાં બને છે તેનો અંત કયાંથી આવે?

આપણે વિચાર કરીશું તો જણાશે કે એકવાર મનુષ્યમાં હિંસા—નાશ કરવાની વૃત્તિને પોષણ મળ્યું અને ઉઘાડે છોગે તેનાં વખાણ થયાં, એટલે પછી તેનો છેડો કયાં આવે? એક જંગલી ઘાતકી પશુને છૂટું મુકી દઇને પછી કોઇ માણસ આશા રાખે કે તે દયાભાવથી વર્તશે તો તે કેવું ગણાય? લડાઇઓ પહેલાનાં કરતાં વધારે માનુષી થવાને બદલે વધારે રાક્ષસી થઇએ તો એક લેખે સારૂં થશું કારણકે જ્યાં સુધી લડાઇની ક્રુરતા બરાબર જાહેર પડી નહતી ત્યાં સુધી માણસજાતને તેના ઉપર કંટાળો આવવાનો સંભવ નહતો. જ્યારે લડાઇની ક્રુરતા તેના લક્ષમાં આવી નહતી, ત્યારે માણસ માણસોની કતલમાં આગળ

માનતો. હવે માણસને લાગે છે કે આ પ્રમાણે લઢાઇમાં ક્રુરતારૂપી-ડાઘા લાગવાથી છેવટે એમને અત્યંત પ્રિય યુદ્ધ કદાચ બંધ પડી જશે. એ કેમ સહન થાય!

"મારવું તો નહિજ." ગમે તેમ થાય તોપણ મારવું નહિ! ગમે તે કારણો હોય તોપણ હિંસા ન કરવી," એવી વૃત્તિ આપણે જાગ્રત કરીશું તો આપણે યુધ્ધનો નાશ કરી શકીશું.

ઉપર જણાવી તે આજ્ઞામાં જ્યાં સુધી એકપણ અપવાદ હશે ત્યાં સુધી યુદ્ધ જરૂર થશે. જ્યાં સુધી માણસોનાં મનમાં એવો વિચાર છે કે "મોટી સંખ્યામાં ભેગા થઇને ખુન કરવામાં પાપ નથી," ત્યાં સુધી યુધ્ધ તો રહેશે. એક માણસ બીજા માણસને મારી નાંખે એ મોટો અપરાધ ગણાય, પણ તે માણસને જો સિપાઇનો પહેરવેશ આપવામાં આવે તો પછી એવાં ખુનો કરવામાંજ તેની આબરૂ સમાયલી છે. એવી માન્યતા જ્યાં સુધી માણસોમાં છે, ત્યાં સુધી લઢાઇ જરૂર રહેશે, અને બધી ભયંકર ક્રુરતાઓવાળાં યુધ્ધો પણ થયાં કરશે. મનુષ્યઘાતક જંતુઓ મારી નાખવામાં આવ્યા નથી ત્યાં સુધી યુદ્ધનો-રોગ કદી મટવાનો નથી. એ જંતુઓ કેળવણીની ખોટી પધ્ધતિએ માણસનાં મગજમાં ભરી દીધાં છે, તેને દૂર કરો. અત્યારે જેને "નીતિનું" નામ આપવામાં આવે છે તે કાર્યની "અનીતિ" માણસોને બતાવવામાં આવી નથી, તથા મહાન અપરાધ છે તેને અપરાધ-રૂપ ગણવામાં આવ્યો નથી, કોઇપણ માણસને મૃત્યુ પમાડવો એ સૌથી ભયંકર

..હો ગણી કાઢવામાં આવ્યો નથી ત્યાં સુધી મૃત્યુ-ફટકો મારશે તે દયાહીન થઇને પોતાનો ફટકો લગાવશે!

ઉપર જણાવ્યું તેટલેથી કયાં વાત અટકે છે? નિશાળના પાઠો ઉપરાંત પાછા પદાર્થપાઠો પણ બાળકોને અપાય છે! સમાજના કાયદાઓ જ્યાં સુધી મનુષ્યત્વ સ્વીકારતા નથી અને ગુન્હેગાર માણસમાં પણ મનુષ્યત્વ જોતાં શીખ્યા નથી, જ્યાં સુધી શિક્ષા કરવાની વૃત્તિ સમાજમાંથી નાબુદ થઈ નથી, ત્યાં સુધી યુધ્ધના પાપનો ભાર સર્વના માથા ઉપર આવ્યા વિના રહેશે નહિ. વ્યક્તિના **ખાનગી** ગુન્હાની શિક્ષા આખા સમાજે **જાહેર** કરવાનો ગુન્હો કરીને આપવી જોઈએ નહિ, અને જ્યાં સુધી એ પ્રમાણે વર્તન સમાજ કરશે, ત્યાં સુધી મનુષ્યજાતિ ઉપર લોહીનો વરસાદ પડયા કરશે. કાયદેસર જે ખૂન-ફાંસી દેવામાં—કરવામાં આવે છે તેનો જવાબ હજારો અને લાખોના ખૂન યુધ્ધમાં થશે તેમાંથી મળી રહેશે.

ઉપરનું છેલ્લું કહેણ મનુંષ્યજાતિ જગતની બધી પ્રજાઓને મોકલી રહી છે.

એક દિવસ એવો આવશે કે જ્યારે આ બધી વસ્તુઓ દુનિયા ઉપર હશે નહિ! કારણકે જે વાણી માણસને "તું આ ન કર" એવો હુકમ આપી રહી છે તે વાણી પારકી થી—તે બ્હારથી નથી આવતી પણ મનુષ્યજાતિના મોટા ભાગના હૃદયમાંથી નીકળી રહી છે. બધાના હૃદયમાં તે અવાજ મનુષ્યજાતિનો પ્રત્યક્ષ અવાજ થઇ રહયો છે. આખા જગતને તે નવો આદેશ આપી રહ્યો છે—માણસને તે અવાજ ની ઉમદા ફરજ બજાવવાને પ્રેરી રહ્યો છે!

અત્યાર સુધી માણુસની ઉચ્ચામાં ઉચ્ચી ફરજ તે માતૃભૂમિ પ્રત્યે હતી- પણ આપણે જેને માતૃભૂમિ ગણીએ છીએ તેનાથી વિશાળ અને અમર—છતાં અત્યાર વિસરાયલી–નિઃસ્વાથી --માતૃભૂમિ છે અને તે આપણી પૃથ્વી માતા છે. તેના ઉપર દોઢ અબજ માણસો વસે છે ખરાં પણ તે માતૃભૂમિના શહેરીઓ ગણ્યા ગાંઠયા છે. તે વિશાળ માતૃભૂમિના પવિત્ર પુત્રો--તેને ચાહનારા પુત્રા—ક્યાં છે? ભવિષ્યમાં માણસની પહેલી અને મહાન્ ફરજ તેના પ્રત્યે રહેલી છે—કારણુ કે તે સૌથી ઉચ્ચ માતૃભૂમિ છે અને મનુષ્યજાતિ તેની પ્રજા છે.!

સેંકડો વર્ષોથી માણુસ પ્રગતિ કરે છે અને તેમાં માણુસ માત્ર એટલું શીખ્યો છે કે કુટુંબના સ્વાર્થ કરતાં દેશનો સ્વાર્થ વધારે કિંમતી ગણવો જોઇએ. માણુસ દેશને માટે કુટુંબનો ભોગ આપતાં શીખ્યો છે. હવે તેણે દેશના સ્વાર્થ કરતાં મનુષ્યજાતિનો સ્વાર્થ કિંમતી ગણી તેને આગળ વધારવો જોઇએ. દેશ પ્રત્યે પોતે રાખતો હોય તેના કરતાં વધારે વિશાળ અને પવિત્ર પ્રેમ મનુષ્યજાતિ પ્રત્યે તેણે રાખવો જોઇએ અને મનુષ્યજાતિમાં પોતાની પ્રજાએ કેવું સ્થાન લેવું જોઇએ તે વિચારી તેણે મનુષ્યજાતિ માટે સર્વ અર્પણ કરી દેવું જોઇએ.

અત્યારે જે પ્રમાણે દેશની ભાવના માણસોમાં જાગ્રત છે તે પ્રમાણે મનુષ્યત્વની ભાવના માણસમાં સજીવન થવાની જરૂર છે. જે પ્રમાણે કુટુંબની સંકુચિત ભાવનાને બદલે આખા દેશરૂપી કુટુંબની ભાવના અત્યારે માણસમાં જાગ્રત

તે પ્રમાણે મનુષ્યજાતિ રૂપ વધારે વિશાળ કુટુંબની ના માણસજાતમાં જન્મવા જોઇએ.

જ્યાં સુધી ઉપર જણાવી તે મનુષ્યજાતિની ભાવના જન્મી નથી, ત્યાં સુધી માણસ જાતમાં પૂરેપૂરી માણસાઈ આવી ગણી શકાય નહિ. મનુષ્યત્વની એ ભાવના શું શીખવશે ? પહેલવહેલો હું માણસ છું ત્યાર પછી હું અંગ્રેજ ફ્રેન્ચ, જર્મન અથવા જાપાની થઇ શકું. મારી સૌથી પહેલી ફરજ માણસ તરીકે વર્તવાની છે. ત્યાર પછીજ દેશના એક શહેરી તરીકેની ફરજો મને બંધન કર્તા થઇ શકે."

માણસજાતનો સૌથી પહેલો નિયમતો એ છે કે બધા માણસમાં જે જે મનુષ્યત્વ રહેલું છે તેને માટે આખી જાતિના મનમાં માન હોવું જોઇએ અને એ મનુષ્યત્વની મહત્તા અને પવિત્રતા સમજીને તે જીવનનો નાશ થઇ શકેજ નહિ એવી ભાવના આખી મનુષ્ય જાતિમાં પ્રસરવી જોઇએ. માણસને સૌથી પ્રથમ આજ્ઞા એજ છે કે "તું હિંસા કરીશ નહિ."

કેવળ કુટુંબને માટે જીવ્યા કરતાં તો દેશને માટે મરવું વધારે ઉત્તમ ગણાય છે. પણ દેશને માટે મરવા કરતાં વધારે ઉત્તમ વસ્તુ તો એ છે કે બીજાઓને મારવામાં કદી પણ ભાગ ન લેવો.

યુરોપમાં ચાલેલા ભયંકર યુધ્ધમાં પણ એવાં કેટલાંક પુરુષો હતાં જેમણે માણસ તરીકેની પોતાની ફરજ અદા કરી. તેઓ યુધ્ધમાં જાતે મરી ગયા છે પણ તેમણે કોઇને માર્યા નથી. તેઓ ફક્ત મનુષ્યજાતિને માટે જ મરી

ગયા છે. માણસને મારી નાંખવો એને તેઓ પાપ ગણતા હતા.

તેઓ મનુષ્યજાતિનાં રૂપમાં અત્યારે જીવે છે અને યુગે યુગ જીવવાના છે, કારણકે મનુષ્યજાતિ સજીવ છે. કેટલાક એમ કહે છે કે મનુષ્યજાતિનું અસ્તિત્વ કેવળ ભાવનામાં છે–કેટલાક માણસોના વિચારમાંજ છે! આવા લોકો દેખતા જ નથી. જેવી રીતે મનુષ્ય એક વિચાર માત્ર નથી, દેશની ભાવના મૃગજળ નથી પણ પ્રત્યક્ષ છે તેવી રીતે મનુષ્યજાતિ પણ સજીવ છે. માણસોમાં અને પ્રજાઓમાં હજી સુધી તે સજીવ થઇ નથી, છતાં પણ જાણ્યે અજાણ્યે જીવે છે.—બધાની સામાન્ય માતા તે છે. તે બધાંને સરખે ભાવે ભેટે છે. સઘળાના જીવનનો આધાર તેણીના ઉપર છે. તેની શક્તિને લીધેજ બધામાં મનુષ્યત્વનું લોહી ફરે છે.

મનુષ્યત્વની સજીવન ભાવનાનું શરીર પણ સજીવ છે, બધી પ્રજાઓ તેનાં અંગ રૂપ છે. તેનું હૃદય જીવતું છે—કદાચ અત્યારે માણસોને ભલે તેના ધબકારા ન સંભળાય–!

મનુષ્યજાતિની ભાવના રૂપી શરીરને વિચાર કરનાર મગજની જરૂર છે. તેને માટે પ્રજાઓમાંથી એવા એવા માણસોને ભેગા કરવા જોઇએ, કે જેમનામાં મનુષ્યત્વના વિચારો પ્રાધાન્ય પામેલા હોય. તેઓજ માણસ જાતને દોરી શકશે.

આજકાલનાં શહેરોની સત્તા પ્રજાઓમાં આટલો ફેર કરી શકી તો પછી મનુષ્યજાતિનાં બધાં બળો એક કરવાથી શું ન થઈ શકે?

અરે મનુષ્ય! ધૂળમાં રગદોળાતા મનુષ્ય! અત્યારે નારે પોતાને હાથે તું તારી જાતિનો નાશ કરી રહ્યો છે-પણ હવે તારા આ રૂઢાતી નાંખવાનો સમય આવી પૂગ્યો છે. મનુષ્યજાતિની નવી નવી ભાવનાને તું ઝીલ અને તારામા ...મ થવા દે!

...જતની જુદી જુદી પ્રજાઓ! અત્યારે ...ભેલા શરીરના અવયવો ...ઝૂહાણુ ...

નારા અવયવો છો.! તમારા આત્મ ... અંત આવી ગયો છે. તમારે ફકત હવે એકજ વાત જાગવાની રહી છે ને એક તમે બધા એકજ શરીરનાં જુદા જુદા અવયવ રૂપ છો--તમારા શરીરોમાં એકજ લોહી વહી રહ્યું છે-તમે મનુષ્ય છો એ વાત જાગૃત થઇને જુવો! અને હે અનંત પ્રભો!

અને પ્રજામાં વ્યક્ત પ્રભો! સમય આવ્યો છે! ...ચત કર!